RNI NO. MAHBIL/2013/50453

પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 3 • JUNE, 2017 • PAGES 44 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૫ (કુલ વર્ષ ૬૫) અંક-૩ • જૂન, ૨૦૧૭ • પાના ૪૪ • કિંમત રૂા. ૩૦/-

જિન-વચન

શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી

जहा सूई ससुत्ता पडिआ न विणस्सइ ।
तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ ।।
(ઉ. ૨૯-૫૯)

જેમ દોરો પરોવેલી સોય પડી જાય તો પણ ખોવાઈ જતી નથી, તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.

Just as a threaded needle does not get lost even when it falls on the ground, similarly the soul with knowledge of scriptures is not lost in the world of birth and death.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઓગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી	(૧૯૨૯ થી ૧૯૩૨)
ચંદ્રકાંત સુતરિયા	(૧૯૩૨ થી ૧૯૩૭)
રતિલાલ સી. કોઠારી	(૧૯૩૩ થી ૧૯૩૩)
તારાચંદ કોઠારી	(૧૯૩૫ થી ૧૯૩૬)
મણિલાલ મોહકમચંદ શાહ	(૧૯૩૯ થી ૧૯૫૧)
પરમાનંદ કુંવરજી કાપડિયા	(૧૯૫૧ થી ૧૯૭૧)
જટુભાઈ મહેતા	
ચીમનલાલ ચકુભાઈ શાહ	(૧૯૭૧ થી ૧૯૮૧)
ડૉ. રમણલાલ ચી. શાહ	(૧૯૮૨ થી ૨૦૦૫)
ડૉ. ધનવંત તિલકરાય શાહ	(૨૦૦૫ થી ૨૦૧૬)

આચમન

કંટાળો ન આવે એવું કામ

કર્મશીલ યોગી હોવા છતાં તેઓ જાતજાતની પ્રવૃત્તિઓથી કંટાળી ગયા. જેનાથી કંટાળો ન આવે તેવી પ્રવૃત્તિ શોધતા હતા. અચાનક બોધિસત્ત્વની મુલાકાત થઈ ગઈ. યોગીએ બોધિસત્ત્વને કંટાળો ન આવે એવું કામ સૂચવવા વિનંતી કરી.

બોધિસત્ત્વ: મારું કામ તો 'મારામાં મશગુલ રહેવાનું' છે. આપ પ્રયત્ન કરી જુઓ. એનાથી કોઈ દિવસ કંટાળો નહીં આવે. દુનિયાના બધા જ કામ એવા છે કે જેમાં થોડા વખત પછી કંટાળો આવે, ધરાઈ જઈએ. પોતાનામાં મગ્ન રહેવાથી કોઈ દિવસ કંટાળો નહીં આવે.

યોગી: પરંતુ પોતાનામાં મગ્ન રહેવું એટલે શું?

બોધિસત્ત્વ: આપના મગજમાં ચાલતા વિચારોથી મુક્ત થઈ જાઓ. એકવાર પ્રયત્ન કરો અને આપને કદી કંટાળો નહીં આવે.

યોગીએ પ્રયત્ન કર્યા પરંતુ વિચારો છૂટતા નહોતા. ફરી એકવાર બાબાને મળ્યા અને સલાહ માગી.

બોધિસત્ત્વ: વિચારોને રોકવાના પણ નહીં અને પ્રોત્સાહિત પણ નહીં કરવાના. ફક્ત એને નિહાળો અને આપને અનુભવ થશે કે ધીરે ધીરે તે શાંત થઈ જશે. આધ્યાત્મિક વ્યક્તિ પ્રશ્ન મુક્ત થઈ જાય છે. **

હિન્દી : સંત અમિતાભ અનુ. : પુષ્પા પરીખ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	લેખક	પૃષ્ઠ
૧.	મારું રિમોટ કોના હાથમાં? (તંત્રીસ્થાનેથી)	ડૉ. સેજલ શાહ	૩
૨.	શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનયોગ તથા ભક્તિયોગ	પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ	૭
૩.	જાગૃતિ	ભાણદેવજી	૧૬
૪.	ઉપનિષદમાં ભૂમાવિદ્યા	ડૉ. નરેશ વેદ	૨૦
૫.	કષાયની ઉપશાંતતા	મિતેશભાઈ એ. શાહ	૨૩
૬.	મહામૃત્યુમાંથી અમૃતસમીપે લઈ જતું પુસ્તક :'જિગરના ચીરા'	સોનલ પરીખ	૨૫
૭.	પાંચમો બાહ્યતપ કાય-ક્લેશ	સુબોધીબેન સતીશ મસાલીઆ	૨૭
૮.	વિશ્વવિખ્યાત જૈન વિદ્વાન પંડિત દલસુખભાઈ માલવણિયા	આચાર્યશ્રી વાત્સલ્યસૂરીશ્વરજી	૨૯
૯.	જ્ઞાન-સંવાદ	—	૩૦
૧૦.	ભાવ-પ્રતિભાવ	—	૨૮
૧૧.	સર્જન-સ્વાગત	ડૉ. કલા શાહ	૩૬
૧૨.	The red carpet unfolds again ...an amicable solution to Jain Congregation	Prachi Dhanwant Shah	૩૯
૧૩.	Enlighten yourself by Self Study of Jainology Lesson Seventeen : Jain Art And Architecture	Dr. Kamini Gogri	૪૦
૨૦.	The Story of Bahubali –The son of Rishabhdeva Pictorial Story	Dr. Renuka Porwal	૪૨-૪૩
૨૮.	'જો હોય મારો આ અંતિમ પત્ર તો...' : મૃત્યુનો ઉત્સવ	મોહનભાઈ પટેલ	૪૪



મુખપૃષ્ઠ

હાલેબીડુ, કર્ણાટક રાજ્યના હસન જિલ્લામાં આવેલ છે.

હાલેબીડુ ૧૨મી-૧૩મી સદીમાં હોયશાલા રાજ્યની રાજધાની હતી. કેતામાલાના સમય (1121 AD)માં હોયશાલેશ્વર મંદિર બંધાયું હતું. મંદિરના પરિસરમાં બે હિન્દુ હોયશાલેશ્વર અને કેદારેશ્વર અને બીજા બે જૈન મંદિરો આવેલા છે. આદિનાથ ભગવાનનું મંદિર ૧૨મી સદીમાં બંધાયેલ. મંદિરમાં આદિનાથ ભગવાન અને નૃત્ય કરતાં સરસ્વતીદેવીની કલ્પિતકળાની પ્રતિમાજીઓ છે.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૫ (કુલ વર્ષ ૬૫) ● અંક : ૩ ● જૂન ૨૦૧૭ ● વિક્રમ સંવત ૨૦૭૩ ● વીર સંવત ૨૫૪૩ ● જેઠ વદ તિથિ સાતમ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૩૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

મનનું રિમોટ કોના હાથમાં ?

જૂનનો અંક તમારા હાથમાં આવશે ત્યારે વર્ષાઋતુનો આરંભ થઈ ગયો હશે. માટીની સુગંધ ફેફસામાં ભરી નવજીવનનું વરદાન આપતી, આ સૃષ્ટિ માટે, વર્ષા પરમનો સ્પર્શ છે. પ્રકૃતિના અનંત રૂપો છે. ક્ષણે ક્ષણે પ્રકૃતિ બદલાય છે. પ્રકૃતિ, મનુષ્ય જીવનને અનેક રીતે સ્પર્શે છે. મનુષ્ય જીવનના વિવિધ રંગો પ્રકૃતિથી પ્રભાવિત છે, પરંતુ તે પ્રભાવ મૂક છે. આ પ્રકૃતિનો પ્રભાવ મનુષ્યને વધુને વધુ સજાગ બનાવે છે, આંતર તરફ વાળે છે. મનને સ્થિર કરવા આ પ્રકૃતિનો ફાળો નાનોસૂનો નથી. પણ સામાન્ય રીતે એ મૂક અવાજ કર્ણપટલ સુધી પહોંચતો જ નથી. પણ જે પ્રભાવ બહુ જ સહજ રીતે મનુષ્ય જીવનને પ્રભાવિત કરી રહ્યો છે, તે છે આ ગ્લોબલાઈઝેશનનો પ્રભાવ. જેનો ઘોંઘાટ વર્તાય છે.

આપણું જીવન આ પ્રભાવથી માત્ર અસરગ્રસ્ત નથી પરંતુ આપણી રહેણીકરણી, આ દ્વારા નિશ્ચિત થાય છે. દુનિયાના સર્વાધિક સંપત્તિવાન કહેવાતા બિલ ગેટ્સે ૧૯૯૯માં ૧૫ જેટલી ભવિષ્યવાણી કરી હતી. જે સાચી પડી એટલે ૨૦૧૭ની કરેલી ભવિષ્યવાણી પ્રત્યે વધુ ધ્યાન ગયું. આપણા જીવનમાં જે ટેકનોલોજીનો પ્રવેશ થયો છે, તેનો બહુ મોટો પ્રભાવ છે. આપણા જીવનની અનેક બાબતો આ ટેકનોલોજી નક્કી કરે છે.

ટેકનોલોજી માત્ર વ્યાપારીકરણ પૂરતી મર્યાદિત નથી પરંતુ હવે તેનો પ્રવેશ જીવનમાં, ઘરમાં, સંબંધોમાં થયો છે. માનવ સંવેદનાને કાબૂ કરતી આ ટેકનોલોજી આપણા અસ્તિત્વનો એક ભાગ છે. માઈક્રોસોફ્ટના સ્થાપક પૈકી એક, બિલ ગેટ્સે ૧૯૯૯માં આજના સમયની કલ્પના કરી હતી. ૧૯૯૧માં ઈન્ટરનેટનો આરંભ થયો અને તેના આધારે બિલ ગેટ્સે અમુક ભવિષ્યવાણી કરી જેમાં એવું વિચારાયું કે એક સમય એવો આવશે, જ્યારે દૂર દૂર રહેતા લોકો માટે વાત કરવી, એકબીજાને જોઈને વાત કરવી વગેરે શક્ય બનશે. આજે આપણે જોઈ શકીએ છીએ કે વિડીયો કોલ વગેરેને કારણે આ શક્ય બન્યું છે. તેમણે ત્યારે એમ પણ કહ્યું હતું કે લોકો નાની ડિવાઈસના સંપર્કમાં રહેશે અને આપણે આજે જોઈ શકીએ છીએ કે સ્માર્ટ ફોન આવ્યા. નેટ પર ડેટા એક જગ્યાએ સ્ટોર કરવાની સગવડ આવશે, ડેટા ટ્રાન્સફર કરવાની સગવડ, વગેરે જેવી ભવિષ્યવાણી સાચી પડી છે. ૧૯૯૯માં ટેકનોલોજી સંદર્ભે કરેલી તેમની વાતો યથાર્થ નીવડી છે. આજે વિદેશમાં રહેતી વ્યક્તિ સાથેનો સંપર્ક સહજ બન્યો છે. ૨૦૧૭માં વિશ્વના સીમાડાઓ સંકોચાઈ ગયા છે. પ્રજા આ ટેકનોલોજી દેવતાની ગુલામી સ્વીકારી સગવડોને ઊજવી રહી છે. એવા સમયે બિલ ગેટ્સની ૨૦૧૭ની ભવિષ્યવાણી રસ પડે એવી છે. તેમણે કહ્યું કે આવનારા સમયમાં મોબાઈલને કારણે ગરીબી ઘટશે, ૨૦૩૦ સુધીમાં ૨ બિલીયન લોકો જે લોકો પાસે બૅંક એકાઉન્ટ નથી, એ લોકો મોબાઇલથી બૅંકિંગ વ્યવહાર કરશે. એમણે એવી પણ એક શક્યતા દર્શાવી કે દુનિયામાં ક્લીન એનર્જીનો સોર્સ પ્રાપ્ત થશે. અર્થાત્ અત્યારે જે એનર્જી મળી રહી છે તેમાંથી

> **આ અંકના સૌજન્યદાતા**
>
> **જાસુદબેન કાન્તિલાલ સોનાવાલા**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

વાતાવરણને પ્રદૂષિત કરતાં તત્ત્વો મળે છે, પરંતુ આ નવી એનર્જી મળવાને કારણે દુનિયા બદલાશે, એવું એમને જણાવ્યું. ઉપરાંત રોબોર્ટને કારણે લોકોની નોકરીઓ ઘટશે, જેમકે નાના બાળકો અને વૃદ્ધોનું ધ્યાન રાખવા માટે રોબોર્ટની મદદ લેવાશે, અર્થાત્ માણસો પરની આધારીતતા ઘટશે. રોબોર્ટ પાસે વધુ ને વધુ કામ કરાવાશે. એમના મતે તો ૨૦૩૫ સુધીમાં ગરીબ દેશ જેવું કંઈ રહેશે જ નહીં. આફ્રિકા દેશ પણ પોતાના અન્ન ઉત્પાદન માટે સ્વાવલંબી બનશે. બીજી તરફ એક ભયનજક ભવિષ્યવાણી એવી પણ કરી કે ૩૦ મિલીયનથી વધુ લોકો પેથોજનને કારણે મરવાની સંભાવના છે. પેથોજન અર્થાત્ એવા વાયરસ-બેક્ટેરીયા જે રોગો જન્માવે, જેનાથી રોગોની ઉત્પત્તિ થાય, આવા પેથોજનના નિર્માણને કારણે મૃત્યુની સંખ્યા આટલી ધારી છે.

કેટલીક જોખમી અને કેટલીક અનુરૂપ બાબતોથી આમ તો વિચલિત થવાનું કારણ નથી. પણ જાણે-અજાણ્યે જે આપણા જીવનનું બળ છે એને નકારીને પણ ન ચાલી શકાય. એક તરફ આ યંત્રણા ભલે જીવનનો ભાગ બને પણ મહત્ત્વનું એ છે કે એ યંત્રણાની કેળવણી આપણા હાથ બહાર ન જવી જોઈએ. **અંતરની કેળવણી જો યોગ્ય હશે તો બાહ્ય યંત્રણાને પોષી શકાશે, કાબૂમાં રાખી શકાશે. બાકી પ્રભાવક્ષેત્રની આભા એટલી હોય છે કે ક્યારે કોઈ છત્રી હેઠળ આવી જવાય એનો ખ્યાલ જ નથી રહેતો.** મકાનોને સુવિધાજનક બનાવવાથી ચેતના સહજ નથી બનતી. બાહ્ય સમારકામ એટલું બધું નિષ્ઠાથી કરાય છે કે ન પૂછો વાત. અંતર સુધી એકેય નાદ પહોંચતો નથી, એની પરવા પણ કરાતી નથી. સંસ્થા, સમાજ માત્ર બાહ્ય આડંબરથી નથી ટકી જતો. આત્માના સ્વાસ્થ્યનું શું? દંભને એટલો પોષાય છે કે મૂળ અસ્તિત્વની ઓળખ જ ચાલી ગઈ છે અને અરીસા સામે જ્યારે ઊભા રહીએ ત્યારે ખબર જ ન પડે કે–

હું કોણ છું?

હું એ જ છું, જે બધાને ગમું છું?

હું એ જ છું, જેની ચારે તરફ વાહવાહ બોલાય છે?

હું એ જ છું જેની પોતાને જ જાણ નથી?

તો એના જેટલી મોટી કરુણતા કોઈ નથી. **અભાવમાં જે કેળવાય, તે ભાવ સાચો નથી. સાચા ભાવની સમજ સ્થિર અને સંતુષ્ટ મને જ થતી હોય છે.** પણ એ પહેલાં સાચો ભાવ શું છે, એ તો સમજીએ! આજે આપણે આપણી જાણ બહાર જ બંધાઈ ગયા છીએ. સગવડો અને સુખની વ્યાખ્યા અંગેની ગેરસમજોથી ઘેરાઈ ગયા છીએ. બધું જ જોઈએ છે, પણ એમાંથી કેટલું ઉપયોગી છે એની કેળવણી–સમજ તો જાતે જ કેળવવી પડશેને?

ક્ષણે ક્ષણે જે વ્યવહાર આપણી આજુબાજુ થાય છે એની પ્રતિક્રિયા રૂપે જે અનુભવાય છે, તે ક્ષણિક ભાવ છે. નિરંતર ભાવ પર એની અસર ન થવી જોઈએ. પ્રતિક્રિયાના ભાગ રૂપે આપણે નિર્ણાયક બની જઈએ છીએ. કોઈકના શબ્દોને આધારે આપણે એને નિર્ણય સંભળાવીને કહી દઈએ છીએ કે એ મનુષ્ય તો આવો જ છે, પરંતુ કોઈ પણ વ્યક્તિને કોઈ પણ **વિશેષણ**ના ચોકઠામાં મૂકનાર આપણે કોણ? ધર્મે, તો કરુણાભાવનો તરાપો ઝાલવાનું કહ્યું છે. સાથે સાથે અન્ય પ્રત્યે વિસંગત ભાવ ન ધરવા માટે આત્માને સ્થિર રાખવા કહ્યું છે. પ્રતિક્રિયા અને મૂળ ભાવમાં ભેદ છે. ક્ષણિક આવેગ આપણા અંતરઆત્માને મલિન ન જ કરી શકે. મારા સિવાયની કોઈ પણ વ્યક્તિ અંગે નિર્ણય પસાર કરતાં પહેલાં મારે મારા અંતરઆત્માને પૂછવાનું છે કે આ નિર્ણયની ઘડીએ હું કેવો છું? બહુ અઘરું છે. આદર્શોને વ્યવહારમાં, જીવનમાં મૂકવું.

પ્રભાવ અને યંત્રણાને બાજુ પર મૂકીએ તો પણ જીવનમાં આગળ જતાં અફસોસ ન થાય, એ માટે અભિગમ પણ સમજવો જરૂરી છે. અભિગમ જાત પ્રત્યેનો, જીવન પ્રત્યોનો, અન્ય પ્રત્યેનો અને અંતે પોતા પ્રત્યેનો. હું દોડવાની રેસ નહીં જ જીતી શકું, એનો અર્થ એ નથી કે હું રેસમાં ભાગ નહીં લઉં. હું રેસમાં ભાગ લઈશ, મારી નજર અંતિમ જે મુકામ છે, તેના તરફ રાખી હું દોડીશ. આ દોડતી વખતે હું આજુબાજુ નથી જોતી. મારું ધ્યાન પ્રેષકગણમાં કોણ કોણ છે, એ તરફ નથી હોતું, મારા કપડાં કેવા દેખાય છે, એ તરફ પણ નથી હોતું. મારું સમગ્ર ધ્યાન માત્ર એક જ બાબત તરફ હોય છે, રેસ ચાલુ કરવા માટેની પિસ્તોલનો અવાજ, ક્યારે આવે અને એ અવાજ સાથે મારું સમગ્ર મન અને એની શક્તિ, મારા શરીરને આદેશ આપે દોડવાનો, શરીરના પ્રત્યેક અંગ એ દોડવામાં સહાય બને, આંખની નજર દોડવાના રસ્તા પર અને મંજીલ પર, હાથ, પગ, બધું જ માત્ર અને માત્ર મંજીલ તરફની કૂચ તરફ. કોઈ જ સંશય

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે છે.

૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

વગર દોડતાં રહેવું. જો દોડતી વખતે સંશય ભળ્યો કે પછી બાજુ વાળા કેટલું દોડ્યાં એવો પ્રશ્ન જન્મ્યો તો ઝડપ આપોઆપ ઓછી થઈ જાય અને મંજીલ ભણીની કૂચ નબળી પડે. જો દોઢ મિનિટની આ દોડની જેમ સતત મન પણ પોતાની મેળે નિશ્ચિત કરેલી મંજીલ તરફ હંમેશ માટે દોડતું રહે તો કેવું? જ્યારે આવી દોડ, હારતાં હોઈએ છીએ ત્યારે સામાન્ય રીતે સ્પર્ધક પોતાની જ ભૂલ જુએ છે કે મારાથી દોડાયું નહીં, આમ થયું હતું, તેમ થયું હતું, વગેરે. બાજુવાળાને લીધે હાર્યા એવું સામાન્ય રીતે રમતવીર નથી કહેતો, પરંતુ જીવનની રેસમાં થાપ ખાઈ જવાય છે. બધા જ આદર્શો જાણવા છતાં ભૂલી જવાય છે અને વર્તન સાથે મેળ બેસાડી શકાતો નથી, આટલું વજન અંદર ભર્યું છે તો ઝડપથી કેવી રીતે દોડાશે અને જીતાશે કેવી રીતે મન મારા? જેટલી પોટલીઓ મળે છે એ ભેગી કરીને ઉર્ધ્વ દિશામાં નહીં જવાય. હળવાં થતાં જવાનું છે, મૂકતાં જવાનું છે. સંચિત જાણકારીનો ભાર વધવો ન જોઈએ, સંચિત જ્ઞાનથી વધુ હળવા બનતાં શીખવું પડે છે.

ભર્યા ભર્યા સરોવરો, સંઘર્યા કંઈક વર્ષો
અમૂલ્ય જણસ જીવનની જાણી, કાળજે કોતરી સજાવ્યા.
અભાવે ભાવને છેતર્યા, સ્વભાવે ભાવને દોર્યા
ઊંચક્યાં, ઉલેચાય નહીં એવા સ્પંદનો પાથર્યાં.
ગાબડાં પાડો આ ભીંતોમાં ને તોડો બાંધ્યાં બંધનો
મુક્તિ પામો મન તણી, મુક્તિ ઝંખો હું તણી.

* * * * *

જાણીતી ગરુડની વાર્તાને યાદ કરી જીવી લેવાની છે. ગરુડની સ્ફૂર્તિ વિશે કોઈ શંકા નથી. આકાશમાં પાંખ ફેલાવીને ઊડતાં ગરુડને જોઈ સહુ કોઈને એના જેવા બનવાની ઝંખના થાય. પરંતુ ૭૦ વર્ષનું લાંબું આયુ ભોગવતા ગરુડ માટે આયુષ્યનો પાંચમો દાયકો બહુ પીડાદાયક હોય છે. તેના શિકારી નહોર નબળાં પડી જાય છે, તેની તીક્ષ્ણ ચાંચ વાંકી વળી જાય છે, વયોવૃદ્ધ જાડા પીંછાની પાંખનું વજન ભારે લાગે છે. આ સમયે હારેલો ગરુડ મૃત્યુને બદલે રૂપાંતરની પ્રક્રિયામાંથી પસાર થવાનું પસંદ કરે છે. આ પ્રક્રિયા ૧૫૦ દિવસની હોય છે. પરિવર્તનની આ પ્રક્રિયાની પીડાના સમયે ધીરજ ધરી પર્વતની ટોચ પર બેસવું પડે છે, વળી ગયેલી ચાંચને પર્વત સાથે અથડાવી જાતે તોડવી પડે છે. નહોરને પણ જાતે જ તોડવા પડે છે અને રાહ જોવી પડે છે, નવી ચાંચ અને નહોર ઉગે એની. છેલ્લે પાંખના પીંછા પણ જાતે જ ખેરવવા પડે છે અને પછી પાંચ મહિને નવાં પીંછાં આવે છે. જે એક સમયે પોતાની શક્તિ, ગર્વનું પ્રતીક હતું, તેને જાતે જ તોડવું, નાશ કરવો અને પછી નવા શક્તિ રૂપી અંગોની પ્રતીક્ષા કરવી–આ જીવન કેવી અદ્ભુત સમજ આપે છે. જે જ્ઞાન મેળવ્યું, ગૌરવ મેળવ્યું, જે સમર્થતા અભિમાની બનાવે તેને ઓગાળી નવજન્મ પામવો. બહુ અઘરું છે ભૂતકાળની જર્જરિત સમૃદ્ધિ, વિટંબણાઓથી મુક્તિ. પણ નવા સામ્રાજ્યના આરંભ માટે એનો વિનાશ એટલો જ આવશ્યક છે.

વિનાશ અને સર્જનની ક્ષણ ભિન્ન ક્યાં છે? મહત્ત્વનું એ છે કે જે વિનાશ પામ્યું, એના અનુભવે સર્જનની ક્ષણોમાં શું ભાગ ભજવ્યો? સ્મૃતિ, ટેવ, જણસ, મનપસંદ બોજાઓથી મુક્ત થવું પડે, સરળ નથી હોતું, સગવડના કોચલાની ઇંટને તોડી, નવા વાડા બાંધવા. નવા વાડા બાંધવા પણ શું કામ? નવી મુક્તિમાં પણ રહી શકાય. વાડા વગરનું આકાશ વધુ સમજદાર અને જવાબદારીભર્યું બનાવે છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ પ્રત્યેક બંધન તો આપણા સ્વીકારથી જ બંધન બને છે. એ કોઈ બાહ્ય પ્રક્રિયા નથી, આંતરિક રીતે મુક્ત થવું પડે. **મુક્તિ સાથે વિહાર અને વિહાર સાથે હળવાશ, હળવાશ સાથે સમજણ**, અને સમજણમાં ન્યાય, કરુણા, પ્રેમ, સૌમ્યતાનો સમન્વય થાય ત્યારે ઊંચાઈ સાથેની ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય. જો ઊંચાઈમાં પાંખોનો ફફડાટ ન હોય, કલરવનો ઘોંઘાટ ન હોય, માત્ર અંતર સાથે પરમની અનુભૂતિની ક્ષણ, જે ન વર્ણવી શકાય, ન સ્પર્શી શકાય, માત્ર વર્તન દ્વારા પહોંચી શકાય.

ગ્લોબલાઈઝેશનના ફફડાટ, ઘોંઘાટની વચ્ચે ગરુડની ઊંચાઈને યાદ રાખવાની છે. પરિવર્તન સમયે જે સમતા ધારી શકે, તે સંબંધ અને જાત જીતી જાય છે. બાકી, 'હું તો આવો જ છું' કહી પોતે પોતાના તોરમાં ચાલતા માનવીને કંઈ ન કરી શકાય. અમુક પ્રવાસ એકલા જ ખેડવાના હોય પણ એનો તોર ન હોય. ગરુડને આકાશનો ગર્વ ન હોય. જે ક્ષણે ઊંચાઈનું ભાન થયું, ભાનથી ગર્વ

પર્યુષણ પ્રસંગે પ્રકાશિત થશે

'ભારતીય ગુરુ પરંપરા' વિશેષાંક

પર્યુષણ પ્રસંગે ઑગસ્ટ ૨૦૧૭નો 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક 'ભારતીય ગુરુ પરંપરા' વિષય પર રહેશે.

આ અંક પર્યુષણ પહેલાં પ્રગટ થશે.

ભારતમાં ગુરુનું મહાત્મ્ય પ્રથમથી રહ્યું છે. ગુરુ અને ઇશ્વર બંને સાથે ઊભા હોય ત્યારે પ્રથમ ગુરુને વંદન કરીએ છીએ, કારણ ઇશ્વર સુધી જવાનો મારગ ગુરુ જ દર્શાવે છે.

દરેક ધર્મની ગુરુ પરંપરા ભિન્ન રહેવાની, ચાલો સાથે મળી આ ગુરુ મહાત્મ્યના વિશેષાંકમાં જોડાઈએ.

આ વિશેષાંકના વિદ્વાન સંપાદક શ્રી રમજાન હસણિયા છે.

લેખ માટે એમનો સંપર્ક કરવો: ૦૭૫૬૭૦૬૪૯૯૩.

પ્રભાવના માટે આગોતરી જાણ ઑફિસ પર કરવી: ૦૨૨ ૨૩૮૨૦૨૯૬

થયો અને ગર્વથી પોરસાયા, તે ઘડીએ ઊંચાઈ કકડભૂસ થઈ જાય છે.

વેદના અંદરથી સૌમ્ય બનાવે અને કરુણા એટલે માત્ર જીવહિંસા નહીં, મનુષ્ય હૃદયની હિંસા પ્રત્યે પણ જાગૃત રહેવું પડે. બાકી રોબોર્ટ કાર્ય કરી શકે, કેળવણી માટે તો ગુરુ જ જોઈએ. બાળકને સંભાળવાનું કાર્ય યાંત્રિક રીતે તો કરી શકાય વધુ હાઈજેનીકલી અને વ્યવસ્થિત રીતે પરંતુ વાત્સલ્ય સ્પર્શની ભાષા જો પેઢીમાંથી નષ્ટ થઈ જાય તો સર્જન કેવું હશે?

યંત્રોનું રિમોટ મનુષ્યના હાથમાં હોવું જોઈએ, મનુષ્યનું રિમોટ યંત્રના હાથમાં નહીં. કોઈ કોઈનાથી દોરવાય એવા સમાજની આવશ્યકતા નથી? સમાજની કેળવણીમાં જ વૈચારિક પ્રગતિની શક્યતાઓ નિર્માણ કરવી. સંસ્થા વ્યક્તિને બાંધવા માટે નથી હોતી, વ્યક્તિ વિકાસ સાથે સંસ્થાનો વિકાસ થાય છે, સંસ્થાના વિકાસ દ્વારા વ્યક્તિનો વિકાસ આધારીતતા જન્માવે છે. સમાજે, સંસ્થાએ શક્તિમત્તાનું ગૌરવ કરવાનું છે, પરંતુ મૂળ ઉદ્દેશ્ય માટે જમીન અને ખાતર પ્રત્યે ધ્યાન આપવાનું છે, નહીં કે ફળની ગણતરીમાં. જોડાણનું ગૌરવ હોય, બંધન નહીં. દરેકે એક વાત યાદ રાખવા જેવી છે કે સન્માન હંમેશા સમય અને સ્થિતિ આધારિત હોય છે. પરંતુ વ્યક્તિ એને પોતાને કારણે સમજે છે.

* * * * *

હમણાં જ એક મહિના પહેલાં ૧૪મી મેના રોજ 'મધર્સ ડે' ગયો. બધાએ જઈને પોતપોતાની માને શુભેચ્છાઓ આપી અને 'મા' એ સંતાન માટે જે કર્યું છે તે અંગે પોતાનું માથું નમાવ્યું. એક મા હળવું હસી અને એને પૂછ્યું, 'એટલે હવે માત્ર આજનો દિવસ જ દિવસ આ કાર્ય કરવાનું, બાકી અમને રજા.' સંતાને કહ્યું કે 'ના, મા, આ તો એક દિવસ પ્રતીક રૂપે ઉજવણી. માએ જે વાત કહી, તે કોતરાઈ જાય તેવી છે, 'આ એકબીજાનું જોઈને ચાળા પાડવાનું રહેવા દો તો સારું. એ બહારના દેશના લોકો, ભેગા ન રહે, એટલે એક-એક દિવસ ઉજવે. એ બહાને ભેગા થાય, હળે-મળે અને છૂટા પડે. આપણે ત્યાં એવું નહીં. તમે જ્યારે ટ્રેનમાં જાઓ ત્યારે તમારી ટ્રેન અમુક સ્ટેશને ઊભી જ રહે. તમે હા પાડો કે ના, ગમે તેટલું મોડું થતું હોય તો ઊભી જ રહે. એક ગંતવ્ય સ્થાને પહોંચવા માટે અમુક સ્ટેશને રોજે રોજ ઊભા રહેવું જ પડે. એમ જીવનને બેલેન્સ રાખવા અમુક સંસર્ગમાં રહેવું પડે અને નહીં તો ટ્રેન પાટા પરથી ખસી જાય, દીકરા.' એક દિવસની શુભેચ્છાઓથી બાકીના ૩૬૪ દિવસ માટે ન મળવાની જવાબદારીમાંથી નથી છૂટી શકાતું. કારણ 'મા' તો રાહ જોશે, પણ જીવનમાં 'મા'ને રાહ જોવડાવવાની શિક્ષા ક્યારે, કયા રૂપે આપવી પડશે, એ અંગે કંઈ કહેવાય નહીં. મૂલ્યો અને કેળવણીની નિશાળ માતાથી શરૂ થાય છે અને એ ટકી રહે છે એમના સંસર્ગમાં રહેવાને કારણે જ. બાકી એક દિવસ કેટલીક લાગણીઓ માટે પૂરતો નથી જ.

'મા' એ જીવનનું એવું બળ છે, જે સતત હૂંફ, ઊર્જા, બળ અને સચ્ચાઈ આપે છે. આ લાગણીને કોઈ પણ લાગણી સાથે તુલના કરી માપી શકાતી નથી. આજે જે કંઈ પણ મેળવ્યું છે, તેમાં તેણે આપેલી સમજણ ભાગ ભજવે છે. જેમ વૃક્ષ હૂંફ દ્વારા વધુ વિકસે છે તેમ મનુષ્ય પણ જીવનમાં કોઈ પણ સમયે 'મા'ની હૂંફથી સભર થતો હોય છે. નાની-નાની ઇચ્છા પૂરી કરતી 'મા' પ્રત્યે આપણે એટલા બેજવાબદાર હોઈએ છીએ, કારણ ખાતરી હોય છે કે 'મા' તો 'મા' જ છે અને એ બધું ચલાવી લેશે. રોજ ઊગતો સૂર્ય, ધાન ઉગાડતા ખેડૂત કે જીવન આપતા જળ પ્રત્યે આપણે ક્યાં જાગૃત છીએ કે 'મા' પ્રત્યે હોઈએ! પોતાનો હક્ક સમજી આ જીવનસ્રોતને માણીએ છીએ. પ્રકૃતિ ભલે કશું ન ઇચ્છે પણ જાળવણી ઇચ્છે છે, એમ મા પણ આપણો સમય ઝંખે છે. એકાદ ફોન, થોડીક વાત, એ માને આપણા સુખરૂપ હોવાની ખાતરી આપે છે, અને એ જ બાબત એના જીવનને આનંદીત રાખે છે. કોઈ પણ શરત વગર માત્ર એકતરફી એવો સંબંધ પૃથ્વી પર બીજો ક્યો? મારા અસ્તિત્વને જેણે મલિન થતું બચાવ્યું, જેણે મારા અસ્તિત્વને આકાર આપ્યો, જેણે મારા નામ પાછળ પોતાના નામની ઝંખના પણ ન કરી, જેના જીવનમાં 'ઇશ્વર' જેટલું જ મહત્ત્વ 'સંતાન'નું રહ્યું, એ 'મા'ને એક દિવસ પછી પણ યાદ કરીએ એમાં આપણું ગૌરવ છે.

* * * * *

કબીર જયંતી નિમિત્તે એક દૂહા સાથે,

જીત ખોયા, તીત પાયા, ગહરે પાની પેઠ,
મૈં બપુરા બૂડન ડરા, રહા કિનારે બૈઠ.

ઊંડા પાણીમાં ડૂબકી માર્યા સિવાય, પડકાર ઝીલ્યાં સિવાય, ક્યાં કશું મળે છે. ડરી ડરીને કિનારે બેઠા રહેનારના હાથમાં કશું નથી આવતું સિવાય કે રેતી.

વર્ષાનાં વધામણાં.

❑ સેજલ શાહ
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

નથી જ દૂર

ના, ના, નથી દૂર નથી જ દૂર
જ્યાં વિશ્વ બંધાયું અલક્ષ્ય તાંતણે
તારાગણો સાથ અહીં કણે કણે
સામીપ્યના ઝંકૃત કોઈ સૂર.

બજી રહ્યાં નીરવના નૂપુર
અગાધ શૂન્યે, વિરહી ક્ષણે ક્ષણે
મળી રહ્યા નિત્ય અદીઠ આપણે
વિયોગ જ્યાં ખંડિત, ચૂર, ચૂર.

તો દૂરતા પાસ દરિદ્ર પ્રાણે
ના માગવું કાંઈ, પરંતુ નેહે
ડૂબી જવું અંદર, જ્યાં જુદાઈ
જેવું ન, એકત્વ વિદાયટાણે.

બંસી બજાવે નિજ ગૂઢ ગેહે
સદા મિલાપે, સુણ ઓ મિતાઈ!

❑ મકરન્દ દવે

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનયોગ તથા ભક્તિયોગ

☐ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

આ અંધકારવ્યાપ્ત ગહન સંસાર-અરણ્યમાં ભટકતા જીવોનું ભવભ્રમણનું દુઃખ જોઈ જેમને કરુણા ઊપજી છે એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ અજ્ઞાની જીવોનું પરિભ્રમણ અટકાવવા, તેમને ચતુર્ગતિમાંથી છોડાવવા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પવિત્ર, આત્મહિતકારી વાણી પ્રકાશી છે. મોક્ષપ્રાપ્તિનો મહાન હેતુ સાધી શકાય એવી બોધપ્રદ શૈલીથી આ ગ્રંથ લખાયો છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના કરીને શ્રીમદ્જીએ આત્મશાંતિનું ઔષધ પાયું છે. તેની એક એક ગાથામાં તેમણે આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવાં અનેક ગૂઢ રહસ્યોને વ્યક્ત કર્યાં છે. તેની પ્રત્યેક પંક્તિમાં આત્માનો મહિમા છે, ભાવની વિપુલતા છે અને આદર્શની ઊંડાઈ છે. તેમાં શ્રીમદ્જીએ તત્ત્વજ્ઞાન સાથે ભક્તિ પીરસી છે. જ્ઞાન અને ભક્તિનો સંગમ થઈ તેનો પ્રવાહ શુદ્ધ સત્તારૂપ મહાસાગર તરફ જાય છે. જ્ઞાન અને ભક્તિના ભાવોથી ભરપૂર આ ગ્રંથ સાધકોમાં અપૂર્વ ઉલ્લાસ જાગૃત કરે છે.

મહાન પૂર્વાચાર્યોએ જુદાં જુદાં રૂપે ગદ્ય-પદ્યમાં જ્ઞાનયોગનું સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રીમદ્જીએ પણ અધ્યાત્મવિકાસમાં જ્ઞાનયોગની આવશ્યકતાને લક્ષમાં રાખી, પૂર્વાચાર્યોની પરંપરાનો આધાર ગ્રહી, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તેનું નિરૂપણ કર્યું છે. તેમણે અગાધ શાસ્ત્રસમુદ્રનું દોહન કરીને આ ગ્રંથમાં સારરૂપ તત્ત્વ નિરૂપિત કર્યું છે. તેમણે જ્ઞાનયોગનો અદ્ભુત મહિમા કાવ્યાત્મક શૈલીથી સાધકો સમક્ષ નિદર્શિત કર્યો છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના માનવભવનું સાર્થકપણું નથી. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વરૂપનો નિર્ણય તથા નિશ્ચય અને સ્વરૂપાનુસંધાનનો અભ્યાસ આવશ્યક છે. 'હું કોણ છું?', 'મારું સ્વરૂપ કેવું છે?', 'મારો આત્મવૈભવ કેવો મહાન છે?', 'મારામાં કેવાં ગુણરત્નોનો ભંડાર છે?' ઇત્યાદિનો વિચાર કરી જીવ સ્વસ્વરૂપનો નિશ્ચય કરે તો નિજસ્વરૂપની પ્રાપ્તિ માટે ઝૂરણા થાય, ચૈતન્યપદનો અપૂર્વ મહિમા જાગે અને તેનો ઉપયોગ અંતરમાં વળે. સ્વરૂપસન્મુખતાનો અભ્યાસ વધુ દૃઢ થતાં આત્મચિંતનમાં ઊંડાણ વધે. વિકલ્પો ઉત્તરોત્તર સૂક્ષ્મ થતા જઈ, કોઈ ધન્ય પળે સર્વ વિકલ્પોનો અભાવ થઈ નિર્વિકલ્પ સ્વસંવેદન થાય અને જીવ આત્માનંદનો અનુભવ કરે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવગાહન કરતાં કહી શકાય કે શ્રીમદ્જીએ જ્ઞાનયોગની સમસ્ત પ્રક્રિયાને તેમાં ગૂંથી લીધી છે. તેમણે તેમાં જ્ઞાનયોગના બહુમૂલ્ય સિદ્ધાંતોનું સ્પષ્ટ અને સુરેખ પ્રતિપાદન કર્યું છે, જ્ઞાનયોગને લગતા અનેક વિષયોને આવરી લીધા છે. તેમણે જ્ઞાનયોગ સાધવાની વિધિ, વિચારનું માહાત્મ્ય, તત્ત્વવિષય, જ્ઞાનયોગ ગ્રહણ કરવા માટે પાત્ર તથા અપાત્ર જીવોનાં લક્ષણ, જ્ઞાનયોગને સિદ્ધ કરનારા જીવોની દશા આદિ વિષયોનું તેમાં નિરૂપણ કર્યું છે. તેમણે જીવને સંસારથી વૈરાગ્ય જાગે, વસ્તુસ્વરૂપ સમજાય અને ભેદજ્ઞાન થાય તે અર્થે જુદા જુદા વિષયોની ચર્ચા કરી, જ્ઞાનયોગનાં ઉત્તમ રહસ્યોને તેમાં ગૂંથી લીધાં છે. સંસારગ્રીષ્મના તાપથી આકુળ થયેલા જીવોને આ પવિત્ર બોધ મેઘની જળધારા સમાન શીતળકારી છે. સંસારરૂપી ખારા પાણીના સમુદ્રમાં પ્રવાસ કરતા તરસ્યા જીવોને આ ગ્રંથ શીતળ અમૃતરસના ઝરણા સમાન છે. તેની એક એક ગાથા અતિમાર્મિક અને ગંભીર ભાવોથી ભરેલી છે. જ્ઞાનયોગની ગહનતા ગ્રંથની ગરિમાને વધારે છે.

શ્રીમદ્જી જ્ઞાનયોગનું માહાત્મ્ય જાણતા હોવાથી તેમણે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનવિચારણા ઉપર ખૂબ ભાર મૂક્યો છે. જ્ઞાનવિચાર દ્વારા આત્મા ઉપર લક્ષ કેન્દ્રિત થાય છે. સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એક આત્મજ્ઞાન છે અને તે આત્મવિચાર વિના ઉદ્ભવતો નથી, તેથી આત્મજ્ઞાનના કારણરૂપ એવી અપૂર્વ આત્મવિચારણાને જાગૃત કરવા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અમૂલ્ય સદ્બોધ આપવામાં આવ્યો છે. તેમાં દર્શાવાયેલો સદ્વિચારનો મહિમા તરત ધ્યાન ખેંચે છે. શ્રીમદ્જીએ તેમાં તત્ત્વવિચારણા કરવા પ્રેરણા કરી છે અને આત્મસ્વરૂપની વિચારણામાં સ્થિર રહી, આત્માની ઉન્નતિ કરવાનો ઉપદેશ આપ્યો છે. આત્મવિચારને તેમણે આપેલ પ્રાધાન્યનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે તેમણે ગાથા ૨માં **'વિચારવા આત્માર્થીને'**, ગાથા ૧૧માં **'ઊગે ન આત્મવિચાર'**, ગાથા ૧૪માં **'તે તે નિત્ય વિચારવા'**, ગાથા ૨૨માં **'સમજે એહ વિચાર'**, ગાથા ૩૭માં **'એમ વિચારી અંતરે'**, ગાથા ૪૦માં **'તે બોધે સુવિચારણા'**, ગાથા ૪૧માં **'જ્યાં પ્રગટે સુવિચારણા'**, ગાથા ૪૨માં **'ઊપજે તે સુવિચારણા'**, ગાથા ૫૯માં **'અંતર કર્યે વિચાર'**, ગાથા ૭૪માં **'જુઓ વિચારી ધર્મ'**, ગાથા ૧૦૬માં **'પૂછ્યાં કરી વિચાર'**, ગાથા ૧૧૭માં **'કર વિચાર તો પામ'**, ગાથા ૧૨૮માં **'વિચારતાં વિસ્તારથી'**, ગાથા ૧૨૯માં **'ઔષધ વિચાર ધ્યાન'**, ગાથા ૧૪૧માં **'સ્થાનક પાંચ વિચારીને'** એમ કુલ ૧૫ વાર 'વિચાર' શબ્દનો પ્રયોગ કર્યો છે. **'કર વિચાર તો પામ'** એ સૂત્રમાં તો સમસ્ત જ્ઞાનયોગનો સાર સમાઈ જાય છે.

આત્મવિચાર એ આત્મજ્ઞાનનું કારણ છે, પરંતુ આત્મવિચાર

છૂટ્યા પછી જ આત્માનુભૂતિ થાય છે. જેમ વાંદરાને કોઈ એક ઝાડની પહેલી ડાળથી પચ્ચીસમી ડાળે પહોંચવું હોય તો તે પહેલી ડાળથી બીજી ડાળ ઉપર અને બીજીથી ત્રીજી ઉપર, એમ પહેલાંની ડાળોને છોડતો છોડતો વચ્ચેની ડાળો ઉપર પકડ જમાવીને કૂદતો કૂદતો પચ્ચીસમી ડાળ ઉપર પહોંચે છે. જેમ વચ્ચેની ડાળોને પકડ્યા વિના પચ્ચીસમી ડાળે પહોંચાતું નથી, તેમ તે ડાળો છોડ્યા વિના પણ પચ્ચીસમી ડાળે પહોંચાતું નથી. તેવી જ રીતે વિચારને છોડ્યા વિના સ્વસંવેદન થતું નથી, પરંતુ એ ભૂમિકા સુધી પહોંચવા માટે આત્મવિચાર આવશ્યક પણ છે જ. વિસ્તારપૂર્વક વિચાર કરવાથી જીવાજીવનું સ્વરૂપ યથાર્થપણે સમજાય છે, જ્ઞાન અને ક્રિયાની વિશુદ્ધિ થવાથી સમ્યક્ત્વનો ઉદય થાય છે, સંયમમાં દૃઢતા થાય છે અને પરિણામે મોક્ષ થાય છે; તેથી શ્રીમદ્જીએ મુમુક્ષુઓને વારંવાર આત્મવિચારણા કરવાની ભલામણ કરી છે.

વિચારનું મહત્ત્વ દર્શાવવા સાથે શ્રીમદ્જીએ કેવા પ્રકારના વિચાર કરવા એ પણ આ ગ્રંથમાં સમજાવ્યું છે. તેમણે સાદી સરળ ભાષામાં તત્ત્વજ્ઞાનનો વિષય ગૂંથી, તેની વિચારણા કરવા જણાવ્યું છે. તત્ત્વજ્ઞાનથી સભર એવા આ શાસ્ત્રમાં તેમણે આત્મતત્ત્વની પ્રાપ્તિનું રહસ્ય દર્શાવ્યું છે. દેહભાવ છોડીને આત્મામાં સ્થિતિ કરવાનું તેઓ ભારપૂર્વક જણાવે છે. તેમનો ઉદ્દેશ આત્મા અને પુદ્ગલ વચ્ચે ભેદજ્ઞાન કરાવવાનો છે, તેથી આત્મા કેવો છે અને તેનું યથાર્થ રૂપ કેવું છે તે તેમણે પ્રગટ કર્યું છે. તેમણે સમગ્ર દર્શન અને તત્ત્વજ્ઞાનના આધારભૂત એવાં આત્માનાં છ પદનું સ્પષ્ટ અને સચોટ આલેખન કર્યું છે. આ છ પદનું નિરૂપણ તેમણે સુવિચારણા પ્રગટાવવા કર્યું છે. આ પ્રયોજન દર્શાવતાં તેઓ લખે છે –

'ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહી.' (૪૨)

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદ સંબંધીનું ક્રમબદ્ધ, તર્કબદ્ધ, સુવ્યવસ્થિત, વિકાસોન્મુખી, અત્યંત વ્યાપક અને ગહન જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમણે છ પદ સંબંધી ઊઠનારા પ્રશ્નોનાં સહજ સમાધાન આપ્યાં છે, કારણ કે એવા પ્રકારની શંકાઓ રહે તો જીવને આત્મસ્વરૂપ સંબંધી નિઃશંકતા આવતી નથી. મુક્તિમાર્ગે છ પદની ઉપયોગિતા અને મહત્તાનો નિર્ણય ન થયો હોય તો આત્મમય રહેવાનો પુરુષાર્થ જાગૃત થતો નથી. આ વાતને ધ્યાનમાં રાખીને શ્રીમદ્જીએ તત્ત્વવિચારના ક્ષેત્રમાં છ પદનું આગવું સ્થાન બતાવીને તે સંબંધી સહજ જિજ્ઞાસાઓને સંતોષી છે. આત્મવિચાર અર્થે છ પદનું અત્યંત વિશદ, સ્પષ્ટ અને સર્વાંગી નિરૂપણ કર્યું છે. છ પદના માધ્યમથી શ્રીમદ્જીએ આત્મસ્વરૂપ સંબંધી સુંદર પ્રકાશ પાડ્યો છે. નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા કેવો છે? વ્યવહારનયની દૃષ્ટિએ આત્મા કેવો છે? આત્માની મોક્ષ અવસ્થા કેવી છે? આદિ બાબતો અન્ય ગ્રંથોની સહાય વગર સમજી શકાય તેટલી સરળ રીતે રજૂ કરી છે. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ જીવનું સ્વરૂપ એક જ્ઞાયકભાવ છે, તેમજ તેને સ્વભાવનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ છે; પરંતુ જ્યારે જીવ સ્વભાવમાં સ્થિર હોતો નથી ત્યારે તે વ્યવહારનયની દૃષ્ટિથી કર્મનો કર્તા અને ભોક્તા છે - આ સર્વ સિદ્ધાંતો સમજાવવાનો તેમનો પ્રયત્ન અત્યંત સફળ રહ્યો છે. જે વાત પૂર્વાચાર્યોએ કરી છે, તે જ વાત સંક્ષેપમાં તેમણે આ ગ્રંથમાં સમાવી દીધી છે. તેમાં ઊંડા ઊતરવાથી તેનું રહસ્ય પ્રાપ્ત થાય છે. તેમણે આ ગ્રંથમાં વિચારવા યોગ્ય એવા નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત આદિ ગહનતમ વિષયોને ગૂંથ્યા છે. મુમુક્ષુઓ માટે તેમાં વિચારવા, મનન કરવા માટે અખૂટ ખજાનો છે. જો શાંત અને વૈરાગ્યયુક્ત ચિત્તથી તેની વારંવાર વિચારણા કરવામાં આવે તો અવશ્ય જીવનું કલ્યાણ થાય. આમ, શ્રીમદ્જીએ શેનો વિચાર કરવો જોઈએ તેનું, અર્થાત્ વિચારના વિષયનું આલેખન કર્યું છે અને એ વિચારણાનું ફળ બતાવતાં તેઓ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં લખે છે –

'સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ.' (૧૪૧)

વળી, શ્રીમદ્જીએ સુવિચારનો આધાર, અર્થાત્ સુવિચારણા કોના દ્વારા થાય તે દર્શાવતાં જણાવ્યું છે કે સુવિચારણા જાગૃત કરવા માટે પ્રત્યક્ષ સદ્ગુરુનો બોધ તે ઉત્કૃષ્ટ અને સર્વશ્રેષ્ઠ સાધન છે, પરંતુ તેમનો યોગ ન થયો હોય તો, અથવા યોગ થયો હોય પણ સમાગમ નિરંતર ન રહેતો હોય તો, મહાપુરુષોનો ચૈતન્યસ્વરૂપી આત્મા જેમાં અક્ષરસ્વરૂપે વ્યક્ત થયો છે એવા સત્શાસ્ત્રનું અવલંબન જીવને ઉપકારી નીવડે છે. પ્રત્યક્ષ સદ્ગુરુનો વિરહ હોય ત્યારે સત્શાસ્ત્રનો આધાર લેતાં અથવા સદ્ગુરુની આજ્ઞાએ સત્શાસ્ત્રનો અભ્યાસ કરતાં જીવને સુવિચારણા પ્રગટે છે. આ વાતને સ્પષ્ટ કરતાં શ્રીમદ્જી લખે છે –

'આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.' (૧૩)
'અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ.' (૧૪)

સાધનાક્ષેત્રે વિકાસ સાધતો સુપાત્ર જીવ શાસ્ત્રના આધારે આગળ વધી શકે છે. શાસ્ત્રો જીવને મોક્ષમાર્ગ સંબંધી શાસન (આજ્ઞા) કરે છે અને ભવભયથી ત્રાણ (રક્ષણ) કરે છે. શાસ્ત્રોથી તેનો સાધનામાર્ગ પ્રકાશિત થાય છે અને તે તેને વિચારજાગૃતિ, વિવેક, વૈરાગ્યમાં કારણભૂત થાય છે. સત્શાસ્ત્રનું અવલંબન જીવને દુર્ગતિમાં પડતાં અટકાવે છે અને તેને સદ્ધર્મમાં ધારી રાખી, આત્મોન્નતિના પંથે ચઢાવે છે. ભવરોગનું નિવારણ ઇચ્છનારે તે પરમ શાંતરસમૂળ વીતરાગ વચનામૃતોનું નિરંતર સેવન કરવા યોગ્ય છે. સત્શાસ્ત્રને પ્રમાણભૂત ગણી તદુક્ત વિધિ અનુસાર આદરથી પ્રવર્તતાં તે આત્મહિતનો હેતુ થાય છે. વીતરાગના વદનહિમાદ્રિમાંથી નીકળેલી, શાંતસુધારસના કલ્લોલો ઉછાળતી શ્રુતગંગાના નિર્મળ નીરમાં જે આત્મા નિમજ્જન કરે છે, તે શીતળ, શુદ્ધ અને શાંત થાય છે.

શાસ્ત્રનો મહિમા દર્શાવવાની સાથે સાથે શાસ્ત્રોના દુરુપયોગ સામે શ્રીમદ્જીએ ચેતવણી પણ આપી છે. કેટલાક જીવો શાસ્ત્રો વાંચી, પોતાની મતિકલ્પનાએ તેના મનફાવતા અર્થ કરી, ક્રિયાઓ ઉત્થાપી શુષ્કજ્ઞાની બની જાય છે. તેઓ પોતાને જ્ઞાની માને છે અને મનાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ અનેક શાસ્ત્રો વાંચે છે, પણ તત્ત્વના અનુભવનો તેમને સ્પર્શ થતો નથી, તેથી તે શાસ્ત્રો તેમને બોજારૂપ બને છે. તેવા જીવોનું સ્વરૂપ દર્શાવતાં શ્રીમદ્જી લખે છે –

'અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.' (૨૯)
'મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.' (૧૩૭)

શ્રીમદ્જીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનયોગ માટેની સાધનદશા, અર્થાત્ સાધક માટે જરૂરી અધિકારીપણું પણ વર્ણવ્યું છે. સૂર્યોદય થતાં પહેલાં જેમ પરોઢ થાય છે, તેમ આત્મજ્ઞાન પ્રગટતાં પહેલાં જીવમાં સાધકપણાનાં લક્ષણ ખીલી ઊઠે છે. આ પાત્રતા કેળવાયા વિના જ્ઞાનયોગ સિદ્ધ થતો નથી. સદ્ગુણોની પ્રાપ્તિ વિના સર્વ શ્રેયના હેતુભૂત એવા સદ્ધર્મની પ્રાપ્તિ થતી નથી, તેથી જ શ્રીમદ્જીએ મતાર્થી–આત્માર્થીનાં લક્ષણોનું વિશદ નિરૂપણ કર્યું છે. મતાર્થ વિદ્યમાન હોય ત્યાં સુધી સાધકના જીવનમાં કેવી હોનારતો સર્જાઈ શકે છે તેનું સ્પષ્ટીકરણ શ્રીમદ્જીએ કર્યું છે. આ બધા જ વિષયો સાધકના જીવનમાં પરિવર્તન લાવવામાં સહાયક બને છે. શ્રીમદ્જી સ્વયં જ્ઞાનયોગના ક્ષેત્રમાં ઊંડા ઊતર્યા હોવાથી તેની પૂર્વભૂમિકારૂપ જે સાધનદશાની આવશ્યકતા તેમને જણાઈ તેનો ઉલ્લેખ તેમણે કર્યો છે. આટલું સૂક્ષ્મતાથી કરેલું સ્પષ્ટીકરણ અનુભવ વિના શક્ય નથી. તેમણે દર્શાવ્યું છે કે સાધકમાં કષાયોનું શમન થયેલું હોય છે, મોક્ષની અભિલાષા હોય છે, સંસારનો થાક લાગ્યો હોય છે, સર્વ જીવો પ્રત્યે અનુકંપા હોય છે, હર્ષ-શોકમાં સમતા હોય છે, ક્ષમાશીલતા હોય છે, તન-મન-વચનથી સાચી સત્યપરાયણતા હોય છે, ત્યાગબુદ્ધિ હોય છે, ચિત્તમાં વૈરાગ્યનો રંગ લાગ્યો હોય છે. જીવમાં જેમ જેમ આ ગુણોની વૃદ્ધિ થાય છે, તેમ તેમ તેનામાં આત્મજ્ઞાન પામવાની યોગ્યતા ઉત્તરોત્તર વધતી જાય છે અને પ્રાંતે તે આત્મજ્ઞાનને પામી કૃતાર્થ બને છે. આમ, શ્રેયાર્થીએ અવશ્ય પ્રગટાવવા યોગ્ય એવા સદ્ગુણોનું તેમણે નિરૂપણ કર્યું છે કે જે સદ્ગુણો દ્વારા જ્ઞાનયોગની સિદ્ધિ કરી શકાય છે. જ્ઞાનદશાની આગાહી કરતી સાધનદશાનું નિરૂપણ કરતાં શ્રીમદ્જી લખે છે –

'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.' (૩૮)
'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ.' (૧૦૮)
'દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.' (૧૩૮)

જેમણે જ્ઞાનયોગ સિદ્ધ કર્યો છે તેવા પુરુષોની દશાનું નિરૂપણ પણ શ્રીમદ્જીએ કર્યું છે. તેમણે પૂર્ણ જ્ઞાની – કેવળજ્ઞાની કે જેમને નિરંતર આત્માનું જ્ઞાન વર્તે છે, તેમનું વર્ણન તો કર્યું જ છે, પરંતુ તેમણે આત્મજ્ઞાનીની દશાનું વર્ણન પણ સ્પષ્ટપણે કર્યું છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી જીવને આત્મસ્વભાવનાં અનુભવ, લક્ષ, પ્રતીતિ રહે છે તથા વૃત્તિ આત્મસ્વભાવમાં વહે છે. જેમ જેમ આત્માનો અનુભવ વધે છે, સમ્યક્ત્વ ઉજ્જ્વળ બને છે; તેમ તેમ મિથ્યાભાસ ટળે છે અને સ્વચારિત્રનો – આત્મચારિત્રનો ઉદય થાય છે.

શ્રીમદ્જીએ જ્ઞાનીપુરુષ અને વાચાજ્ઞાની – શુષ્કજ્ઞાની વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટપણે દર્શાવ્યો છે. અમોહરૂપ જ્ઞાનદશા ઊપજી નથી એવા શુષ્કજ્ઞાનીઓ ભલે પોતાને જ્ઞાની ગણાવે, પરંતુ તે તેમની ભ્રાંતિ જ છે. જ્ઞાનપ્રકાશ સાંપડ્યો ન હોવાથી તેઓ મોહ-અંધકારમાં ગોથાં ખાધા કરે છે. જ્યાં સુધી તેમણે સઘળા જગતને એઠવત્ તથા સ્વપ્ન સમાન જાણ્યું નથી, ત્યાં સુધી તે સર્વ વાચાજ્ઞાન છે. સર્વ બાહ્ય સંયોગોનું અનિત્યપણું અને તુચ્છપણું જાણ્યું છે એવા જ્ઞાનીપુરુષો તો કશે પણ અહંત્વ-મમત્વ કરતા નથી, રાગ-દ્વેષ ધરતા નથી, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ચિંતવતા નથી; તેમને તો સર્વત્ર અદ્ભુત સમતા જ વર્તે છે. જ્ઞાનીપુરુષ તો મ્યાનથી તલવારની જેમ, વસ્ત્રથી દેહની જેમ, દેહાદિ સમસ્ત પરથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્યમય આત્મતત્ત્વનો અનુભવ કરે છે. આ જ્ઞાનદશાનું સ્વરૂપ પ્રકાશતાં શ્રીમદ્જી લખે છે –

'વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.' (૧૧૧)
'મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત.' (૧૩૯)
'સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન.' (૧૪૦)
'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.' (૧૪૨)

આ પ્રકારે શ્રીમદ્જીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનયોગને સાંગોપાંગ ગૂંથી લીધો છે. આ શાસ્ત્ર જ્ઞાનયોગના ખરા ઊંડાણનો અને તેની સાચી ગહનતાનો સુંદર સ્પર્શ કરાવે છે. આ શાસ્ત્રમાં જ્ઞાનયોગની ચરમ સીમા છે, જ્ઞાનયોગનું હાર્દ છે, અધ્યાત્મનો તલસાટ છે, ભાવની ગૂઢતા છે. તેમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણાં વહી રહ્યાં છે. તેની પ્રત્યેક ગાથા ગંભીર આશયથી ભરપૂર છે. જેમ જેમ તે વિચારવામાં આવે છે, તેમ તેમ તેમાંથી રહસ્યના પુંજ નીકળતા જાય છે. તેનો માત્ર શબ્દાર્થ કે વાચ્યાર્થ લેવાનો નથી, પરંતુ તેમાંથી તાત્ત્વિક સૂક્ષ્મ અર્થ ગ્રહણ કરવાનો છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સામાન્ય કોટિનો ગ્રંથ નથી, પરંતુ

જ્ઞાનશક્તિને ખીલવી સાચે રસ્તે લઈ જનાર ગ્રંથ છે. તેમાં ગહનતા, ગંભીરતા તથા ન્યાયસંગતતા ઝળકે છે. તેમાં શ્રીમદ્જીએ આત્માનાં છ પદનાં ઊંડાં રહસ્યોને સપ્રમાણ રીતે રજૂ કરીને આત્મસ્વરૂપનો વાસ્તવિક પરિચય કરાવ્યો છે. શ્રીમદ્જીએ તેમાં તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો નિચોડ એવી સરળ અને સુબોધ ભાષામાં પ્રસ્તુત કર્યો છે કે તત્ત્વજ્ઞાનના અધ્યયન સમયે આવતી સર્વ મુશ્કેલીઓનું સહજતાથી સમાધાન થઈ, સત્ય તત્ત્વનું જ્ઞાન થાય છે. જે ગૂઢ સવાલો, શંકાત્મક વિચારો ચિત્તવૃત્તિને અશાંત કરી ડહોળી નાખે છે, તે બધાનું આશ્ચર્યકારક નિરાકરણ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના અનુપ્રેક્ષણથી, પુનઃ પુનઃ ચિંતવનથી થાય છે. સામાન્ય વાંચનથી તેમાં રહેલ રહસ્ય પકડી શકાતું નથી, પણ ફરી ફરી તેનું અવગાહન કરતાં તેમાં રહેલ રહસ્ય ખૂલતું જાય છે. આ ગ્રંથનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરવામાં આવે તો હૃદય ખીલી ઊઠે છે. તેનો અપૂર્વ બોધ સ્થિર ચિત્તે વાંચતાં પ્રસન્નતા અનુભવાય છે. તેનો અમૂલ્ય ઉપદેશ આત્માને શાંતિ આપે છે. જે કોઈ તત્ત્વપિપાસુ સુરુચિપૂર્વક તેનું અધ્યયન કરી પરિણમન કરે છે, તેના મોહનો અવશ્ય પરાજય થાય છે. શ્રીમદ્જીની પરિપક્વ વાણીની ઉપાસના કરવાથી અનાદિ અજ્ઞાનના સંસ્કાર ભેદાય છે, નાશ પામે છે. તત્ત્વરસિક સજ્જન આ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રરૂપ જાહ્નવીમાં નિમજ્જન કરી, તત્ત્વસુધારસપાનનો આસ્વાદ લઈ ધન્યતા અનુભવે છે. આ વિશિષ્ટ ગ્રંથથી જ્ઞાનયોગના રસિકોને અપૂર્વ આનંદ સાથે એક અગત્યની પૂર્તિ થયાનો અનુભવ થાય છે. અસાધારણ તેજસ્વિતા અને બુદ્ધિના સ્રોતરૂપ શ્રીમદ્જીનો આ ગ્રંથ પૃથ્વી ઉપર સુપાત્ર જીવોને સંપત્તિરૂપ થઈ પડ્યો છે.

આમ, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર તાત્ત્વિક તેમજ બોધદાયી છે, જે જિજ્ઞાસુઓને અનેક રીતે તત્ત્વગ્રહણ કરાવનાર તથા પ્રેરણાદાયી બને તેમ છે. તે ખૂબ જ સુંદર તથા વેધક પ્રકાશ પાડનાર અને તત્ત્વચિંતનને પ્રોત્સાહન આપનાર સત્શાસ્ત્ર છે. તે તત્ત્વજિજ્ઞાસુ વર્ગની જિજ્ઞાસાઓને સંતોષી શકે એવું સમૃદ્ધ અને ચિંતનસભર છે, જેના ઉપરથી શ્રીમદ્જીનાં અભ્યાસ, ચિંતન-મનનનો સુંદર પરિપાક સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વિશાળ જ્ઞાન અને અનુભવ વગર આટલી ઉચ્ચ કોટિનો બોધ આવી શકે નહીં. તેમના જ્ઞાનયોગના પ્રભુત્વ દ્વારા આ ગ્રંથ અતિ ઉચ્ચ કોટિનો રચાયો છે. જીવોને વૈરાગ્યવાસિત કરી, જ્ઞાન પમાડી, સંસારદુઃખમાંથી મુક્ત કરવાના હેતુથી શ્રીમદ્જીએ આ ઉપદેશ આપ્યો છે. અન્ય આત્માઓ સદ્ધર્મસન્મુખ બને, શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે અર્થે તેમણે જ્ઞાનયોગના વિવિધ વિષયોને આ ગ્રંથમાં આવરી લીધા છે. તેમણે જે જાણ્યું, માણ્યું અને અનુભવ્યું, તે તેમણે વર્ણવ્યું છે. શ્રીમદ્જીને સાધનાના ક્ષેત્રમાં જે અનુભવ થયો, તેનું તેમણે આ ગ્રંથમાં નિરૂપણ કર્યું છે. જે જ્ઞાનપ્રાપ્તિ તેમણે કરી, તેને તેમણે અક્ષરબદ્ધ કરી પોતાના વિચારોને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. આ શાસ્ત્ર માત્ર અઠ્ઠાવીસ વર્ષની યુવાન ઉંમરે રચાયું છે, જે તેમની અદ્વિતીય સર્જનપ્રતિભાને આભારી છે. પંડિત સુખલાલજી લખે છે કે –

'મેં પ્રથમ પણ અનેક વાર 'આત્મસિદ્ધિ' વાંચેલી અને વિચારેલી, પરંતુ છેલ્લે છેલ્લે આ લખું છું ત્યારે વિશેષ સ્થિરતા અને વિશેષ તટસ્થતાથી એ વાંચી, એના અર્થો વિચાર્યા, એના વક્તવ્યનું યથાશક્તિ મનન અને પૃથક્કરણ કર્યું, ત્યારે મને લાગ્યું કે આ 'આત્મસિદ્ધિ' એ એક જ ગ્રંથ એવો છે કે તેમાં શ્રીમદ્ રાજચંદ્રની વિચારણા અને સાધનાનું ઊંડામાં ઊંડું રહસ્ય આવી જાય છે.

જે ઉંમરે અને જેટલા ટૂંક વખતમાં શ્રી રાજચંદ્રે 'આત્મસિદ્ધિ'માં પોતે પચાવેલ જ્ઞાન ગૂંથ્યું છે તેનો વિચાર કરું છું ત્યારે મારું મસ્તક ભક્તિભાવે નમી પડે છે. એટલું જ નહિ, પણ મને લાગે છે કે તેમણે આધ્યાત્મિક મુમુક્ષુને આપેલી આ ભેટ એ તો સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યિક ગ્રન્થરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે.'

શ્રીમદ્જીના અનુભવજ્ઞાનના આ અમૂલ્ય ઉદ્બોધનનું અધ્યાત્મ-સાધકો ઉપર અપરિમિત ઋણ છે. તેઓ આરાધક વર્ગ માટે અમૂલ્ય વારસો મૂકી ગયા છે. જગતનું મિથ્યાત્વદારિદ્ર્ય દૂર કરવા તેમણે જગતને પરમાર્થસંપત્તિથી સમૃદ્ધ કર્યું છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રરૂપે તેમણે જ્ઞાનયોગનું વ્યવસ્થિત, અસંદિગ્ધ, તર્કસંગત, સરલ અને સુબોધ પ્રતિપાદન કરનાર તથા જ્ઞાનયોગને સિદ્ધ કરવાની પદ્ધતિ બતાવનાર ઉત્તમ ગ્રંથનું દાન કર્યું છે. તેમના અનન્ય તત્ત્વમંથનના નવનીતરૂપ, આત્માનુભૂતિમય પરમ અમૃતરસથી ભરેલ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર જ્ઞાનયોગનું ઊંચામાં ઊંચું શિખર છે. તેનો દિવ્ય પ્રકાશ દેશ-કાળ-જાતિના બંધનથી મુક્ત રહી, દૂર સુદૂરથી આત્માર્થી જનોને આકર્ષીને તેમને જ્ઞાનયોગની સાધનામાં ત્વરિત પ્રગતિ કરાવે છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તત્ત્વજ્ઞાનની પ્રધાનતા હોવા છતાં શ્રીમદ્જીએ તેમાં કુશળતાપૂર્વક ભક્તિયોગના સિદ્ધાંતને પણ ગૂંથી લીધો છે. તેમાં જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સુભગ સંગમ નિહાળી શકાય છે. મોક્ષમાર્ગે આગળ વધવા માટે શ્રીમદ્જીએ ભક્તિયોગને આવશ્યક માન્યો છે, તેથી આ ગ્રંથમાં અધ્યાત્મભાવોની સાથે સાથે ભક્તિભાવનું પણ દર્શન થાય છે. શ્રીમદ્જીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ભક્તિનું સ્વરૂપ અને તેનું ફળ સુપેરે પ્રગટ કર્યું છે.

ભક્તિ આત્મા પ્રાપ્ત કરવા માટેનું ઉત્તમ સાધન છે. ભક્તિ એટલે પરમાત્મા તથા સદ્ગુરુ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાનો ત્રિવેણી સંગમ. ભક્તિ એટલે તેમના દિવ્ય સ્વરૂપની ઓળખાણ. ભક્તિ એટલે તેમના લોકોત્તર ગુણોનું દર્શન અને તેમના પ્રત્યે હૃદયની પ્રીતિ. ભક્તિ એટલે આવી પ્રીતિના બળથી હૃદય ઝળહળી ઊઠતાં પ્રશસ્ત રાગયુક્ત ભાવોર્મિનું ઊછળવું. ભક્તિ એટલે ભાવવિભોર દશામાં શાંત થઈ જતાં અંતરના ઊંડાણમાં ઊતરી તેમને અનુભવથી મળવું, અર્થાત્ આત્મપ્રભુનો ભેટો થવો.

ભક્તિ એ મુક્તિનો રાજમાર્ગ છે. પ્રત્યક્ષ સદ્‌ગુરુનું શરણ સ્વીકારી, તેમની સેવા-ઉપાસના કરવામાં આવે તો શાશ્વત સુખની પ્રાપ્તિનો માર્ગ સરળ બની જાય છે તેવો અનંત જ્ઞાનીઓનો અનુભવ છે. મહાપુરુષોએ એકઅવાજે સદ્‌ગુરુની ભક્તિના પ્રાધાન્યનો સ્વીકાર કર્યો છે. શ્રીમદ્‌જીએ પણ વારંવાર સદ્‌ગુરુની ભક્તિના મહિમાને પ્રગટ કર્યો છે. અધ્યાત્મક્ષેત્રે સફળતા મેળવવા ગુરુભક્તિનું આલંબન આવશ્યક છે એવો ભાવ તેમણે પોતાનાં લખાણોમાં અનેક વાર વ્યક્ત કર્યો છે. અધ્યાત્મવિકાસના અનન્ય કારણરૂપ એવા સદ્‌ગુરુનો મહિમા તેમણે ભિન્ન ભિન્ન પ્રકારે ગાયો છે. આ અમૂલ્ય અને અપૂર્વ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પણ તેમણે સદ્‌ગુરુનું અને શિષ્યનું સ્વરૂપ અને તેઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો છે. આ ગ્રંથ દ્વારા તેમણે સાધનામાર્ગમાં યોગ્ય-અયોગ્ય ગુરુનું સ્વરૂપ, ગુરુનું સ્થાન, ગુરુની આવશ્યકતા, ગુરુનો ઉપકાર, ગુરુનું બહુમાન, ગુરુ પ્રત્યે સમર્પણ, શિષ્યની યોગ્યતા,વિનયમાર્ગ આદિ ભક્તિયોગ સંબંધી વિષયોનું નિરૂપણ કર્યું છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પ્રથમ ગાથામાં જ ભક્તિયોગનું દર્શન જોવા મળે છે. તેમાં શ્રીમદ્‌જીની અદ્‌ભુત ગુરુભક્તિનાં દર્શન થાય છે. મોક્ષમાર્ગનો પ્રારંભ સદ્‌ગુરુથી થાય છે એવું સૂચવતા હોય તેમ તેમણે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો પ્રારંભ પણ સદ્‌ગુરુને નમસ્કાર કરીને કર્યો છે, જેમાં તેમનું સદ્‌ગુરુ પ્રત્યેનું અપૂર્વ સમર્પણ તથા સદ્‌ગુરુના ઉપકારનું અદમ્ય વેદન દૃષ્ટિગોચર થાય છે. તેઓ સ્વરૂપ સમજાવનારા સદ્‌ગુરુને ભગવંતરૂપે જુએ છે. આ આદ્યમંગલરૂપ ગાથામાં તેમણે સાદામાં સાદા શબ્દોમાં ઊંચામાં ઊંચો ભાવ અને ઊંચામાં ઊંચું તત્ત્વ વ્યક્ત કર્યું છે. અત્યંત લોકપ્રિય અને સુપ્રસિદ્ધ એવી પહેલી ગાથામાં તેઓ લખે છે –

'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.' (૧)

શ્રીમદ્‌જીએ આત્મસ્વરૂપ પામવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા ઉપર ઠેર ઠેર બહુ જ ભાર મૂક્યો છે. જગતના જીવો ગતાનુગતિકતાથી ધર્મ આચરતા હોવાથી તેમનાં જન્મ-મરણની ઘટમાળનો અંત આવતો નથી, પરંતુ સન્માર્ગના ભોમિયા એવા શ્રી સદ્‌ગુરુ સાધકને સાધનાનો ટૂંકો, સાચો અને રહસ્યમય રસ્તો બતાવે છે. અનુભવી પુરુષના સાન્નિધ્યમાં રહી, તેમના અનુભવનો લાભ મેળવીને સહેલાઈથી સત્ય માર્ગે જઈ શકાય છે. કોઈ પણ પ્રકારની વિદ્યા કે કળા પ્રાપ્ત કરવી હોય તો તેને માટે તે તે વિષયના જ્ઞાતા પાસે રહી, તેમના દ્વારા અપાતા પ્રત્યેક માર્ગદર્શન પ્રત્યે પૂર્ણ લક્ષ આપી યથાર્થરૂપે સમજવામાં આવે, અપ્રમત્તતાપૂર્વક જરૂરી પ્રયત્ન કરવામાં આવે તો તે વિદ્યા કે કળા યથાર્થ રૂપમાં પ્રાપ્ત થાય છે. માત્ર પુસ્તક વાંચી જવાથી કે કોઈની પાસે તેને લગતી વાતો સાંભળવાથી તે વિદ્યા પ્રાપ્ત થઈ શકતી નથી. 'ઊંડા જળમાં પડ્યા પછી હાથ-પગ હલાવવાથી તરી શકાય છે' એવું માત્ર ગ્રંથમાં વાંચી, તરણકળાના નિપુણની સહાય વિના, તરતા ન આવડતું હોય એવો પુરુષ ઊંડા પાણીમાં ઝુકાવે અને હાથ-પગ હલાવે તો તેથી કંઈ તે તરી શકતો નથી પણ ડૂબી જાય છે; તેમ સદ્‌ગુરુના માર્ગદર્શન વિના વ્રત, તપ, શાસ્ત્રવાંચન, ધ્યાનાદિ કરનાર ભવસાગર તરી શકતો નથી. સામાન્ય સાધના માટે પણ પથદર્શક આવશ્યક હોય તો અનાદિ કાળનાં બંધનોથી મુક્ત થવા, અનાદિ કાળથી અવરાયેલા પોતાના જ્ઞાનાદિ અનંત ગુણોના આવિર્ભાવ માટે સદ્‌ગુરુનું અવલંબન અતિ આવશ્યક હોય તેમાં બે મત નથી. આત્મભ્રાંતિરૂપ અનાદિના રોગને દૂર કરવા મહાન સદ્‌ગુરુરૂપ સુજાણ વૈદ્યની આજ્ઞારૂપ ચરી પાળી, વિચાર-ધ્યાનરૂપ ઔષધનું સેવન કરવામાં આવે તો આત્મ-આરોગ્યની પ્રાપ્તિ થાય છે. સર્વ સિદ્ધાંતોનો આ સાર દર્શાવતાં શ્રીમદ્‌જી લખે છે –

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' (૧૨૯)

સાધનાની સિદ્ધિ માટે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણ ચિંતામણિ રત્ન સાધકને ઉપકારી છે. તેમાં ધર્મતત્ત્વ ઉપાદેય-હેય-જ્ઞેયનો બોધ આપે છે અને આત્માના શુદ્ધ ગુણો જેને સંપૂર્ણપણે પ્રગટ થયા છે એવું દેવતત્ત્વ સાધક માટે આદર્શરૂપ છે. આ દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની મધ્યમાં બિરાજમાન ગુરુતત્ત્વ એક વિશિષ્ટ પ્રકારે સાધકને સહાયક બને છે, કારણ કે દેવતત્ત્વ અને ધર્મતત્ત્વનું સમ્યક્ સ્વરૂપ માત્ર ગુરુ દ્વારા જ જાણી શકાય છે. દેવતત્ત્વનું સ્વરૂપ ઓળખવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા બતાવતાં શ્રીમદ્‌જી લખે છે –

'સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.' (૧૨)

દેવતત્ત્વની જેમ ધર્મતત્ત્વનું સ્વરૂપ પણ જીવ સદ્‌ગુરુ વિના સમજી શકતો નથી તે શ્રીમદ્‌જીએ દર્શાવ્યું છે. જેમણે સ્વસ્વરૂપને યથાર્થ અનુભવ્યું છે તેવા પુરુષની સહાય વિના જીવને ધર્મની પ્રાપ્તિ સંભવતી નથી. સદ્‌ગુરુની આજ્ઞા વિના કરવામાં આવેલાં વ્રત, જપ, તપ, સંયમ આદિ પ્રાયઃ પારમાર્થિક હિત સાધી શકતાં નથી. સ્વચ્છંદે કરાયેલાં તે સાધનો આત્માને શાશ્વત શાંતિ આપનારાં, અતીન્દ્રિય સુખનું આસ્વાદન કરાવનારાં કે આત્માના વાસ્તવિક સ્વરૂપ તરફ દોરનારાં બનતાં નથી. જેમ પારધિના ફંદમાં ફસાયેલો મૃગ જાતે છૂટી શકતો નથી, કાદવમાં ગરક થયેલો હાથી પોતાના બળ વડે બહાર નીકળી શકતો નથી; તેમ ગમે તેટલા ગ્રંથો વાંચવામાં આવે, ક્રિયાઓ કરવામાં આવે, પરંતુ સદ્‌ગુરુની સહાય વિના જીવ ભવભ્રમણમાંથી બહાર નીકળી શકતો નથી. સ્વયં સ્વચ્છંદાનુસારે સાધનામાર્ગ ઉપર ચાલવાની બાલિશ ચેષ્ટા કરનાર જીવ પથભ્રષ્ટ થયા વિના રહેતો નથી, તેથી જે કોઈ જીવે મોક્ષમાર્ગના સાચા પથિક બનવું હોય તેણે સ્વમતિકલ્પના છોડી, સદ્‌ગુરુના માર્ગદર્શન અનુસાર પોતાની સાધનાનો પ્રારંભ કરવો જોઈએ. શ્રી જિનનો આશય

સદ્ગુરુના હૃદયમાં વસેલો હોવાથી તેમણે દર્શાવેલ પ્રક્રિયા તથા બોધથી જીવ પરમાર્થમાર્ગ તરફ વળે છે. સદ્ગુરુનું શરણ એ જ ભવફંદમાંથી બચવાનો સાચો ઉપાય છે. સર્વ જિનોનું કહેવું છે કે જીવ સ્વચ્છંદ છોડે તો અવશ્ય મોક્ષ પામે. સદ્ગુરુની સહાય વિના જીવ પોતાની મેળે જ સ્વચ્છંદ રોકવા જાય તો પ્રાયઃ પરિણામ ઊલટું આવે છે; જ્યારે પ્રત્યક્ષ સદ્ગુરુના ઉપદેશથી તેના મતાગ્રહો અને સ્વચ્છંદ સરળતાથી દૂર કરી શકાય છે. સદ્ગુરુના યોગ વિના કોટિ ઉપાય કરવાથી જે આત્મદર્શન થઈ શકતું નથી, તે સદ્ગુરુકૃપાથી અને શરણથી સહજ તેમજ સરળ બને છે. દિવ્ય દ્રષ્ટા સદ્ગુરુ જીવને દિવ્ય દૃષ્ટિ અર્પી, આત્માનું યથાવત્ દર્શન કરાવે છે. આમ, જીવના સ્વચ્છંદને તોડવા માટે, અહંના નાશ માટે શ્રીમદ્જીએ સદ્ગુરુનું શરણ લેવાનું સૂચન કર્યું છે. સ્વચ્છંદરહિતપણે થયેલા આજ્ઞાપાલનને તેમણે સમકિત કહ્યું છે. તેઓ લખે છે –

'રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.' (૧૫)
'પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.' (૧૬)
'સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.' (૧૭)
'માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.' (૧૮)

આમ, શ્રીમદ્જીએ સદ્ગુરુનો અપાર મહિમા બતાવ્યો છે. ગુરુગમથી મેળવેલું જ્ઞાન યથાર્થરૂપે પરિણમે છે. પોતાના બુદ્ધિબળથી મેળવેલું જ્ઞાન અથવા ગ્રંથો વાંચીને મેળવેલું જ્ઞાન અનુભવયુક્ત જ્ઞાન બની શકતું નથી. શાસ્ત્રમાં જ્ઞાન છે, પણ તેનો મર્મ તો સદ્ગુરુના હૃદયમાં હોય છે. શાસ્ત્ર વાંચવાથી શાબ્દિક જ્ઞાન તો મળી રહે છે, પરંતુ તેનાં રહસ્યો તો સદ્ગુરુના અંતરમાં છુપાયેલાં છે. પરમાર્થ આત્મા એક સત્પુરુષને વિષે જ છે. શાસ્ત્રના આધારે માર્ગ પામવો અત્યંત દુષ્કર છે. નિશ્ચય-વ્યવહાર, ઉત્સર્ગ-અપવાદ આદિ શાસ્ત્રની અનેકદેશીય ઘટનામાંથી તત્ત્વાર્થનું તારણ કાઢવું શક્ય નથી. ગુરુચરણના સેવન વિના શાસ્ત્રનાં રહસ્યો ઉકેલી શકાતાં નથી, તેથી જે જીવ ગુરુની નિશ્રામાં રહીને અભ્યાસ કરે છે, તે શાસ્ત્રોનાં રહસ્યોને પામી શકે છે. યોગ્ય શિષ્યને ગુરુ આત્મજ્ઞાનની ચાવી આપે છે, જેના વડે તે આત્મખજાનો પ્રાપ્ત કરી શકે છે. અનેક ગ્રંથોનાં અધ્યયન કરતાં સદ્ગુરુનું મૂલ્ય અનેકગણું છે. શ્રીમદ્જીએ દર્શાવ્યું છે કે શાસ્ત્ર, અર્થાત્ પરોક્ષ જિનેશ્વરનાં વચનો કરતાં સદ્ગુરુની મહત્તા વધારે છે. પ્રત્યક્ષ સદ્ગુરુ પરોક્ષ જિન ભગવાન કરતાં પણ વધુ ઉપકારી છે. આ તથ્યને રજૂ કરતાં શ્રીમદ્જી લખે છે –

'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.' (૧૧)

જેઓ સુદેવતત્ત્વ તેમજ સુધર્મતત્ત્વનું સ્વરૂપ બતાવે છે, તેમજ જેમનો સર્વોત્કૃષ્ટ મહિમા અને ઉપકાર છે, તેવા સદ્ગુરુની ઓળખાણ કરવી તે અધ્યાત્મમાર્ગનું અગત્યનું કાર્ય છે. સદ્ગુરુની ઓળખાણ કરવામાં જીવ થાપ ખાઈ જાય તો સત્ય માર્ગની પ્રાપ્તિ તેને માટે દુર્લભ બની જાય છે, તેથી સદ્ગુરુની ઓળખાણ કરવામાં જીવ ભૂલ કરે નહીં તે માટે સદ્ગુરુનાં લક્ષણો જણાવીને શ્રીમદ્જીએ આત્માર્થી જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ગુરુતત્ત્વ કેવા મહાન ગુણોવાળું હોય છે તે તેમણે સ્પષ્ટપણે અસંદિગ્ધ ભાવે જણાવ્યું છે. તેવાં લક્ષણોથી સંપન્ન એવા સદ્ગુરુ સ્વ-પરનું આત્મકલ્યાણ કરવાને સમર્થ હોય છે. તેઓ આત્મપ્રાપ્તિના માર્ગની શુદ્ધ પ્રરૂપણા કરી, અનેક જીવોનાં હૃદયમાં ધર્મબીજની સ્થાપના કરતા હોય છે. કેવળ બાહ્ય ભાવથી તેમજ લોકરંજન અર્થે ધર્મક્રિયાઓ કરી, લોકપ્રસિદ્ધિ પ્રાપ્ત કરનારા અસદ્ગુરુઓમાં એવા કોઈ આત્મિક ગુણ હોતા નથી તે તેમણે સ્પષ્ટ જણાવ્યું છે. **'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું'** કહીને તેમણે સાચી સાધુતાનું લક્ષણ દર્શાવ્યું છે. માત્ર બાહ્ય વેષ ધરાવનાર પુરુષ માર્ગને યથાર્થપણે પ્રબોધી શકતો નથી. માર્ગના અનુભવી માર્ગ બતાવી શકે, ભૂલો પડેલો કે માર્ગનો અજાણ સાચો રસ્તો ન બતાવી શકે; માટે જ અનુભવી પુરુષો જ સદ્ગુરુસ્થાને બિરાજી શકે છે. સદ્ગુરુ આત્મજ્ઞાની હોય છે; શત્રુ-મિત્ર, માન-અપમાન આદિમાં સમદર્શી હોય છે; તેમના મન-વચન-કાયાના યોગ ઉદય અનુસાર પ્રવર્તે છે; તેમનાં વચનો પૂર્વાપર અવિરોધી તથા પ્રત્યક્ષ સ્વાનુભવજન્ય હોવાથી સામાન્ય ઉપદેશકોનાં વચનો કરતાં જુદાં પડે છે અને તેઓ ષડ્દર્શનના યથાસ્થિત જાણકાર, અર્થાત્ પરમશ્રુત હોય છે. સદ્ગુરુનું સ્વરૂપ પ્રકાશતાં શ્રીમદ્જી લખે છે –

'આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.' (૧૦)
'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય.' (૩૪)

આમ, શ્રીમદ્જીએ ગુરુતત્ત્વનું તાદૃશ ચિત્ર સામાન્ય જન પણ સમજી શકે તેવી રીતે રજૂ કર્યું છે. આત્માર્થી જીવ આવાં તથારૂપ લક્ષણોથી યુક્ત સદ્ગુરુને શોધી, તેમની ઓળખાણ કરી, તેમનું શરણું સ્વીકારે છે. પરમાર્થમાર્ગની પ્રાપ્તિ સદ્ગુરુ વિના ક્યારે પણ થતી નથી એ વાત આત્માર્થી જીવ કદી પણ વિસ્મૃત કરતો નથી. તે પ્રત્યક્ષ સદ્ગુરુનું અવલંબન આધારભૂત માને છે અને તેમના યોગની પ્રાપ્તિને પરમ ઉપકારક ગણે છે. સદ્ગુરુની સેવા અને તેમની આજ્ઞાનું પાલન જ તેને કર્તવ્યરૂપ લાગે છે. તેનો આત્મા સહજ સ્વભાવે ભક્તિભાવથી સદ્ગુરુનાં ચરણકમળમાં ઢળી પડે છે. તેનો મનોયોગ સદ્ગુરુના ગુણચિંતનમાં રમે છે, વચનયોગ સદ્ગુરુનું ગુણસ્તવન કરે છે અને કાયયોગ સદ્ગુરુની સેવામાં પ્રવૃત્ત હોય છે. સદ્ગુરુ પ્રત્યેની ભક્તિમાં મન-વચન-કાયાની સમસ્ત શક્તિ લીન બની જાય છે. આત્માર્થી

જીવની સદ્ગુરુ પ્રત્યેની આવી ભક્તિનું નિરૂપણ કરતાં શ્રીમદ્જી લખે છે –

'પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.' (૩૫)

ગ્રીષ્મની ગરમીથી સંતપ્ત યાત્રીને વૃક્ષની શીતળ છાયા શાતારૂપ લાગે છે, તેમ જન્મ-મરણનાં દુ:ખથી સંતપ્ત સાધકને સદ્ગુરુનો શીતળ સત્સંગ સુખમય લાગે છે. આવા મહામહિમાવાન સદ્ગુરુને પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય અને પરમ સેવ્ય ગણી, આત્માર્થી જીવ તેમની આરાધનામાં, તેમની ઉપાસનામાં અને તેમની સેવામાં શુદ્ધ નિષ્કામ ભાવે લીન થઈ જાય છે. તેમની પાસેથી માર્ગદર્શન મેળવીને તે સત્પુરુષાર્થ કરે છે અને પોતાની વાસનાઓ, સંસ્કારો, સ્વચ્છંદાદિનો નિરોધ કરે છે. સદ્ગુરુના બોધમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી તે અંતરંગ સંશોધનપૂર્વક પોતાના દોષોની નિવૃત્તિ કરે છે. સદ્ગુરુના બોધનું ચિંતન-મનન કરતાં તેને જગતના પદાર્થોની તુચ્છતા ભાસે છે, પરભાવો શમતા જાય છે અને પરિણામની શુદ્ધિ થતાં શુદ્ધ સમકિત પ્રગટે છે. આમ, સદ્ગુરુનો યોગ મળતાં, તેમની નિશ્રામાં નિષ્ઠા આવતાં, સ્વચ્છંદ આદિ ટળતાં, બોધભૂમિકાનું સેવન થતાં, સુવિચારણા પ્રગટતાં સમકિતની પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુના આશ્રયથી સમકિતપ્રાપ્તિની આ પ્રક્રિયા શ્રીમદ્જીએ ભિન્ન ભિન્ન ગાથાઓમાં વર્ણવી છે. તેઓ લખે છે –

'સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.' (૯)
'આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.' (૪૦)
'તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.' (૧૦૯)
'મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.' (૧૧૦)

સદ્ગુરુના આશ્રયે આત્મપ્રાપ્તિ કરવા માટે શ્રીમદ્જીએ વિનયનું ખૂબ માહાત્મ્ય દર્શાવ્યું છે. વિનય વિના અધ્યાત્મસાધનામાં આગળ વધી શકાતું નથી. વિનય એ સાધનાનું પ્રથમ પગથિયું છે. ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે કે જેનાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. જીવમાં જ્યારે વિનય આવે છે ત્યારે તેનામાં શિષ્યત્વ જન્મે છે. વિનય દ્વારા જીવનો અહં વિરામ પામે છે, સ્વચ્છંદનો નાશ થાય છે અને સદ્ગુરુ પ્રત્યે ભક્તિ પ્રગટે છે. વિનયવંત શિષ્ય અનેક ગુણોની આરાધના કરીને સર્વોત્તમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તેથી વીતરાગ ભગવંતે કહ્યું છે કે શિષ્યે હંમેશાં ગુરુ પ્રત્યે વિનયથી વર્તવું જોઈએ અને મન-વાણી-કાયાથી તેમનો સત્કાર કરવો જોઈએ. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તો શ્રીમદ્જીએ વિનયની પરાકાષ્ઠા બતાવી છે.

તેઓ લખે છે –

'જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.' (૧૯)
'એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય.' (૨૦)

ગુરુ-શિષ્યના સંવાદરૂપે પ્રયોજેલી છ પદની દેશનામાં શ્રીમદ્જીએ સુશિષ્યનું સ્વરૂપ ખૂબ સુંદર રીતે ઉપસાવ્યું છે. શ્રીમદ્જીએ શિષ્યનાં લક્ષણો પ્રગટરૂપે બતાવ્યાં નથી, પરંતુ સુશિષ્યના ગુણો તથા તેનો સદ્ગુરુ સાથેનો વ્યવહાર કેવો હોય તે ગર્ભિતપણે ગૂંથી લીધા છે. તેમણે ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ સુંદર શૈલીથી ઉપસાવી, ગહન અને ગૌરવવંતી ગુરુ-શિષ્યની પરંપરાનો મહિમા દર્શાવ્યો છે. ગુરુશિષ્યસંવાદની શૈલી અપનાવી શ્રીમદ્જીએ દર્શાવ્યું છે કે ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાન હોય તો શિષ્યને તત્ત્વજ્ઞાનનો બોધ સરળતાથી થઈ શકે છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો શિષ્ય ગુરુના સાન્નિધ્યમાં જઈને આત્માનાં છ પદને સમજવાનો પ્રયાસ કરે છે. આત્મસ્વરૂપ સંબંધી યથાર્થ નિર્ણય કરવાની તેની તીવ્ર ઇચ્છા હોવાથી તે ગુરુ પાસે જઈ પોતાના હૃદયની વાત કરે છે. આત્મા વિષેની પોતાની માન્યતા સ્પષ્ટ કરવા અર્થે તે પોતાના અંતરમાં જાગેલી આત્મવિષયક શંકા દર્શાવે છે, પ્રશ્નો કરે છે. તેણે ઘણું વાંચ્યું છે તથા શ્રવણ કર્યું છે, પણ નિશ્ચયાત્મકતાને અભાવે તેનું મન ચગડોળે ચડેલું છે. શું ખરું છે અને શું ખોટું છે એવો નિશ્ચયપૂર્વકનો નિર્ણય તે કરી શકતો નથી. તેનું મન શંકાશીલ રહે છે અને તત્ત્વજ્ઞાનનું સાચું રહસ્ય તેને લક્ષગત થતું નથી. શિષ્યની સંશયવાળી, મૂંઝવણભરી, નિશ્ચય વગરની સ્થિતિનું દિગ્દર્શન કરાવતાં શ્રીમદ્જી છઠ્ઠા પદની શંકામાં લખે છે –

'અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક.' (૯૩)

આમ, શિષ્યનું ચિત્ત સંશયોથી વિચલિત થયેલું હોવાથી, તે પોતાની તમામ શંકાઓનું નિવારણ કરનાર તથા યોગ્ય માર્ગ દર્શાવનાર સદ્ગુરુના શરણમાં આવે છે. તે તર્કપટુ છે, વિચક્ષણ છે, સમજવા માટે ઉત્સુક છે. તે જાણે છે કે સદ્ગુરુ પાસે શંકાઓનું યથાર્થ સમાધાન થઈ શકે એમ છે, તેથી પોતાની શંકાઓ ટાળવા માટે તથા યથાર્થ નિર્ણય કરવા માટે પોતાની વિચારણા શ્રીગુરુ સમક્ષ રજૂ કરે છે. તેને મતિકલ્પનાએ કંઈ ધારી લેવું નથી, પરંતુ સદ્ગુરુએ કહેલ સત્ય મનનપૂર્વક સમજવું છે. શિષ્યની આ વર્તણૂક તેની જિજ્ઞાસાવૃત્તિ, સત્ જાણવાની ધગશ બતાવે છે. આત્માની પ્રતીતિ કઈ રીતે થાય? તેની સમજણ કઈ રીતે કરી શકાય? એ જાણવાની રુચિ પણ લોકો કરતા નથી, તો એ બાબતના પ્રશ્ન તો કરે જ ક્યાંથી? પરંતુ શિષ્ય તો જિજ્ઞાસુ છે, અધ્યાત્મપ્રેમી છે, તત્ત્વનો રસિક છે, તેથી તે તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષયમાં પણ ઊંડો રસ લઈને ઉચ્ચ કોટિના પ્રશ્નો પૂછે છે. તેને તત્ત્વજ્ઞાનનું રહસ્ય સંપૂર્ણપણે જાણવાની જિજ્ઞાસા છે. જ્યાં સુધી રહસ્ય પૂર્ણપણે ન સમજાય ત્યાં સુધી શંકા

રહ્યા કરે અને જ્યાં સુધી શંકા રહે ત્યાં સુધી તે શલ્યની પેઠે ખટક્યા કરે, તેથી શિષ્ય સુવિચારશ્રેણીને રોકતા શંકારૂપ અવરોધોને શ્રીગુરુની કૃપા વડે દૂર કરતો જાય છે. આવી જિજ્ઞાસા વિના મોક્ષમાર્ગે આગળ વધી શકાતું નથી.

વળી, શ્રીમદ્જીએ શિષ્યને વિશિષ્ટ ગુણવાળો દર્શાવ્યો છે. તે શ્રીગુરુને પ્રશ્નો પૂછે છે, પરંતુ અહંકાર વધારવા કે પ્રસિદ્ધિ મેળવવા માટે પૂછતો નથી. તેનામાં વસ્તુ સમજવાની ખરેખરી ઇચ્છા અને તત્પરતા છે. તે અંતરની ભ્રાંતિ ટાળવા ગુરુ સાથે તત્ત્વચર્ચા કરે છે. પ્રશ્ન પૂછવાથી 'મારી ભૂલ ઉઘાડી થશે, મારું માન નહીં રહે અને મારી હીણપ કહેવાશે'એવો તેને ભાવ નથી; પણ પોતાની શંકા ટાળવાનું તેનું લક્ષ છે. તે પોતાની શંકા લજ્જા, સંકોચ કે શરમથી છુપાવ્યા વિના બાળકની જેમ ખુલ્લા હૃદયથી કહે છે. હઠાગ્રહ, મતાગ્રહ છોડીને સમજવાની યથાર્થ કામના સહિત તે પોતાના પ્રશ્નો શ્રીગુરુ સમક્ષ રજૂ કરે છે. તે શંકાઓ વ્યક્ત કરતાં નમ્રતા પણ બરાબર જાળવે છે. તે વિનય અને ભક્તિભાવ સહિત સ્પષ્ટપણે પ્રશ્નો પૂછે છે અને પોતાના અંતરની શંકાનું સમાધાન કરવા સદ્ગુરુને વિનંતી કરે છે. શંકા રજૂ કરવામાં શિષ્યનો વિનય દર્શાવતાં શ્રીમદ્જી લખે છે –

'માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય.' (૪૮)

શિષ્યની દરેકે દરેક દલીલો ન્યાયયુક્ત છે. તેના કેટલાક સવાલો તો નાસ્તિક જેવા લાગે છે, પરંતુ હૈયામાં સ્ફુરેલી શંકાઓને દાબી દઈ જાણે સમાધાન થઈ ગયું હોય એવો ઢોંગ કરવો, તે કરતાં નાસ્તિકતાનો આરોપ વહોરી લેવો વધારે ઉચિત છે એમ તે સમજે છે. જ્યાં સુધી હૃદયમાં તત્ત્વની નિઃશંકતા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જિજ્ઞાસુના હૃદયમાં અવારનવાર શંકાઓ અને પ્રશ્નવૃત્તિ ઉદ્ભવે છે. જો કે તે પ્રશ્નો અને શંકાઓ નાસ્તિકતાને સમર્થિત કરતાં નથી, ઊલટું તે તો અંતરના ઊંડાણમાં દબાઈ રહેલી આસ્તિકતાનો ઉપર આવવાનો સળવળાટ છે. એ સળવળાટ સત્યના પ્રાકટ્યની પૂર્વભૂમિકા છે. શિષ્ય જે વિષય ઉપર શંકા રજૂ કરે છે તે વિષય ઉપર તેણે ઘણું મંથન કર્યું હોય એમ પણ જણાઈ આવે છે. વિચાર વિના કરાયેલી શંકા હાસ્યાસ્પદ બને છે, પરંતુ શિષ્યે ખૂબ અભ્યાસ કરીને પ્રશ્નો પૂછ્યા છે. જેને પોતાનું સાચું હિત કરવું છે તે, યથાર્થ તૈયારી કરીને ગુરુ પાસે જાય છે. શ્રીગુરુ પણ શિષ્યના વિચારપૂર્વકના પ્રશ્નોની કદર કરતાં કહે છે –

'ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;' (૧૦૬)

શિષ્ય વિચારવાન અને ન્યાયને ઊંડાણપૂર્વક સમજનાર હોવાથી તે સદ્ગુરુના સમાધાનને પણ જલદી સમજી જાય છે. તે સમજવાની આકાંક્ષા સહિત ધીરજ રાખી સદ્ગુરુના ઉત્તરો સાંભળે છે, તેથી તેના બધા જ પ્રશ્નોનો નિકાલ થાય છે. જાણવાની સાચી જિજ્ઞાસા હોવાથી તેને સદ્ગુરુનું સમાધાન અપૂર્વ લાગે છે. સદ્ગુરુનાં વચનો સાંભળી, વિચારવાથી તેને છ પદની પ્રતીતિ સહેજે હૃદયગત થઈ જાય છે અને તેનું અંતર જાગૃત થઈ જાય છે. તે આને સદ્ગુરુની મહત્ કૃપાનું ફળ માને છે. તે સદ્ગુરુની સમજાવવાની અદ્ભુત શૈલીથી અંતરમાં અતીવ આનંદિત થાય છે અને બોધને સમ્યક્પણે ગ્રહણ કરી તેમાં તરબોળ બને છે. સમાધાન થયા પછી તે તેનો વિનયપૂર્વક પૂર્ણપણે સ્વીકાર પણ કરે છે. જેમ કે પ્રથમ પદના સમાધાન પછી તેનો મુક્તકંઠે સ્વીકાર કરતાં તે શ્રીગુરુને કહે છે –

'આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર.' (૫૯)

શિષ્ય સદ્ગુરુના સમાધાનને બરાબર સમજ્યો છે, તેનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે સમાધાન થયા પછી એ પ્રશ્નો પુનઃ આવ્યા નથી. તે સુશિષ્ય હોવાથી શંકાનું પૂર્ણ રીતે સમાધાન ન થાય ત્યાં સુધી વિનયપૂર્વક પૂછે છે અને સમાધાન ઉપર ચિંતન કરીને એની પ્રતીતિ કરે છે, અન્યથા એ જ પ્રશ્નો પુનઃ પુનઃ આવ્યા કરે. તેણે સદ્ગુરુની વાત ઉપર વિચારણા કરીને પૂર્ણ શ્રદ્ધા કરી છે. તે છ પદને પોતાના અંતરથી યથાર્થપણે એવી રીતે સમજ્યો છે કે ફરીને તેમાં સંદેહ ન આવે. સમજ્યા વિના ખોટો વિવેક કરીને સદ્ગુરુના વચનને 'પ્રમાણ વચન' કહેવાને બદલે તે પૂર્ણપણે સમજવાનો અને બોધનું પરિણમન કરવાનો પુરુષાર્થ કરે છે. આવો સુવિચારવાન, વિનયવંત અને જિજ્ઞાસુ શિષ્ય જ તત્ત્વજ્ઞાનનો સાચો અધિકારી છે અને તે જ આત્મદ્રષ્ટા સદ્ગુરુની અપૂર્વ વાણીને સમજી શકે છે અને પરિણામે તેનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરી શકે છે. અહીં શિષ્યની મુમુક્ષુતા પણ દૃષ્ટિગોચર થાય છે. પ્રશ્નો પૂછવા પાછળનો તેનો એકમાત્ર હેતુ મોક્ષપ્રાપ્તિનો છે. મોક્ષનો ઉપાય સમજવાની તેને અભિલાષા છે. કર્તાપણાની શંકા રજૂ કરતાં પણ શિષ્યના લક્ષ્યમાં તો મોક્ષનો ઉપાય જ છે. તે કહે છે –

'માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય.' (૭૩)

છ પદ સંબંધી શંકા સદ્ગુરુ સમક્ષ રજૂ કરવાનો શિષ્યનો હેતુ કેવળ બૌદ્ધિક જ્ઞાનની પ્રાપ્તિ નથી. તેનો હેતુ તો છ પદનું જ્ઞાન લઈ, મોક્ષના ઉપાય દ્વારા મોક્ષપ્રાપ્તિ માટેનો છે. તેને તો સ્વરૂપસમજણ દ્વારા સ્વરૂપપ્રાપ્તિ કરવી છે. તેને સ્વાનુભવ કરવાની પ્રબળ ઉત્કંઠા છે. તેને નિજાનુભૂતિની લગની લાગી છે. પરભાવોથી વિરક્ત થઈ, સ્વભાવદશામાં રમવાની તેની ભાવના છે. તેને તત્ત્વને અનુભવવાની તીવ્ર તમન્ના છે. તે મોક્ષના ઉપાયની પ્રાપ્તિને પોતાનું પરમ સદ્ભાગ્ય ગણે છે. મોક્ષનો ઉપાય જાણવાની પોતાની ઉત્સુકતા દર્શાવતાં તે કહે છે –

'તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય?' (૯૫)
'પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય.' (૯૬)

આમ, શિષ્યના પ્રશ્નો દ્વારા શ્રીમદ્જીએ જણાવ્યું છે કે શિષ્યમાં મુમુક્ષુતા, સ્વરૂપજિજ્ઞાસા, સત્યતત્ત્વગવેષકતા, ભક્તિ, શ્રદ્ધા, વિનય, નમ્રતા, સરળતા, સ્પષ્ટવક્તાપણું, નિખાલસતા, નિર્ભયતા, વિચક્ષણતા, નિરાગ્રહિતા, પક્ષપાતરહિતતા, સ્વચ્છંદરહિતપણું,

નિરહંકારપણું આદિ ગુણો હોવા જોઈએ. આવો શિષ્ય સદ્‌ગુરુએ દર્શાવેલા ઉપાય અનુસાર ચાલે તો કાર્યસિદ્ધિ થાય છે. તે વિનયપૂર્વક ગુરુ પાસેથી અબાધિત જ્ઞાન મેળવી ઉચ્ચ ભૂમિકાએ પહોંચે છે. તે જ્ઞાન તેને માટે અનુભવનું અમૃત બની જાય છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના શિષ્ય વિષે શ્રી કાનજીસ્વામી કહે છે –

'શિષ્યની લાયકાત કેવી હોય, સત્‌સ્વરૂપનો જિજ્ઞાસુ શિષ્ય કેવો જોઈએ, પાત્રતાની ભૂમિકા કેમ વધે તે અહીં જોવાનું છે... શ્રીમદ્ અત્રે શિષ્યને કહે છે - હે વિચક્ષણ! તું જાણ.'

આવા સુપાત્રવાન શિષ્યને જોઈને સદ્‌ગુરુનું હૃદય પણ પ્રફુલ્લિત થઈ જાય છે. તેમના અંતરમાં રહેલો જ્ઞાનભંડાર ખૂલી જાય છે. આવા સુશિષ્યને તો સદ્‌ગુરુ પણ યમદેવની માફક પ્રશ્ન પૂછવા સહર્ષ ઉત્તેજન આપે છે કે 'હે નચિકેતા! તારા જેવા અમને પૂછનાર હજો.' ('त्वाहङ्, नो भूयात् नचिकेतः! प्रष्टा') સદ્‌ગુરુ પણ અપાર વાત્સલ્યભાવથી શિષ્યને મીઠી અમૃતમય ભાષામાં સફળતાના આશીર્વાદ આપે છે. મોક્ષનો ઉપાય જાણવા ઉત્કંઠિત સુશિષ્યને પ્રોત્સાહન આપતાં તેઓ કહે છે –

'પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.' (૯૭)

આમ, શિષ્યની છ પદ સંબંધી સર્વ શંકાઓ ટળવાથી તેને પૂર્ણ વિશ્વાસ આવે છે, અંતરમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને તે નિઃસંદેહ થઈ પરમ સંતોષને પામે છે. ષટ્‌પદના પ્રકાશક સદ્‌ગુરુના ઉપદેશનું યથાર્થ ગ્રહણ અને પરિણમન થતાં તેનું અજ્ઞાન દૂર થઈ તેને જ્ઞાનપ્રાપ્તિ થાય છે. તે સદ્‌ગુરુ સમક્ષ પોતાને થયેલા અનુભવનું વર્ણન કરે છે અને તેનું સર્વ શ્રેય નિષ્કારણ કરુણાશીલ સદ્‌ગુરુને અર્પે છે. તે પોતાની સાધનાની સિદ્ધિ માટે સદ્‌ગુરુની કૃપાને જ સર્વોત્તમ નિમિત્ત માને છે. સદ્‌ગુરુના અનંત ઉપકારોથી તે ગદ્‌ગદિત થઈ જાય છે અને સદ્‌ગુરુનો ગુણાનુવાદ જ તેની જીભ ઉપર રમે છે. સદ્‌ગુરુ ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ સુપાત્રતાયુક્ત શિષ્ય જેમના દ્વારા કંઈક પામ્યો છે, તેમની સ્તુતિ-ભક્તિ કર્યા વિના રહી શકતો નથી. તે તેમની ગુણગાથાનું જ વારંવાર ઉચ્ચારણ, તેમની જ ભક્તિ, તેમની સેવામાં જ રાચે છે.

જ્યારે પરમ ઉપકારીના ઉપકારના સ્મરણથી અંતર નાચી ઊઠે છે, શબ્દની શક્તિ સીમિત લાગે છે ત્યારે વિશેષ કાંઈ ન કહેતાં તે પોતાના દાસત્વભાવને પ્રગટ કરે છે. શ્રીમદ્‌જીએ પણ શિષ્યમુખે આ જ ભાવો પ્રગટ કર્યા છે. સદ્‌ગુરુ ભગવાનના અમાપ ઉપકારનો પ્રત્યુપકાર વાળી શકાય એમ નથી એવું જાણતો હોવાથી અદ્‌ભુત ભક્તિયુક્ત આત્મસમર્પણની ભાવના ભાવતો શિષ્ય સદ્‌ગુરુ સમીપે પ્રણિપાત કરતાં કેવું ભાવવાહી વચન ઉચ્ચારે તેનું શ્રીમદ્‌જીએ અદ્‌ભુત દર્શન કરાવ્યું છે. તેમાં શિષ્યની અનન્ય ગુરુભક્તિને નિહાળી શકાય છે. તેના શબ્દે શબ્દે સદ્‌ગુરુ પ્રત્યેની ભક્તિ નીતરે છે. સદ્‌ગુરુનો અગાધ મહિમા દાખવતી આ ચાર ગાથા સદ્‌ગુરુભક્તિનો દિવ્ય પ્રકાશ રેલાવે છે. પરમ કૃતજ્ઞતાપૂર્ણ પોતાની અંતરસંવેદનાને વાચા આપતાં શિષ્ય કહે છે –

'અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.' (૧૨૪)
'શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.' (૧૨૫)
'આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.' (૧૨૬)
'ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.' (૧૨૭)

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આવી રીતે ભક્તિયોગ સંપૂર્ણપણે સધાયેલો હોવાથી તે સર્વને અત્યંત પ્રિય અને હૃદયસ્પર્શી નીવડે છે. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરનાર સાધકને આ ગ્રંથમાંથી સાંગોપાંગ માર્ગદર્શન મળી શકે એમ છે. આત્માર્થી જનોને ગુરુભક્તિનો રંગ ચડાવવા તે ખૂબ ઉપકારક છે. આ ગ્રંથમાં શ્રીમદ્‌જીની ગુરુભક્તિનું દર્શન પણ સહજપણે થાય છે. તેમાં તેમનું ભક્તહૃદય ધબકી રહ્યું છે. ભક્તિરસથી છલકાતા શિષ્યના હૃદયમાંથી નીકળેલા અંતરોદ્‌ગાર વાંચતાં કે સાંભળતાં હૃદયમાં આ ભક્તિ-વચનોનો પડઘો પડે છે અને મસ્તક આપોઆપ શ્રીમદ્‌જી પ્રત્યે ભક્તિથી નમી પડે છે.

આમ, શ્રીમદ્‌જીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અધ્યાત્મવિકાસમાં ઉત્તમ અવલંબનભૂત એવા ભક્તિયોગનું સુરેખ નિરૂપણ કર્યું છે. સદ્‌ગુરુની ભક્તિ એ મોક્ષમાર્ગનું પ્રધાન અંગ હોવાથી શ્રીમદ્‌જીએ સદ્‌ગુરુની આવશ્યકતા, તેમનાં લક્ષણો, તેમનો મહિમા, શિષ્યનું સ્વરૂપ, ભક્તિથી આત્મદશામાં થતી પ્રગતિ આદિ વિષયો દ્વારા ભક્તિયોગને સમજાવ્યો છે. શ્રીમદ્‌જીએ આ ગ્રંથમાં ભક્તિયોગનાં સર્વ પાસાંને સંપૂર્ણપણે ગૂંથી લીધાં છે અને છતાં ખૂબીની વાત એ છે કે આ આખા શાસ્ત્રમાં 'ભક્તિ' શબ્દ કશે પણ વપરાયો નથી!

✶ ✶ ✶

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

૧૧૦૦૦	ગુલાબદાસ એન્ડ કું.
૧૦૦૦	અશોક એસ. મહેતા
૧૨૦૦૦	**કુલ રકમ**

પરદેશ લવાજમ

૬૫૦૦	હિરેન એસ. ગાલા U.S.A.
૨૨૦૯	ભદ્રાબેન કોઠારી-કેનેડા
૮૭૦૯	**કુલ રકમ**

પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

૨૫૦૦૦	જાસુદબેન કાન્તિલાલ સોનાવાલા હસ્તેઃ શ્રી નિતિનભાઈ સોનાવાલા
૨૫૦૦૦	**કુલ રકમ**

જાગૃતિ

☐ ભાણદેવ

(ગયા અંકનું ક્રમશઃ ચાલુ)

૪. જાગૃતિ દ્વારા શું થાય છે ?

આપણી સામાન્ય કક્ષાની જાગૃત અવસ્થામાં આપણે મહદ્ અંશે ચાર પ્રકારની ક્રિયાઓ કરતા હોઈએ છીએ.

(૧) પ્રત્યક્ષીકરણ – જ્ઞાનેન્દ્રિયો દ્વારા બાહ્ય જગતનું જ્ઞાન મેળવવાની ક્રિયા.

(૨) લાગણી કે આવેગના અનુભવ – સુખદુઃખ, માન-અપમાન, કામ-ક્રોધ, ભય આદિનો અનુભવ.

(૩) કર્મ – કોઈ પણ પ્રકારની ક્રિયા.

(૪) વિચારણા, કલ્પના, ચિંતન, આયોજન વગેરે

માનસિક ક્રિયાઓ

જ્યાં સુધી આપણે આપણી સામાન્ય ચેતનામાં જીવતા હોઈએ છીએ ત્યાં સુધી આ ક્રિયાઓ દરમિયાન તેમાં મહદ્ અંશે ખોવાઈ જતાં હોઈએ છીએ. આપણે આપણી જાગૃતિને ગુમાવીને તેમાં રમમાણ બની જતા હોઈએ છીએ. આપણી ચેતના જે તે ક્રિયા સાથે તદાકાર બની જતી હોય છે. જ્યારે વ્યક્તિ ક્રોધ કરે છે, ત્યારે તે ક્રોધ સાથે એકાકાર બની જાય છે. તેનામાં ક્રોધ અને પોતાની જાતને જુદા પાડીને જોવાની આવડત નથી, તેથી તે ક્રોધને ખોટું પીઠબળ આપી દે છે. આવી રીતે બધી મનોશારીરિક ક્રિયાઓ દરમિયાન આપણી સ્વજાગૃતિની જ્યોત પ્રજ્વલિત રહેતી નથી. આપણે મોટે ભાગે અને મહદ્ અંશે આ બધી ક્રિયાઓ બેભાનાવસ્થામાં કરતા હોઈએ છીએ. હા, ઊંઘ અને બેભાનાવસ્થાના પ્રમાણમાં આપણી આ સામાન્ય જાગૃતાવસ્થામાં કાંઈક થોડીઘણી જાગૃતિ રહેતી હોય છે. આ આપણી અહંયુક્ત ચેતનાની પદ્ધતિ છે. આ જ આપણું અજ્ઞાન છે. જ્યારે આપણી ચેતના પોતાના વિશે જાગૃત થાય, આપણે વિષયો સાથેની તદાકારતામાંથી બહાર આવીએ, આપણી દૃષ્ટિ અંદર વળે એટલે આપણી જાગૃતિ અર્થાત્ અવધાનાવસ્થાનો પ્રારંભ થાય છે. આપણે ચેતનાની એક નવી અવસ્થામાં પ્રવેશ કરીએ છીએ. આપણે મનોમય અને અહંયુક્ત ચેતનામાંથી બહાર નીકળીએ છીએ. આપણી ચેતના જે કોચલામાં, અજ્ઞાનના આવરણમાં પુરાયેલી છે તે કોચલામાં તિરાડો પડવા માંડે છે. આપણે મહાચૈતન્યના પ્રકાશની ઝલક પામીએ છીએ. આપણી જાગૃતિની માત્રા વધી જાય છે. આપણી અંદર દીવો પ્રગટે છે. તે દીવાના પ્રકાશમાં આપણે ઘણી નવી બાબતો જોઈ શકીએ છીએ, જે આપણે પહેલાં જોઈ શકતા ન હતા. આપણું દર્શન બદલાઈ જાય છે કારણ કે આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે. આપણું દર્શન ઘણું ગહન અને વ્યાપક બની જાય છે. અંધકારમાં ફાંફાં મારવા અને સૂર્યના પ્રકાશમાં જોવું તે બંનેમાં જેટલો તફાવત છે, તેટલો તફાવત પ્રથમ અને પછીની અવસ્થામાં છે.

આ જાગૃતિ કે અવધાનના પ્રાગટ્યથી આપણી ચેતનામાં, આપણી મનોદશામાં અને આપણા વ્યવહારમાં ક્રાંતિકારી પરિવર્તનો આવે છે.

જીવનમાં યથાર્થ જાગૃતિના પ્રાગટ્યથી આપણાં જીવનમાં કેવાં કેવાં ક્રાંતિકારી પરિવર્તનો આવે છે, તેવી એક રૂપરેખા અહીં પ્રસ્તુત છે.

(૧) અહંયુક્ત નાની ચેતના મહાચેતનાના સંપર્કમાં આવે છે.

(૨) જીવન અને જગતને જોવાની આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે, તેથી જીવન અને જગતનું આપણું દર્શન બદલાઈ જાય છે.

(૩) આપણું પ્રત્યક્ષીકરણ વધુ સ્પષ્ટ, વધુ સમગ્ર અને વધુ યથાર્થ બને છે. અરે! જાગૃતિની પળોમાં ઝાડપાનનો વર્ણ જુદો જ દેખાય છે. પુષ્પો નવું સ્વરૂપ ધારણ કરે છે.

(૪) આપણી લાગણી શાંત અને સ્વસ્થ બને છે. કામક્રોધના વેગ મોળા પડવા માંડે છે; કારણ કે અવધાનના પ્રકાશમાં આ અંધકારની સેના ટકી શકતી નથી.

(૫) આપણી વિચારણા વધુ સ્પષ્ટ અને વધુ વિવેકયુક્ત બને છે. આપણા નિર્ણયો સમતોલ બને છે. આપણી બધી બૌદ્ધિક–માનસિક ક્રિયાઓ વધુ સૂક્ષ્મ અને વધુ સ્પષ્ટ બને છે.

(૬) આપણા કર્મો વધુ નિષ્કામ, સમર્પિત અને ક્ષમતાયુક્ત બને છે. આપણી કર્મકુશળતા વધી જાય છે.

(૭) ભૂતકાલીન સ્મૃતિઓ અને ભવિષ્યની ચિંતાના બોજમાંથી મન મુક્ત થવા માંડે છે. એટલે જીવન સ્વસ્થ, પ્રસન્ન અને હળવું ફૂલ બનવા માંડે છે.

(૮) આપણી ચેતનામાં પ્રાણીમાત્ર પ્રત્યે સદ્ભાવ અને પ્રેમ પ્રગટે છે.

(૯) રાગ-દ્વેષનું વિસર્જન થવા માંડે છે.

જેમ એક લોટા પાણીમાં એક ચમચી મધ નાખવામાં આવે તો બધું જ જળ મધુર બની જાય છે. તેવી જ રીતે જીવનમાં જાગૃતિનું તત્ત્વ ઉમેરાય છે, ત્યારે સમગ્ર જીવનનું રૂપાંતર થવા માંડે છે.

હવે આપણે જોઈએ કે આ યથાર્થ જાગૃતિ કે અવધાનના વિકાસ દ્વારા જીવનના ભિન્ન ભિન્ન પાસા પર કેવી અસર થાય છે.

૫. જાગૃતિ દ્વારા આધ્યાત્મિક રૂપાંતર

અધ્યાત્મપથ પર ત્રણ પ્રક્રિયાઓ સાથે સાથે બને છે. કોઈ પણ આધ્યાત્મિક સાધન દ્વારા આ ત્રણ પ્રક્રિયાઓ બને છે કે નહિ અને ક્યા સ્વરૂપે બને છે, તેને આધારે તે આધ્યાત્મિક સાધનનું મૂલ્યાંકન

થાય છે. અધ્યાત્મપથની ત્રણ પ્રક્રિયાઓ આ છે :

(૧) ચિત્તશુદ્ધિ

(૨) મનસાતીત ભૂમિકામાં આરોહણ

(૩) ભાગવત ચેતનાનો સ્પર્શ

જાગૃતિનો માર્ગ અર્થાત્ અવધાનપથ એક અધ્યાત્મ સાધન છે. હવે આપણે જોઈએ કે અવધાનપથ પર આ ત્રણે પ્રક્રિયાઓ કેવી રીતે બને છે.

(૧) ચિત્તશુદ્ધિ

ચિત્તની કોઈ પણ અશુદ્ધિનું બળ તે અશુદ્ધિના સ્વરૂપ અંગેના આપણાં અજ્ઞાન પર અવલંબે છે. આપણે અશુદ્ધિના મૂળસ્વરૂપને સમજતાં નથી અને તેની સમગ્ર ગતિવિધિ વિશે જાગ્રત નથી, તેના બળે અશુદ્ધિ ટકી રહે છે. આનો અર્થ એમ છે કે અશુદ્ધિઓનું મૂળ કારણ અજ્ઞાન છે. અવધાન તે જાગૃતિ અને સમજનો માર્ગ છે. જાગૃતિના પ્રકાશમાં ચિત્તના ક્લેશો અને વૃત્તિઓનું સ્વરૂપ આપણી સમક્ષ તેના યથાર્થ સ્વરૂપે પ્રગટ થાય છે. કોઈ પણ અશુદ્ધિ જ્ઞાનના પ્રકાશ સામે ટકી ન શકે. અશુદ્ધિનું યથાર્થ સ્વરૂપ આપણી ચેતના સમક્ષ પ્રગટ થતાં તેનું બળ આપોઆપ ઘટવા લાગે છે. તેની આપણા ચિત્ત પરની પકડ આપોઆપ ઘટવા લાગે છે. એક જાગૃત માનવી અગ્નિને સ્પર્શે, તેનાથી થતા દાહને અનુભવે એટલે તેને અગ્નિથી દૂર રહેવાની ઇચ્છા થાય જ. તે જ રીતે વાસનાઓ અને તેના ભોગની દાહકતા જાગૃતિના પ્રકાશથી જોઈ શકાય છે.

જેમાં વેદના અને ગંદકી જ છે, એવા ભોગો માનવીને આકર્ષે છે, તેનું કારણ અજ્ઞાનજન્ય મોહ છે. મોહના આવરણ વિના કોઈ પણ માનવ વાસનાના ભોગમાં ઊતરી શકે નહિ. કોઈ પણ વૃત્તિનો ભોગ તેના યથાર્થ સ્વરૂપે આનંદદાયક નથી, હોઈ શકે નહિ. આમ છતાં તે સુખદ લાગે છે, તેનું કારણ મોહજન્ય નશો છે, આપણાં દર્શનની ખામી છે. જાગૃતિ આપણને યથાર્થ દર્શન આપે છે. યથાર્થ દર્શન ચિત્તશુદ્ધિનું મૂલ્યવાન સાધન છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, ભય, ગ્રંથિઓ – આ સર્વ અશુદ્ધિઓનું બળ તેમના પ્રત્યેની આપણી બેભાનાવસ્થા છે. જાગૃતિના પ્રકાશમાં તેમનું વિસર્જન થવા માંડે છે. માત્ર ભોગેચ્છા જ નહિ, અન્ય અશુદ્ધિઓનું વિસર્જન પણ જાગૃતિ દ્વારા થાય છે. ચિત્તશુદ્ધિની સાધનાનું જાગૃતિરૂપી કેન્દ્ર છે.

(૨) મનસાતીત ભૂમિકામાં આરોહણ

જાગૃતિ અર્થાત્ અવધાનની ઘટના જ્યારે તેના યથાર્થ સ્વરૂપે પ્રગટે ત્યારે આપણી ચેતના મનસાતીત ભૂમિકાએ પહોંચે જ. મનની ક્રિયાઓ આપણી ચેતનાને નીચેની ભૂમિકાએ બાંધી રાખે છે. અવધાન જ્યારે પ્રગાઢ બને ત્યારે તે અવસ્થામાં મનની ક્રિયાઓ પાંખી પડવા માંડે છે અને આખરે બંધ પડી જાય છે. આમ બને એટલે ચેતના આપોઆપ મનસાતીત ભૂમિકાએ આરોહણ કરે છે.

મન તો ત્યાં સુધી રોકી રાખે છે, જ્યાં સુધી આપણે મનની ક્રિયાઓમાં રમમાણ રહીએ છીએ. જ્યારે આપણે મનની ક્રિયાઓમાં રાચવાનું બંધ કરીએ છીએ ત્યારે સહજ સરળ રીતે આપણે મનસાતીત ભૂમિકામાં પ્રવેશ કરીએ છીએ. મનની ક્રિયાઓમાં રાચવાનું બંધ થાય કેવી રીતે? અવધાન અર્થાત્ જાગૃતિ તે માટેનો સમર્થ ઉપાય છે. પ્રગાઢ અવધાનના પ્રકાશમાં મનની ક્રિયાઓ બંધ થતાં જ આપણી ચેતના સડસડાટ મનસાતીત ભૂમિકામાં પ્રવેશ પામે છે. આમ અવધાન મનસાતીત ભૂમિકાએ, ઊર્ધ્વાવસ્થામાં પ્રવેશવાનું સાધન બની શકે તેમ છે.

(૩) ભાગવત ચેતનાનો સ્પર્શ

ચિત્ત જ્યારે મનસાતીત ભૂમિકાએ પહોંચે ત્યારે ભાગવતચેતના સાથે તેનો સંપર્ક પણ થાય છે. વસ્તુતઃ વ્યક્તિચેતનાનો ભાગવત-ચેતના સંબંધ છે જ. મનની પ્રક્રિયાઓમાં રમમાણ રહેવાને કારણે આપણે અહંકારની સીમાથી બદ્ધ રહીએ છીએ. આમ હોવાથી આપણી વ્યક્તિગત ચેતનાના ભાગવત ચેતના સાથેના સંબંધ વિશે આપણે સભાન નથી. મનની ક્રિયાઓથી મુક્ત થતાં જ અહંકારની સીમાનું ભેદન થાય છે અને આપણને ભાગવતચેતનારૂપી મહાસમુદ્રનાં દર્શન થાય છે, ભાગવતચેતનાનો સ્પર્શ મળે છે.

અવધાન દ્વારા આપણી ચેતના નિઃસ્પંદ બને છે, નિરવ બને છે અને આવી નિઃસ્પંદ ચેતના ભાગવતસ્પર્શ પામવા માટેનું સમુચિત માધ્યમ છે, સમુચિત આધાર છે.

અવધાનમાં વિકસેલી ચેતના કૃપા માટે યથાર્થ પ્રાર્થના કરી શકે છે અને ભાગવતકૃપાનો સ્પર્શ પણ પામી શકે છે.

અવધાનના પ્રકાશથી પરિશુદ્ધ બનેલું ચિત્ત ભાગવત-કૃપાને પામવાનું યોગ્ય પાત્ર છે.

આમ જાગૃતિ અર્થાત્ અવધાન દ્વારા ભાગવત-સ્પર્શની ત્રીજી ઘટના પણ ઘટી શકે છે.

આનો અર્થ એમ કે જાગૃતિ અર્થાત્ અવધાનનું આધ્યાત્મિક રૂપાંતર માટે ઘણું મોટું મૂલ્ય છે. અવધાન આધ્યાત્મિક વિકાસ અને આધ્યાત્મિક રૂપાંતર માટેનું એક સમર્થ સાધન બની શકે છે.

(૬) જાગૃતિ અને નિત્યજીવન

જાગૃતિ માત્ર અધ્યાત્મપથના યાત્રીઓ માટે જ છે, તેવું નથી. જાગૃતિ માત્ર અધ્યાત્મ સાધન જ છે, તેવું પણ નથી. વળી જાગૃતિ કોઈ વિરલ ઘટના છે અને અસાધારણ યોગ્યતાવાળા વિરલ માનવો જ તેને પામી શકે છે તેવું પણ નથી.

જાગૃતિ સર્વજન સુલભ છે. જાગૃતિ સર્વજનોના નિત્યજીવનમાં સહાયક તત્ત્વ છે. એટલું જ નહિ પરંતુ જીવનના નાના મોટા સર્વ વ્યવહારો અને સંબંધોનું રૂપાંતર કરી શકે તેવું તેનું પોત છે. તેથી આપણે જાગૃતિની સાધના તો સાધુબાબાઓ માટે જ છે, તેમ માનીને તેની અવગણના કરવા માંડીએ તો આપણે જીવનની એક બહુ

મૂલ્યવાન વસ્તુથી વંચિત રહી જઈએ છીએ, તેમ સમજવું જોઈએ.

જાગૃતિ વ્યક્તિના જીવનને સ્વસ્થ બનાવે છે. જાગૃતિ દ્વારા વ્યક્તિના નિત્યજીવનની અનેક સમસ્યાઓનું નિરાકરણ પ્રાપ્ત થાય છે. જાગૃતિના પ્રકાશથી વ્યક્તિના જીવનમાં ઊંડાણ પ્રગટે છે અને વ્યક્તિનો એક નવા પરિમાણમાં પ્રવેશ થાય છે. મનની અનેક સમસ્યાઓ જાગૃતિના અભાવમાં પેદા થાય છે અને જાગૃતિના પ્રકાશમાં તેમનું નિરાકરણ લાધે છે.

જાગૃતિ દ્વારા વ્યક્તિના અન્ય સાથેના સંબંધોમાં સંવાદિતા પ્રગટે છે. વ્યક્તિ-વ્યક્તિના સંબંધોમાં જે ગૂંચો પેદા થાય છે, તેનું પાયાનું કારણ જાગૃતિનો અભાવ છે. જાગૃત વ્યક્તિ સ્વસ્થ હોય છે અને જાગૃત વ્યક્તિનો અન્ય વ્યક્તિઓ સાથેનો વ્યવહાર પણ સ્વસ્થ જ હોવાનો!

આ ધરતી પર માનવી સુખચેનથી કેમ રહી નથી શકતો? કારણ એ છે કે હજુ માનવીમાં પર્યાપ્ત પ્રમાણમાં જાગૃતિનો વિકાસ થયો નથી. એવું લાગે છે કે જાગૃતિના પંથ પર હજુ માનવી પા પા પગલી જ કરે છે. પણ સદ્‌ભાગ્યે માનવી ઇચ્છે તો વધુને વધુ જાગ્રત થઈશકે છે. અને આમ બને તો? માનવી, આ પૃથ્વી પરના માનવો વધુને વધુ જાગ્રત બને તો! તો તો આ બ્રહ્માંડમાં જે કોઈ ગ્રહો પર માનવો વસતા હશે ત્યાંના માનવો અવકાશયાન દ્વારા પૃથ્વીની યાત્રા કરવા માટે આવવા માંડશે! જાગૃતિનો આવો મહિમા છે! માનવજીવનનું રૂપાંતર કરવાની જાગૃતિની આવી અને આટલી ક્ષમતા છે!

(૭) જાગૃતિ દ્વારા મનોચિકિત્સા

સાંજના સમયે એક બાળક પોતાના ઘરના એક ખૂણામાં પોતાની દોરીની ગૂંચ ઉકેલતો હતો. અંધારું થવા માડ્યું હતું. બાળક પોતાની દોરીની ગૂંચ ઉકેલવા માટે ફાંફાં મારતો હતો. પરંતુ અંધારાને કારણે ગૂંચ ઉકેલાતી નહતી પણ દોરી વધુને વધુ ગૂંચાતી જતી હતી.

તે જ વખતે બીજા ઓરડામાંથી તેની માતાએ કહ્યું–

'ઓરડામાં લાઈટ કરજે!'

પણ બાળક તો પોતાની દોરીની ગૂંચ ઉકેલવામાં એવો તો તન્મય હતો કે તેણે માતાના બોલ પર ધ્યાન આપ્યું નહિ. માતાએ ફરી ફરી ઓરડામાં લાઈટ કરવાની તાકીદ કરી પણ બાળક પોતાના કાર્યને પહેલાં પૂરું કરવા ઇચ્છતો હતો. માતાએ વારંવાર લાઈટ કરવાની સૂચના આપી એટલે બાળકે તેને જવાબ આપ્યો–

'મા! મારી આ દોરી ગૂંચાઈ ગઈ છે. પહેલાં હું આ દોરીની ગૂંચ ઉકેલી લઉં છું. પછી તુરત લાઈટ કરીશ.'

આટલું કહીને બાળક પોતાના કાર્યમાં તલ્લીન બની ગયો. બાળક અંધારામાં દોરીની ગૂંચ ઉકેલવા માટે ફાંફાં મારતો રહ્યો અને દોરી વધુને વધુ ગૂંચાતી ગઈ.

આખરે માતા બાળક પાસે આવી. તેણે જોયું કે બાળક પોતાની દોરીની ગૂંચ ઉકેલવા માટે અંધારામાં પ્રયત્નો કરે છે. અંધારામાં ગૂંચ ઉકલે કેવી રીતે? અંધારામાં તો ગૂંચ વધુને વધુ ગૂંચાતી જાય છે!

માતાએ તુરત ઓરડામાં લાઈટ કરી. ઓરડો પ્રકાશિત બન્યો. માતાએ બાળકને કહ્યું, 'બેટા! અંધારામાં ગૂંચ ન ઉકલે. પહેલાં પ્રકાશ પ્રગટાવ. તે પ્રકાશની સહાયથી તારી દોરીની ગૂંચ ઉકેલી નાખ.'

ઓરડામાં પ્રકાશ પ્રગટતાં જ બાળકના કાર્યનું સ્વરૂપ બદલાઈ ગયું. હવે પ્રકાશમાં તો દોરીની ગૂંચ ક્યાં છે, તે બાળક તુરત સમજી ગયો અને પ્રકાશની મદદથી તેણે દોરીની ગૂંચ તુરત ઉકેલી નાખી.

હવે પ્રશ્ન એ છે કે પહેલાં પ્રકાશ પ્રગટાવવો કે પહેલાં ગૂંચો ઉકેલવી? જીવનમાં અનેક ગૂંચો હોય છે. જાગૃતિના પ્રકાશના અભાવમાં અર્થાત્ બેભાનાવસ્થાના અંધકારમાં આપણે તે ગૂંચો ઉકેલવા ફાંફાં મારીએ છીએ. હવે કહો ગૂંચો ઉકેલાય કેવી રીતે?

પહેલાં જીવનમાં જાગૃતિનો પ્રકાશ પ્રગટાવો. પછી જીવનની ગૂંચો ઉકેલવાનું કાર્ય ઘણું સરળ બની જશે.

આ સત્ય જેમ સામાન્ય માનવીને લાગુ પડે છે, તેમ માનસિક રોગના દરદીને પણ લાગુ પડે છે. માનસિક બીમારીઓ વસ્તુતઃ મનની ગૂંચો જ છે ને! મનની સમસ્યાઓ જ છે ને! દરદી આ ગૂંચોમાંથી મુક્ત થવા માટે પોતાની રીતે લગભગ બેભાન રીતે ફાંફાં મારતો જ હોય છે. પરંતુ અંધકારને કારણે આ ગૂંચો વધુને વધુ કઠિન બનતી જાય છે. જો આ દરદીના જીવનમાં કોઈક રીતે જાગૃતિનો પ્રકાશ પ્રગટે તો? તો જાગૃતિના પ્રકાશમાં દરદીના જીવનની અનેક ગૂંચો સરળતાથી ઉકેલાવા માંડશે.

બેભાનાવસ્થા દરદીની સમસ્યાના પાયામાં હોય છે અને જાગૃતિ દ્વારા આ સમસ્યાનો ઉકેલ સરળતાથી હાથવગો બને છે.

આનો અર્થ એમ કે જો માનસરોગના દરદીની જાગૃતિનું ધોરણ ઊચું આવે તો દરદી આ જાગૃતિના પ્રકાશમાં પોતાની સમસ્યાઓનું સ્વરૂપ જોઈ શકે છે, સમજી શકે છે. પોતાની સમસ્યાના સ્વરૂપની સમજ તો સમસ્યામાંથી મુક્ત થવાનો ઉત્તમ ઉપાય છે.

પ્રશ્ન એ છે કે દરદીની જાગૃતિનું ધોરણ ઊંચું આવે કેવી રીતે?

સૌથી પ્રથમ તો દરદીને જાગૃતિ અને સમજનો મહિમા સમજાવવો જોઈએ. દરદીને જાગૃતિ અને સમજના માટે તૈયાર કરવો જોઈએ. દરદી તે માટે તત્પર થાય પછી કામ સરળ બને છે.

આપણે જાગૃતિના વિકાસ માટેની પદ્ધતિઓની વિગતે વિચારણા કરી છે. શિક્ષક જેમ વિદ્યાર્થીની ભૂમિકા સમજીને તેના માટે તદનુરૂપ શિક્ષણકાર્યનું સ્વરૂપ ગોઠવે છે તેમ ચિકિત્સકે દરદીની અવસ્થા સમજીને તેના માટે જાગૃતિ અને સમજના વિકાસ માટેનો કાર્યક્રમ તૈયાર કરવો જોઈએ. જાગૃતિવિકાસના આપણે વિચારેલા ઉપાયોનો વ્યક્તિગત ભિન્નતાને ખ્યાલમાં રાખીને તદનુરૂપ વિનિયોગ કરવો જોઈએ.

દરદીમાં જાગૃતિનું તત્ત્વ વિકસે તેમ તેમ તેણે પોતાના મનની ગતિવિધિને પારખતાં અને પોતાની સમસ્યાઓના સ્વરૂપને સમજતાં શીખવવું જોઈએ.

જાગૃતિના વિકાસની સાથે સાથે યૌગિક પરામર્શનો વિનિયોગ પણ કરવો જોઈએ. યૌગિક પરામર્શ દ્વારા દરદી જાગૃતિના પ્રકાશનો વિનિયોગ પોતાના રોગના મૂળભૂત કારણને સમજવા માટે કરે તેમ થવું જોઈએ.

જાગૃતિવિકાસની ભિન્ન ભિન્ન પદ્ધતિઓના વિનિયોગ દ્વારા દરદી પોતાની જાત વિશે અને જગત વિશે જાગ્રત બનતો જાય છે. યૌગિક પરામર્શ દ્વારા દરદી પોતાના રોગના સ્વરૂપને સમજે છે. આમ જાગૃતિ અને સમજનો અહીં સુભગ સમન્વય થાય છે. આ બંનેના સમન્વય દ્વારા દરદી પોતાની જાતને, પોતાની સમસ્યાને, પોતાના રોગના સ્વરૂપને યથાર્થ સ્વરૂપે જોઈ શકે છે.

માનસિક બીમારીઓમાં અવશપણાનું તત્ત્વ હોય છે. દરદી વિચાર અને ક્રિયા અવશપણે, અનિવાર્યપણે અર્થાત્ દબાણપૂર્વક કર્યા કરે છે. દરદી વિચાર અને ક્રિયાનું પુનરાવર્તન કરવા માટે બાધ્ય બની જાય છે. આ અવશપણાના પાયામાં અભાનપણું હોય જ છે. દરદી પોતે પોતાના વિચાર અને ક્રિયાના અવશપણાના કારણને જાણતો નથી. આ અભાનાવસ્થા અનિવાર્ય વર્તનનો આધાર બને છે. જો આ અભાનપણાને સ્થાને જાગૃતિની પ્રતિષ્ઠા થાય અને સમજ-હીનતાને સ્થાને સમજની પ્રતિષ્ઠા થાય તો પછી માનસિક બીમારીનું જોર સાવ ઘટી જાય છે. આ બીમારીના મૂળ જ હલી જાય છે.

ચિકિત્સક જાગૃતિના પ્રકાશમાં દરદીને પોતાના મનને સમજતાં શીખવે છે અને સમજ દરદીને બીમારીમાંથી મુક્ત કરે છે. જાગૃતિ અને સમજનો વિકાસ થતાં દરદીનું અભાનપણું તૂટે છે. અભાનપણાના વિસર્જનની સાથે સાથે અવશપણું પણ વિસર્જિત થવા માંડે છે. અવશપણાનું વિસર્જન થવા માંડે એટલે માનસિક બીમારીઓનું જોર અને તીવ્રતા ઘટવા માંડે છે. દરદી પોતાના મૂળભૂત મનઃસ્વાસ્થ્ય તરફ દૃઢ પગલે ગતિ કરવા માંડે છે.

(૮) સમાપન

તીવ્ર મનોવિકૃતિઓના દરદીઓને જાગૃતિવિકાસના માર્ગે દોરી શકાય તેવી શક્યતા નથી કારણ કે તેઓનું વ્યક્તિત્વ સાવ વિચ્છિન્ન થઈ ગયું હોય છે. પરંતુ હળવી મનોવિકૃતિઓના દરદીઓને જાગૃતિવિકાસના માર્ગે દોરી શકાય તેમ છે; કારણ કે તેમનું વ્યક્તિત્વ સર્વથા વિચ્છિન્ન હોતું નથી. તેમને સ્વ અને પરનું તથા જાગૃતિ અને બેભાનાવસ્થાના ભેદનું જ્ઞાન હોય છે.

જાગૃતિવિકાસનું કાર્ય ત્વરાથી થઈ જાય તેવું સરળ કાર્ય પણ નથી. ધૈર્યપૂર્વક દીર્ઘકાળપર્યંત આ પ્રકારનો અભ્યાસ ચાલુ રાખવામાં આવે તે આવશ્યક છે. આ કાર્ય દરદી અને ચિકિત્સક, બંનેની કસોટી કરે તેવું કાર્ય છે. આમ છતાં આ કાર્ય કરવા જેવું કાર્ય છે. જાગૃતિવિકાસનો આ માર્ગ પગલાં મૂકવા જેવો માર્ગ છે.

જે વ્યક્તિઓને કોઈ પણ જાતની બીમારી નથી, તેવા સમધારણ માનવોને પણ મનની કોઈક કોઈક ગૂંચો અને સમાયોજનની કોઈક કોઈક સમસ્યા હોય છે. તેઓ આ જાગૃતિવિકાસનો માર્ગ અપનાવે તો તેમની સમસ્યાઓના નિરાકરણમાં પણ આ સાધન દ્વારા ઘણી સહાય મળી શકે તેમ છે.

બીમારી આવે પછી ચિકિત્સા કરવા કરતાં પ્રથમથી જ સ્વાસ્થ્યની રક્ષા કરવી તે વધુ સારો વિકલ્પ છે. આ સત્ય માનસિક બીમારીઓ અને માનસિક સ્વાસ્થ્યને પણ લાગુ પડે છે. મનના સ્વાસ્થ્યની પ્રથમથી જ રક્ષા કરવી તે વધુ સારો વિકલ્પ છે. જાગૃતિનો વિકાસ, તે મનના સ્વાસ્થ્યની જાળવણી માટે મૂલ્યવાન સાધન છે.

✷ ✷ ✷

જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ

મુંબઈ યુનિવર્સિટી : ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી

પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક. ● એક વર્ષ કોર્સની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૬૫૦. ● સરળ ભાષામાં ફિલોસોફીની સમજ.

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

સર્ટિફિકેટ કોર્સ માટે મુંબઈમાં ચાર સેંટર :

મરીન લાઈન્સ : શકુંતલા સ્કૂલ : દર ગુરૂવાર બપોરે ૩ થી ૭
એડમિશન સંપર્ક :
ભરત વિરાણી : 9869037999, રૂપલ શાહ : 9967061303

બોરીવલી (વેસ્ટ) : એમ. કે. હાઈસ્કૂલ : દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક :
જયશ્રી દોશી : 9323761513, પારૂલ શાહ : 8898965677

ઘાટકોપર (ઈસ્ટ) : રામજી આશર સ્કૂલ, દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક :
અશ્વિન મેહતા : 9867726090, જિતેન્દ્ર ધરમશી : 9867628905

સાંતાક્રુઝ (ઈસ્ટ) : કલિના યુનિવર્સિટી કૉમ્પ્લેક્સ
દર શનિવાર: બપોરે ૧.૦૦ થી ૫.૦૦
એડમિશન સંપર્ક :
મહેન્દ્ર ધોલકિયા : 9820856535, મુકુંદ મણિયાર : 9820233138

કોર્સ ૧૮ જૂન ૨૦૧૭ થી એપ્રિલ ૨૦૧૮. સમગ્ર કુટુંબ ખાસ, કરીને યુવા વર્ગ સાથે કરવા જેવો અભ્યાસ. ● ૧૯૬૬થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૪૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.

ઉપનિષદમાં ભૂમાવિદ્યા

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદમાં રજૂ થયેલી વિદ્યાઓમાં એક બહુ અગત્યની વિદ્યા ભૂમાવિદ્યા છે. આ વિદ્યાનું નિરૂપણ 'છાંદોગ્ય ઉપનિષદ'ના સાતમા અધ્યાયમાં થયેલું છે. જીવન વ્યવહારમાં સફળ થવા માણસ અનેક વિદ્યાઓ શીખે છે, પછી એના વડે પોતાના જીવનમાં પરિવાર, સંતતિ, સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા વગેરે ઘણું પ્રાપ્ત કરે છે. એ બધાં વડે આહાર, વિહાર, નિવાસ, પ્રવાસ વગેરે પ્રકારના અનેક ભોગવિલાસ પણ માણે છે, પરંતુ તેમ છતાં તેને મળે છે કેવળ મોજ, મઝા; સુખ અને શાંતિ મળતાં નથી. જો અનેક વિદ્યાઓ મેળવ્યા પછીયે સાચાં સુખ અને શાંતિ ન મળતાં હોય તો જીવનમાં અતૃપ્તિ રહે છે. જીવનમાં ઈતિકર્તવ્યતા, કૃતકૃત્યતા, ધન્યતા, સાર્થકતાનો અનુભવ થતો નથી. એવો કૃતાર્થતાનો અનુભવ કરવો હોય તો માણસે કઈ વિદ્યાની જાણકારી મેળવવી જોઈએ, તે આ વિદ્યા દ્વારા સમજાવવામાં આવ્યું છે.

ઉપનિષદમાં આ વિદ્યાનું નિરૂપણ દેવર્ષિ નારદ અને સનતકુમાર વચ્ચે થતા વાર્તાલાપ દ્વારા થયેલું છે. નારદજીને ચારેય વેદો, ઇતિહાસ, પુરાણ, વ્યાકરણ, ગણિતશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, જેવાં શાસ્ત્રો અને દેવવિદ્યા, ભૂતવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા, ક્ષત્રવિદ્યા જેવી અનેક વિદ્યાઓ પ્રાપ્ત કર્યા પછીયે કૃતકૃત્યતાનો અનુભવ થયો નહિ, ત્યારે તેઓએ સનતકુમાર પાસે જઈને શોકનિવારણ અને સાચું સુખ આપનાર વિદ્યાજ્ઞાન આપવાની વિનંતી કરી.

સનતકુમારે તેઓ ક્યાં શાસ્ત્રો અને કઈ વિદ્યાઓ જાણે છે એ સમજી લીધા પછી એમને કહ્યું કે તમે અત્યાર સુધી માત્ર નામની જ ઉપાસના કરી છે, અને એવી ઉપાસના કરનારની ત્યાં સુધી જ ગતિ થાય છે જ્યાં સુધી નામની ગતિ છે. તેથી નારદજીએ ઉત્કંઠ થઈને પૂછ્યું; 'નામથી કંઈ અધિક જો હોય તો એ કહો.' સનતકુમારે કહ્યું, 'નામથી અધિક વાણી છે. નામ દ્વારા જે કાંઈ જ્ઞાન થાય છે તે બધું વાક્ ઉપર આધારિત છે. જે કોઈ વાણીની ઉપાસના કરે છે, તેની ગતિ ત્યાં સુધી જ થાય છે, જ્યાં સુધી વાક્‌ની ગતિ છે.' ત્યારે નારદજીએ પૂછ્યું: 'ભગવન! વાણીથી કોઈ અધિક છે?' સનતકુમારે કહ્યું: 'હા, મન વાણીથી મોટું છે. મનની અંદર જ વાણી અને નામ રહેલાં છે. જે મનની ઉપાસના કરે છે, તે મનની ગતિ છે ત્યાં સુધી તેઓ પહોંચે છે.' તેથી નારદે વળી ઉત્કંઠ થઈને પૂછ્યું: 'ભગવન! મનથી કોઈ મોટું છે?' ત્યારે સનતકુમારે કહ્યું: 'સંકલ્પ મનથી મોટો છે. માણસ જ્યારે સંકલ્પ કરે છે ત્યારે જ એ વિચાર કરે છે અને બોલે છે. પણ જ્યાં સુધી સંકલ્પની પહોંચ છે ત્યાં સુધી જ માણસની ગતિ છે.' નારદજી આ રીતે જ્ઞાનોત્સુક થઈને સનતકુમારને બધી ઉપાસનાઓમાં કોની ઉપાસના સર્વશ્રેષ્ઠ છે એ પૂછતા રહ્યા અને સનતકુમાર એમના પ્રશ્નોના ઉત્તર આપતાં આપતાં એ સર્વશ્રેષ્ઠ તત્ત્વની વાત સુધી એમને દોરતા ગયા.

એ સંવાદમાં સનતકુમારે નારદજીને સમજાવ્યું કે નામથી વાણી, વાણીથી મન, મનથી સંકલ્પ, સંતલ્પથી ચિત્ત, ચિત્તથી ધ્યાન, ધ્યાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી બળ, બળથી અન્ન, અન્નથી મોટું જળ, જળથી મોટું તેજ, તેજથી મોટું આકાશ, આકાશથી મોટું સ્મરણ, સ્મરણથી મોટી આશા, આશાથી મોટો પ્રાણ છે. પ્રાણની શ્રેષ્ઠતા સાંભળ્યા પછી નારદજીએ આગળ કશું જાણવાની ઇચ્છા પ્રગટ કરી નહીં. પ્રાણની ઉપાસના જ સર્વશ્રેષ્ઠ ઉપાસના હશે એમ ધારીને તેઓ મૂંગા રહ્યા. પણ સાચા જિજ્ઞાસુને પૂરી સમજ આપવી જોઈએ એ ધ્યેયથી સનતકુમારે એમને કહ્યું ખરેખર તો આથી આગળ વધીને સત્યની જિજ્ઞાસા કરવી જોઈએ.

નારદજી એને માટે ઉત્સુક થયા ત્યારે સનતકુમારે એમને સમજાવ્યું કે સત્યની પ્રાપ્તિ એમને એમ થતી નથી. એ પ્રાપ્ત કરવા માટે જેનાથી જ્ઞાન-વિજ્ઞાનની વિશેષરૂપે જાણકારી મળે છે તે મતિની ઉપાસના કરવી જોઈએ. મતિ માટે શ્રદ્ધાની, શ્રદ્ધા માટે નિષ્ઠાની, નિષ્ઠા માટે કૃતિની ઉપાસના કરવી જરૂરી હોય છે. કૃતિ દ્વારા જ માણસને ખરા સુખની પ્રાપ્તિ થાય છે. તેથી સુખની ઉપાસના કરવી જોઈએ.

આ સુખ એટલે શું એ સમજવા નારદ ઇચ્છા પ્રગટ કરે છે ત્યારે સનતકુમાર એમને સુખનું સ્વરૂપ સમજાવે છે. દુઃખશોકનિવારણ કેમ થાય અને સાચું સુખ શું છે એના વિશે નારદજીને સીધો ઉપદેશ આપવાને બદલે એક સાચા શિક્ષકની માફક પરસ્પર સંકળાયેલાં તત્ત્વો વિશે માહિતગાર કરતા જઈ સનતકુમાર એમને સુખતત્ત્વની અભિમુખ કરે છે અને સુખ એટલે શું, એનું સ્વરૂપ કેવું છે એ સ્પષ્ટરૂપે સમજાવે છે.

જે ભૂમા (વિશાળતા) છે એ જ સાચું સુખ છે, અલ્પતા (સંકુચિતતા)માં સુખ નથી. ત્યારે નારદજી તરત આ ભૂમા (વિશાળતા) એટલે શું એ સમજવાની ઇચ્છા કરે છે. ત્યારે સનતકુમાર એમને સમજાવે છે કે માણસ આ બ્રહ્માંડમાં જે કાંઈ છે તે પોતાનાથી જુદું છે એમ જુએ નહીં, જુદું છે એમ સાંભળે નહીં, જુદું છે એમ સમજે નહીં, એ ભૂમા (વિશાળતા) છે. આ બધાં તત્ત્વો-સત્ત્વો પોતાનાંથી બીજાં છે, જુદાં છે એમ જુવે, સાંભળે અને સમજે, એમાં અલ્પતા (સંકુચિતતા) છે. તેઓ સમજાવે છે કે આ ભૂમા (વિશાળતા) એ અમૃત છે, અને જે અલ્પતા (સંકુચિતતા) છે તે મરણાધીન છે. માણસો ઘરખેતર, ઢોરઢાંખર, પત્ની-બાળકો, ધનસંપત્તિ, સોનાંરૂપા, દાસદાસીઓમાં પોતાની મોટાઈ અને પોતાનું સુખ સમજે છે, પરંતુ

એમાં ખરી મોટાઈ નથી, ખરું સુખ નથી. માણસની ખરી મોટાઈ, ખરું સુખ એ વાતમાં છે કે એ સમજે કે મારી આગળ-પાછળ, ઉપર-નીચે, ડાબે-જમણે બધે જ આ ભૂમા છે. કારણ કે મારાથી જુદું બીજું કાંઈ નથી. મારી આસપાસ સર્વત્ર જે કાંઈ છે તે બધું જ મારી સરજત છે. તે બધું જ હું છું. માણસે સમજવું જોઈએ કે આ 'હું' એટલે આત્મા. એ જ ઉપર-નીચે, આગળ-પાછળ, ડાબે-જમણે છે. જે સંસારમાં, સૃષ્ટિમાં એ જીવી રહ્યો છે, એ બધાંમાં રહેલું સર્વ કાંઈ એના આત્મામાંથી જ પ્રસવેલું છે, એની ખુદની જ સરજત છે. જે આત્મા એના વ્યષ્ટિપિંડ (શરીર)માં છે, તે જ સમષ્ટિમાં બ્રહ્મ (પરમત્મા કે પરમ સત્યરૂપે) બ્રહ્માંડમાં રહેલો છે. વ્યષ્ટિની બ્રહ્માંડમાં અને બ્રહ્માંડની વ્યષ્ટિમાં પ્રતીતિ કરવી એ જ ખરી જીવનસાધના છે. જે માણસ આવું જોઈ, વિચારી અને સમજીને જીવે છે તે સાચું સુખ અને સાચો આનંદ પામે છે. જે મનુષ્ય આ રીતે સ્વ-રૂપ સાથે અનુસંધાન સાંધી શકે છે, એનાં બધાં શોકમોહ, રાગદ્વેષ અને દુઃખદર્દ નષ્ટ થઈ જાય છે અને બ્રહ્માનંદમાં કિલ્લોલ કરે છે.

સાતમા અધ્યાયની આ લઘુકથાનો સંકેત એ છે કે માણસના જીવનમાં આત્માથી જ પ્રાણ, આશા, સ્મરણ, આકાશ, તેજ, જળ અન્ન, બળ, વિજ્ઞાન, ધ્યાન, ચિત્ત, સંકલ્પ, મન, વાણી, નામ વગેરે ક્રિયાશીલ થાય છે. જીવનમાં જે કાંઈ ક્રિયાઓ થાય છે તે આત્માથી જ થાય છે. જ્ઞાનનો અર્થ જ છે આત્મજ્ઞાન. આવું જ્ઞાન પામેલો માણસ બધાંને આત્મરૂપે જ જુએ અને સ્વીકારે છે. તેથી એ બધાંને પામી શકે છે. આવો આત્મજ્ઞાની મરણને, રોગને અને દુઃખને ગણકારતો નથી. મિથ્યા સંસારને સત્ય અને નિત્ય સમજીને જીવનમાં સુખ, શાંતિ અને આનંદ માટે હવાતિયાં મારતો માણસ, આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં સંસારનું મિથ્યાત્વ અને એની ભંગુરતા સમજી લઈ, આત્માભિમુખ થતાં સાચાં સુખાનંદ પ્રાપ્ત કરે છે. આહારની શુદ્ધિથી માણસના અંતઃકરણની, એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંની શુદ્ધિ થાય છે. અંતઃકરણની શુદ્ધિથી હું આત્મા છું અથવા બ્રહ્મ છું એવી નિશ્ચળ સ્મૃતિ એને સાંપડે છે. એ સ્મૃતિ પ્રાપ્ત થતાંજ એનાં શરીરનાં, મનનાં, બુદ્ધિનાં, વિચારનાં બધાં બંધનો દૂર થઈ જાય છે.

આ વિદ્યા દ્વારા ઉપનિષદના ઋષિ જીવનનો હેતુ સમજાવે છે. જીવન ગીત છે, સંગીત છે, નાટક છે, સંગ્રામ છે–એની અનેક વ્યાખ્યાઓ એના વિશે અપાતી રહી છે, પરંતુ ઝીણું જોઈએ તો જીવન ખરેખર એક શોધપ્રક્રિયા છે. માણસ જીવનમાં સતત સુખની શોધમાં રહે છે. આવું સુખ એને શરીરથી, ઇન્દ્રિયોથી, મનથી, બુદ્ધિથી, ચિત્તથી મળી રહેશે એમ માનીને એ આ સૌનાં સુખાકારી સાધનો એકઠાં કર્યા કરે છે. એ બધાં વડે, ભોગવિલાસ માણી એ સુખ મેળવી શકશે એમ માને છે. સુખ ભોગવિલાસમાં છે એમ માની એમાં રત રહે છે. ઘર, પરિવાર, સંતતિ, સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાથી મળશે એમ માનીને એ બધું પ્રાપ્ત કરવા માટે મથામણ કર્યા કરે છે. ડાન્સ, ડ્રામા, સિનેમા, સોસિયલ મિડીયામાંથી મળશે એમ માની એમાં રમમાણ રહે છે. આ બધી પ્રવૃત્તિથી એને મોજ, મઝા, પ્રાપ્ત થાય છે, મનોરંજન મળે છે, ખુશી મળે છે. પણ એ બધું ક્ષણિક હોય છે. ટકાઉ નથી હોતું. એ એની રંજનલાલસા સંતોષે છે, પણ એની રસતૃષા છિપાતી નથી. એને આનંદ નથી મળતો, સુખ નથી મળતું. સુખ નામના પ્રદેશની શોધમાં એ વિશ્વના છયે ઉપખંડમાં રઝળી આવે છે, અન્ય ગ્રહો–ઉપગ્રહોમાં રખડી જાવાનો મનસુબો કર્યા કરે છે. નશાકરક કેફી દ્રવ્યોનું સેવન કરી જુએ છે. પણ સાચું સુખ અને સાચો આનંદ એને ક્યાંય પ્રાપ્ત થતો નથી. સચરાચર સૃષ્ટિનાં સત્ત્વો અને તત્ત્વો, સંસારનાં ભોગવિલાસ, સ્વજનો, સ્નેહીઓ, મિત્રોના સાથસહેવાસ, યાત્રાપ્રવાસનાં પર્યટનો–આમાંનું કશું એને નિરતિશય સુખ અને નિર્વ્યાજ આનંદનો અનુભવ નથી આપી શકતા.

આજે જેની ઝંખના છે એ સુખ અને આનંદ ક્યાં અને શામાં રહેલાં છે એની શોધમાં આગળ વધતાં એને સમજાય છે કે સુખ નામનો પ્રદેશ, શાંતિ નામનો દેશ અને આનંદ નામનું ધામ બાહ્ય જગતમાં ક્યાંય નથી. મનની પ્રફુલ્લતા, ચિત્તની પ્રસન્નતા અને આત્માની શાંતિ પ્રાપ્ત થાય તો સાચું સુખ અને સાચો આનંદ પ્રાપ્ત છે.

માણસ અહંતા અને મમતામાં, રાગ અને દ્વેષમાં નિમગ્ન રહે છે માટે દુઃખી અને ત્રસ્ત છે. જે અનિત્ય, ભંગુર, મિથ્યા, અસત્ છે એને નિત્ય, સત્ય અને સત્ સમજવાના એના અજ્ઞાનને કારણે એ શોક, મોહ, માન, માયા જેવા કષાયોનો શિકાર બનેલો છે. વ્યષ્ટિ અને સમષ્ટિની સઘળી ક્રિયાઓ એકમાત્ર બ્રહ્મતત્ત્વની જ રમણા છે. એ બ્રહ્મતત્ત્વ બ્રહ્માંડે વિરાટરૂપમાં અને શરીરે સૂક્ષ્મ આત્મા રૂપમાં સક્રિય છે. એનો જ બધો લીલાવ્યાપાર છે. એ જ્ઞાનનો ઉદય થતાં પોતાની સ્થૂળતા, ક્ષુદ્રતા, કલુષિતા અને અલ્પતા છોડીને જે ભૂમાને ગ્રહે છે એ નિરતિશય સુખ અને નિર્વ્યાજ આનંદનો અધિકારી બને છે.

આ ભૂમા એટલે સર્વત્ર વિલસી રહેલું બ્રહ્મતત્ત્વ, ચૈતન્યતત્ત્વ, વિભુતત્ત્વ. એ વ્યાપક છે, વિશાળ છે, અનંત છે, નિત્ય છે, સત્ય છે. જીવન, સંસાર, સૃષ્ટિ વિકારી, વ્યયી, અનિત્ય, અસદ્ હોવાથી અલ્પ છે. બ્રહ્મ સત્ય, નિત્ય, શાશ્વત હોવાથી વિશાળ છે. માણસે પોતાના શરીર, સંસાર અને સૃષ્ટિના સુખોપભોગની અલ્પકાલીન લાલસાઓ છોડવી જરૂરી છે. પણ માણસ એમ કરી શકતો નથી. કોણ જાણે કેમ પણ માણસ ઉંમરમાં, અભ્યાસમાં અને અનુભવથી મોટો થતો જાય છે તેમ તેમ વધારે સંકુચિત માનસવાળો થતો જાય છે. પોતાના ઉરઅંતરના આગળા ચપોચપ ભીડતો જાય છે, સંકીર્ણતાઓમાં, ક્ષુદ્રતાઓમાં રાચતો જાય છે. હકીકતે જીવનનો ખરો આનંદ અને ખરું સુખ પૂર્ણરૂપે ખીલવામાં, વિકસવામાં છે. જો મન-અંતરનો વિકાસ કરીએ તો જ સુખ અને આનંદની અનુભૂતિ થાય છે. પોતે સૌનો અને સૌ પોતાના, કેવળ મનુષ્ય જ નહિ, પશુ, પંખી, વનસ્પતિ-

ઔષધિ, જીવજંતુ સૌ સાથે આત્મઐક્યનો અહેસાસ કરવો એને વિશાળતા, વ્યાપકતા કે ભૂમા કહે છે.

આપણાં મન, બુદ્ધિ, ચિત્તનાં બધાં બારણાં ઉઘાડીને ઑપન હાર્ટેડ અને ઑપન માઈન્ડેડ થવાના પ્રયાસને ભૂમા કહે છે. સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત ચૈતન્યરૂપ બ્રહ્મશક્તિ, મારામાં અને આ સૃષ્ટિનાં જડચેતન તમામ સ્ફુરણોમાં કે આવિર્ભાવોમાં આત્મશક્તિરૂપે વિલસી રહી છે અને ક્રિયાશીલ છે, એના પરિણામે જ વ્યક્તિનો, કુટુંબનો, સમાજનો કે સૃષ્ટિનો કારોબાર ચાલી રહ્યો છે એવી વ્યાપક વિવેકબુદ્ધિ કેળવવી એને ભૂમા કહે છે. મારાથી કશું જુદું નથી, કશું ભિન્ન નથી, બધું જ મારો વિસ્તાર છે, બધું જ આત્મા અને બ્રહ્મનો વિલાસ છે એ સમજથી જીવવું એનું નામ ભૂમાવિદ્યા. ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, ગણિત, મૂળભૂત વિજ્ઞાનો, પ્રાકૃતિક વિજ્ઞાનો, સામાજિક વિજ્ઞાનો, માનવવિદ્યાઓ–એ બધું અપરા વિદ્યા છે. કેમકે એ જીવનવ્યવહારનું જ્ઞાન આપે. એનાથી જીવનમાં સફળ થવાય. પણ જીવનને સાર્થક કરવું હોય તો આ અપરા વિદ્યાઓ કામ ન આવે, એમાં પરાવિદ્યા ખપમાં આવે. આ પરાવિદ્યા એટલે આત્મજ્ઞાનની વિદ્યા. એવી વિદ્યા જે મનુષ્યને એનાં શરીર, મન, બુદ્ધિનાં બંધનોથી મુક્ત કરી પરમ સત્યના પ્રદેશમાં લઈ જાય. 'હું જ વિલસી રહું સહુ સંગ, હું જ રહું અવશેષે' એની પતીજ પાડતી વિદ્યાનું નામ છે ભૂમાવિદ્યા. એ પરાવિદ્યા છે.

આ વિદ્યા મનુષ્યને મોજ, મઝા, મનોરંજન, ખુશીનો નહિ પરંતુ નિરતિશય સુખ (bliss) અને નિર્વ્યાજ આનંદ (delight)નો અહેસાસ કરાવે છે. એ મનુષ્યને સત્ત્વ, રજસ, તમસ ગુણોમાંથી છોડાવીને અનુભવ આપે. જાગ્રતિ, સુષુપ્તિ અને સ્વપ્નાવસ્થા જેવી ચેતનાની ત્રણ અવસ્થાઓમાંથી મુક્ત કરી તુરીયાવસ્થાનો અનુભવ કરાવે. શરીરનાં ત્રણ રૂપો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણમાંથી મુક્ત કરાવે. શરીરનાં પાંચ કોશો અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય–માંથી મુક્ત કરી બ્રહ્માનંદનો અનુભવ કરાવે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા મનુષ્યના ષડ્‌રિપુઓથી પીછો છોડાવે. જન્મ, વૃદ્ધિ, હયાતી, પરિવર્તન, અપક્ષય અને મૃત્યુ જેવી શરીરની છ અવસ્થાઓથી છોડાવે. મતલબ કે જીવનમુક્તનો અનુભવ આપે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, (પિન કોડ : 388120) ફોન : ૦૨૬૯૨ ૨૩૩૭૫૦. મો. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

પંથે પંથે પાથેય

બામણગામના પુષ્પાબા

☐ જિતેન્દ્ર એ. શાહ

બામણગામ એટલે વડોદરાની પાસે આવેલ એક નાનું ગામ. અંદાજે પંચ્યાસીની આસપાસના પુષ્પાબા તે ગામમાં રહેતા હતા. તેમને બે દીકરા હતાં અને બન્ને અમેરિકામાં વસી ગયા હતા. પુષ્પાબા સુખી પરિવારના હતા અને તેમનો એક મજાનો બંગલો વડોદરામાં પણ હતો. દીકરાઓ અમેરિકાથી આવે ત્યારે પુષ્પાબા પણ વડોદરામાં રહેવા આવી જતા હતા. બામણગામમાં તેમને એકલા રહેવું પડતું હોવા છતાં ત્યાં રહેવું તેમને વધારે ગમતું હતું.

પોતે ધર્મિષ્ઠ હોવાથી સતત પ્રભુ-સ્મરણમાં રાચવું તેમને અતિપ્રિય હતું. સવાર-સાંજ હવેલીમાં જઈ પ્રભુના દર્શન કરતાં અને તેમાં કદી પણ તેમની ચૂક ન પડે તેની ખાસ કાળજી રાખતાં. પ્રભુ-સ્મરણ ઉપરાંત તે ગામવાસીઓની સેવા પણ તન, મન, ધનથી કરવા તત્પર રહેતા. તેમના વિશે એક વાત ડંકાની ચોટ પર કરી શકાય તેમ હતી કે સ્વપ્નમાં પણ તેમણે કોઈનું બૂરું ઈચ્છયું ન હતું.

નિયમ અનુસાર એક દિવસ તે હવેલીએ દર્શન કરવા નીકળ્યા. હાથમાં પૂજાની થાળી હતી અને મનમાં ઈશ્વર-સ્મરણ સિવાય કશું જ ન હતું. બજારની વચ્ચોવચ્ચ થઈને તેમણે હવેલીએ પહોંચવાનું હતું. તે અડધે રસ્તે પણ નહીં પહોંચ્યા હોય ત્યાં તો બજારમાં દેકારો-પડકારો થવા લાગ્યા. બજારના લોકો ઝપાટાબંધ દુકાનોમાં ચઢી ગયા અને પુષ્પાબાને 'આઘા જાવ-આઘા ખસો'નો પોકાર કરવા લાગ્યા. ઓછું સાંભળતાં પુષ્પાબાને કંઈ બહુ સમજ ન પડી કે બજારમાં શાની બૂમાબૂમ થઈ રહી હતી.

ઓચિંતી તેમણે પાછળ નજર કરી તો એક સાંઢ તેની લગોલગ પાછળ આવી ગયો હતો. તેણે પોતાનું એક શિંગડું પણ પુષ્પાબાની સાડીમાં ભરાવ્યું. બજારના લોકોની નજરમાં આ દૃશ્ય આવ્યું. સહુને લાગ્યું કે પુષ્પાબાના સોએ સો વર્ષ આજે પૂરા થઈ ગયા!

પરંતુ ખરેખર શું થયું તે સતત પ્રભુ-સ્મરણમાં જ રાચતા પુષ્પાબાના પ્રભુ પણ સમજાવી શકે તેમ ન હતાં. પરંતુ સાંઢ એકાએક પાછો ફરી ગયો અને સાડીમાંથી શિંગડું હટાવી તે બજાર તરફ દોડી ગયો. ત્યાં પાંચ-સાત જીવોને તેણે હડફેટે લીધા.

પાછળથી બજારમાં સહુ તેમને પૂછવા લાગ્યા કે સાંઢ આટલો નજીક આવી ગયો છતાં તમે કઈ રીતે બચી ગયા? તમને કેમ તેણે હટફેટે ન લીધા? પુષ્પાબાનો જવાબ તદ્દન સરળ હતો: 'મન મારું ઈશ્વર-સ્મરણમાં મગ્ન હતું એટલે સાંઢે મને હટફેટે કેમ ન લીધી તેનો મને બિલકુલ ખ્યાલ નથી. હકીકતમાં તો આ સવાલ તમારે સાંઢને પૂછવાનો હોય, મને નહીં.'

આ કથા સત્ય-કથા છે તે કહેવાની જરૂર ખરી? ✷ ✷ ✷

'માતૃછાયા', ગ્રાઉન્ડ ફ્લોર નં. ૮, ૧૪ કસ્તુરબા નગર, અરુણોદય સોસાયટી પાસે, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭

કષાયની ઉપશાંતતા

❑ મિતેશભાઈ એ. શાહ (કોબા)

આજના માનવીએ ભૌતિક ક્ષેત્રે તો ઉન્નતિના શિખરો સર કર્યા છે, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે જોઈએ તેવી પ્રગતિ કરી નથી. બાહ્ય પદાર્થોથી સગવડ મળે છે, સુખ નહિ. સાચા સુખ અને શાંતિ તો આત્માને ઓળખીને આત્મસાક્ષાત્કાર (આત્માનુભવ) કરવામાં છે. એટલે જ મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે, 'હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.' આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સત્પાત્રતા કેળવવી જરૂરી છે. સિંહણનું દૂધ જેમ સોનાના પાત્રમાં જ ટકે, તેમ સત્પાત્રતા કેળવનાર વ્યક્તિ જ આત્મ-સાક્ષાત્કાર પામી શકે.'

'પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.'

આવી સત્પાત્રતા કેળવવા જીવનમાંથી દુર્ગુણોની બાદબાકી અને સદ્ગુણોનો સરવાળો કરવો જરૂરી છે. વેદાંત પદ્ધતિમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એમ મુખ્ય ષડ્રિપુ આત્માના કહ્યાં છે. જૈનદર્શનમાં ક્રોધ, માન, માયા અને લોભ-આ ચાર કષાયને આત્માના શત્રુઓ ગણ્યા છે. શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે-

'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.'

કષ એટલે દુ:ખ અને આય એટલે આવક. જેના દ્વારા આત્મામાં દુ:ખની આવક થાય તેનું નામ કષાય. જ્યાં સુધી આત્મામાંથી આ ચાર કષાય નિર્મૂળ ન થાય ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કર્મબંધની દૃષ્ટિએ કષાયથી કર્મોની સ્થિતિ અને અનુભાગનો બંધ થાય છે અને યોગથી પ્રકૃતિ તેમજ પ્રદેશબંધ થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાના આદ્યસ્થાપક પૂજ્ય સંતશ્રી આત્માનંદજી જણાવે છે કે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન, સમકિત) માટે બે પ્રકારનો પુરુષાર્થ કરવો જરૂરી છે. (૧) દુનિયાના પદાર્થો તથા વ્યક્તિઓને પોતાની માલિકીના ન માનવા. (૨) ક્રોધ, માન, માયા અને લોભને ઘટાડવા. આત્માના આ ચાર મહાશત્રુઓ વિશે થોડું જાણીએ.

(૧) **ક્રોધ :** શ્રીમદ્ ભગવદ્ગીતામાં કામ, ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યાં છે. માનવી પર ક્રોધ સવાર થાય ત્યારે તે સાર-અસારનો વિવેક ભૂલી જાય છે અને અયોગ્ય વર્તન કરવા લાગે છે. તેની ભ્રમરો ચઢી જાય છે, મોઢું લાલચોળ થઈ જાય છે, હાથપગ ધ્રુજવા લાગે છે, અપશબ્દો બોલવા લાગે છે. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે જ્યારે આપણે ક્રોધ કરીએ ત્યારે શરીરમાં એવા હોર્મોન્સ ઉત્પન્ન થાય છે કે જેનાથી શરીરમાં અનેક રોગો ઉદ્ભવે છે. ક્રોધ કરવાથી અલ્સર, હાઈપરટૅન્શન, હાર્ટઍટેક જેવા રોગોની શક્યતા વધી જાય છે. ઉપરાંત આત્મા પાપકર્મોથી બંધાય છે. ક્રોધની ઉત્પત્તિના ત્રણ કારણો છે: (૧) બાહ્ય નિમિત્ત કારણ:- દા.ત. કોઈ આપણને અપશબ્દો બોલે. (૨) અંતરંગ નિમિત્ત કારણ:- મોહનીય કર્મનો ઉદય (૩) ઉપાદાન કારણ:- ક્ષમાસ્વરૂપ આત્માનું વિસ્મરણ. ક્રોધથી બચવા જેનાથી ક્રોધની ઉત્પત્તિ થાય તેવા નિમિત્તોથી દૂર રહેવું. ક્રોધ આવવાની તૈયારી હોય ત્યારે ભગવાનનું નામ બોલવા લાગવું અથવા ઠંડા પાણીનો ગ્લાસ મગાવીને પી લેવું કે મનમાં સંખ્યાની ગણતરી કરવી કે જેથી ક્રોધની માત્રા ઘટી જાય. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. કોઈની સાથે વેરભાવ રાખવો તે પણ ક્રોધનું જ એક સ્વરૂપ છે.

'સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહિ,
આશા ખરેખર છેડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની.'

થોડા શબ્દ ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે, થોડા આપણે અપશબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે! ક્રોધ એ કાતિલ ઝેર છે તો ક્ષમા એ પરમ અમૃત છે, ક્રોધ એ દુર્ગતિનું દ્વાર છે તો ક્ષમા એ સદ્ગતિનું દ્વાર છે. 'ભારે કર્મી જીવતો પીએ વેરનું ઝેર, ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવલહેર.'

શ્રી કુદકુંદાચાર્ય 'સમયસાર' ગ્રંથાધિરાજમાં જણાવે છે,

'જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને.'

ભગવાન મહાવીર, પાર્શ્વનાથ પ્રભુ, શ્રીરામ, પાંડવો, સીતામાતા, ગજસુકુમાર મુનિ, સુકોશલ મુનિ જેવા મહાપુરુષોએ ક્રોધ ઉપજાવે તેવા પ્રસંગોમાં પણ સમતાભાવ રાખી આત્મશ્રેયને સાધી લીધું. પિત્ત વધારે તેવા કાંદા, લસણ, મરચાં જેવા ગરમ પદાર્થો વધુ લેવાથી તેમજ ઘી-તેલનો સદંતર ત્યાગ કરવાથી ક્રોધ વધે છે તેવી એક માન્યતા છે. કહેવાય છે કે બહેડાનાં વૃક્ષ નીચે બેસવાથી પણ ક્રોધ વધે છે.

(૨) **માન (અભિમાન) :-** 'જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત'-શ્રીમદ્ રાજચંદ્રજીનું આ વિધાન માનવીમાં માનની મુખ્યતા છે તેમ સૂચવે છે. સર્વ ગુણોનો પાયો તે સાચો વિનય છે. શ્રીમદ્ રાજચંદ્રજી 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'માં જણાવે છે,

'જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ તે માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય.'

આધ્યાત્મિક વિકાસ માટે વિનય અતિ આવશ્યક છે. વિનય એ અંતરંગ તપ છે. કહેવત છે કે 'નમ્યો તે સહુને ગમ્યો.' કુદરતમાં પણ નદી ઉન્નત મસ્તકે ઉભેલા પર્વતને ન ભેટતાં નમ્ર અને વિશાળ એવા સાગરને ભેટે છે. 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'નું પહેલું અધ્યયન વિનય છે. અહમ્‌ની રાખ પર પરમાત્માના દર્શન થાય છે. અહંકારરૂપી પર્વતને ભેદીને મહાપુરુષો આત્મસાક્ષાત્કાર પામ્યા છે. અહમ્ વ્યક્તિને પતનના માર્ગે લઈ જાય છે તો વિનય ઊર્ધ્વમાર્ગે. અહંકાર જ્ઞાનપ્રાપ્તિ માટે પરમ વિઘ્નરૂપ છે. અહંકાર આપણા માટે દુર્ગતિના દરવાજા ખોલનાર પરમ રિપુ છે તો વિનય એ મોક્ષમાર્ગમાં લઈ જનાર પરમ મિત્ર છે. વિનયી વ્યક્તિ જીવનમાં સાચી મહત્તા પ્રાપ્ત કરી શકે છે. અહંકારી વ્યક્તિ જીવનના કોઈ ક્ષેત્રમાં પ્રગતિ સાધી શકતી નથી. 'અહમ્ રે અહમ્ તું જાને રે મરી, પછી બાકી મારામાં રહે તે હરિ.' કબીરદાસજી જણાવે છે–

'ઊંચા ઊંચા સબ ચલે, નીચા ચલે ન કોઈ,
નીચા નીચા જો ચલે, સબસે ઊંચા હોઈ.
દાસ કહાવન કઠિન હૈ, મૈં દાસન કો દાસ;
અબ તો ઐસા હો રહૂં, પાંવ તલે કી ઘાસ.'

શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ નમ્રતાને દર્શાવતું આ વિધાન મનનીય છે કે અમે તો સર્વ જીવોના અને તેમાં પણ ધર્મી જીવોના ખાસ દાસ છીએ. વિનય વડે તત્ત્વની સિદ્ધિ થાય છે. માનવીને આઠ પ્રકારના અભિમાન હોય છે; જેમાં મુખ્ય આઠ પ્રકારના અભિમાનો આ પ્રમાણે છે–જ્ઞાન, પૂજા, કુલ, જાતિ, બળ, રિદ્ધિ, તપ અને શરીરનું અભિમાન. અભિમાનના ત્યાગ વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય, સમ્યક્ત્વ વિના ચિત્તશુદ્ધિ, એકાગ્રતા અને ધ્યાનની સિદ્ધિ ન થાય. ધ્યાન વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. રાવણ, દુર્યોધન જેવા પુરુષો અભિમાનના કારણે વિનાશને પામ્યા. ભક્ત ગંગાસતી જણાવે છે–

'ભક્તિ કરવી હોય જેણે, રાંક થઈને રહેવું તેણે,
મેલવું અંતર કેરું માન રે.'

(૩) **માયા :**– માયાચાર એટલે છેતરપિંડીના ભાવ, વિશ્વાસઘાત કરવો તે. શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે કે સરળતા એ ધર્મના બીજસ્વરૂપ છે.

'મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.'

સરળતા વિના સામાન્ય મુમુક્ષુતા પણ ન સંભવે. ૧૮ મોટા પાપસ્થાનકોમાં પણ માયા અને માયામૃષાવાદ (કપટપૂર્વક જૂઠું બોલવું)નો સમાવેશ થાય છે. માનવી આજે સરળતાથી દગા-પ્રપંચ-વિશ્વાસઘાત કરતો થઈ ગયો છે. થોડા ધન માટે સગા ભાઈ કે બાપ સાથે પણ દગો કરતા અચકાતો નથી! વેપારી પણ વધુ ભાવ લઈ, હલકી ગુણવત્તાવાળો માલ આપી કે ભેળસેળ કરી છેતરપિંડી કરે છે. 'શ્રી તત્ત્વાર્થસૂત્ર'ના અધ્યાય-૬માં શ્રી ઉમાસ્વામિ જણાવે છે, 'માયા તૈર્યગ્યોનસ્ય।' અર્થાત્ માયાચાર કરવાથી તિર્યંચ (પશુ-પક્ષી)ની ગતિ મળે છે. આડા કામ કરીશ તો આડું (પશુનું) શરીર મળશે. બીજાને બાટલામાં ઉતારવા જતાં માનવી પોતે જ બાટલામાં ઉતરી જાય છે. માયાચારી મનુષ્યનો કોઈ વિશ્વાસ કરતું નથી. શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું–આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. બાળકો જેવો નિર્દોષ અને સરળ સ્વભાવ કેળવવા થોડો વખત બાળકો સાથે વિતાવવો. શ્રી તૈલંગસ્વામી નાના બાળકોને ગાડીમાં બેસાડીને તે ગાડી પોતે ખેંચતા. અને બાળકોની સરળતા આત્મસાત્ કરતા. કવિ નાનાલાલે બાળકોના સ્વભાવને બિરદાવ્યો છે.

(૪) **લોભ :**– સર્વ પાપનો બાપ તે લોભ છે. આ કષાય ઉંદર જેવો છે. તે ૧૦મા ગુણસ્થાનના અંતે જાય છે. લોભને કોઈ થોભ નથી. માનવીનું પેટ તો ભરાશે પણ પટારો કદી નહિ ભરાય. મોટાભાગના લોકો અર્થ અને કામરૂપી પુરુષાર્થમાં જ અમૂલ્ય માનવજીવન વ્યતીત કરી નાખે છે. જીવનનો મોટા ભાગનો સમય અર્થોપાર્જન કરવામાં વિતાવતો હોવાથી માનવીને સત્સંગ, ભક્તિ, સ્વાધ્યાય વગેરે માટે સમય મળતો નથી. માનવી માને છે કે હું દાનમાં ધન વાપરું તો ખલાસ થઈ જાય! પરંતુ ભગવાન કહે છે કે તારું પુણ્ય ખલાસ થઈ જશે તો પૈસો ચાલ્યો જશે અથવા તું (આયુષ્યકર્મ પૂર્ણ થતાં) ચાલ્યો જઈશ! વિદ્યા અને ધન બીજાને આપવાથી વધે છે. ભાવપૂર્વક આપેલ સુપાત્રદાનનું ફળ કદી નિષ્ફળ જતું નથી.

તૃષ્ણારૂપી ખાડો અનંત છે. તે કદી ભરાતો નથી. એટલે જ શ્રી દશવૈકાલિક સૂત્રમાં ભગવાને ફરમાવ્યું કે લાહો તથા તથા લોહો।' અર્થાત્ જેમ જેમ લાભ વધતો જાય છે તેમ તેમ લોભની વૃદ્ધિ થતી જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે, 'કોણ જાણે લક્ષ્મી આદિકમાં કેવીયે વિચિત્રતા રહી છે કે જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભની વૃદ્ધિ થતી જાય છે; ધર્મ સંબંધી કેટલુંક જ્ઞાન છતાં, ધર્મની દૃઢતા છતાં પણ પરિગ્રહના પાશમાં પડેલો પુરુષ કોઈક જ છૂટી શકે છે.'

લોભને નાથવાનો ઉપાય દાન છે. શ્રી કુંદકુંદાચાર્ય 'રયણસાર' ગ્રંથમાં જણાવે છે કે ગૃહસ્થધર્મના બે પાયા છે–પૂજા અને દાન. કબીરદાસજી દાનધર્મનો મહિમા બતાવતાં કહે છે,

'પાની બાઢ્યો નાવ મેં, ઘર મેં બાઢ્યો દામ,
દોનોં હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.'

રહીમદાસજી કહે છે,

'રહિમન વે નર મર ચૂકે જો કહીં માંગન જાહિં,
ઉનકે પહલે વે મુએ, જિન મુખ નિકસત નાહીં.'

લોભને ઘટાડવા આપણી કહેવાતી સંપત્તિનું ઓછામાં ઓછું ૧૦% અને વધુમાં વધુ ૨૫% દાન આપવું જોઈએ. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં દાનની વ્યાખ્યા આપતાં જણાવ્યું કે, अनुग्रहार्थम् स्वस्य अतिसर्गो दानम्।' દાન આપીને કીર્તિની લાલસા ન રાખવી. 'ક્યાંય તારા નામની તકતી નથી, હે હવા! તારી સખાવતને સલામ.'

ધનની ત્રણ ગતિ છે–દાન, ભોગ અને નાશ. દાન વિશે કહેવતો છે, 'ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા.' 'આપ્યું તે આપણું, રાખ્યું તે રાખ.' 'માનવી આપે મુઠ્ઠીભર, ઈશ્વર આપે ખોબાભર.'

આપણે સૌ ક્ષમા, વિનય, સરળતા અને સંતોષ ગુણ પ્રાપ્ત કરી ઉપરોક્ત કષાયોને, ઘટાડવા પ્રયત્ન કરીએ તેવી અભ્યર્થના.

✷ ✷✷

A-12, અર્બુદા ફ્લેટ્સ, જૂના ટોલનાકા સામે, હાઈવે, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫. Ph. : (079) 27503656 (M) : 9427064479.

ગાંધી વાચનયાત્રા

મહામૃત્યુમાંથી અમૃતસમીપે લઈ જતું પુસ્તક : જિગરના ચીરા

❑ સોનલ પરીખ

આઝાદ ભારતની પ્રજાનો એક મોટો વર્ગ મહાત્મા ગાંધી નામના બોજને પોતાના મસ્તક પરથી ફગાવી દેવા ઉત્સુક છે. બીજી બાજુ રાજકારણીઓનો એક મોટો વર્ગ જરૂરી કર્મકાંડ તરીકે રાષ્ટ્રપિતાના ગુણ ગાવા અને પછી તેમને ભૂલી જવા તત્પર હોય છે. મહાત્મા ગાંધી પરનાં પુસ્તકોનો કોપીરાઇટ પૂરો થયો હોવાથી હવે કોઇપણ મહાત્મા ગાંધી વિશે કંઇપણ લખી શકે છે. થોડા વખત પહેલા ભારતના ભાગલા વિશે પ્રગટ થયેલા એક પુસ્તકમાં ગાંધીજીએ ભાગલા પડાવીને ભારતને છેહ દીધો એવું વિધાન હતું. બહારનું વિશ્વ મહાત્મા ગાંધીને જેટલું વધારે ગૌરવ પ્રદાન કરે છે તેમ તેમ ભારતના લોકો એમને વધારે ને વધારે ભૂલતા જાય છે.

નારાયણ દેસાઇ ગાંધી કથા કરતા તે વખતે યુવાનો-કિશોરોમાંના કોઇ ક્યારેક વેધક સવાલો પૂછી લેતા – એક વાર એક બાલિકાએ પૂછ્યું કે 'ગાંધીજીનો કંઇક વાંક તો હશે જ – તો જ કોઇ તેમને ગોળી મારે ને?' બીજા એક પ્રસંગે એક તરુણે પૂછ્યું, 'ગાંધીજીએ ભારતના ભાગલા શું કામ પડવા દીધાં?' હરતીફરતી જંગમ વિદ્યાપીઠ જેવા નારાયણ દેસાઇ ભારતની આ અજ્ઞાન યુવાન પેઢીને કહેતા કે પહેલા તમે દેશની આઝાદીનો ઇતિહાસ બરાબર સમજો, ત્યાર પછી હું તમને આનો જવાબ આપીશ.

નાગરિક તરીકે આપણી એ ફરજ છે કે ભારતના ઇતિહાસને, ખાસ કરીને સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસને ગહનતાથી સમજીએ અને નવી પેઢીને પણ તેમ કરવા પ્રેરીએ. સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસનું છેલ્લું અને સૌથી કઠિન પ્રકરણ એટલે ભારતના ભાગલાની ઘટના. હિંદનાં ભાગલાં અને મહાત્મા ગાંધીને કેન્દ્રમાં રાખી નારાયણ દેસાઇએ લખેલું પુસ્તક 'જિગરના ચીરા' દરેક વ્યક્તિએ પાઠ્યપુસ્તકની જેમ ભણી જવા જેવું છે. ભાગલા વિશે અનેક પુસ્તકો લખાયાં છે તેમાં આ પુસ્તકની ભાત જુદી એટલા માટે પડે છે કે તેના કેન્દ્રમાં મહામૃત્યુ સમી ભાગલાની ઘટના અને એમાંથી પ્રજાને અમૃતસમીપે લઇ જવાનો ગાંધીજીનો તલસાટ એ બંને છે. એટલે આ પુસ્તક ગાંધીના જીવનના અંતિમ તબક્કાના દારુણ મનોમંથનને પણ ચિત્રિત કરે છે.

'જિગરના ચીરા'ના ૨૨ પ્રકરણોમાં મુસ્લિમ લીગના ફેલાવાથી માંડીને લિનલિથગો, વેવેલ, ક્લેમન્ટ એટલી અને લૉર્ડ માઉન્ટ જેવા વાઇસરોય, દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતની યોજના અને અમલ, ભાગલા, વાયવ્ય સરહદનો પ્રશ્ન અને મહાત્મા ગાંધીની હત્યા સુધીની ઘટનાઓ આવરી લેવાઇ છે.

ગાંધીજી નામની વ્યક્તિ જેની આજીવન શોધ સત્યની હતી અને તે જીવનને જ ખંડિત જોવા તૈયાર ન હતી, જેણે દેશને સત્યાગ્રહ, રચનાત્મક કાર્ય અને સત્યઅહિંસાની ઇંટો સીંચી સીંચીને રાષ્ટ્ર બનાવવાનો પ્રયાસ કર્યો હતો તેને જ નજર સામે દેશને ખંડિત થતો જોવાનો વારો આવ્યો. એમાં પણ એમણે પોતાનામાં દોષ શોધવાનો પ્રયત્ન કર્યો. કહ્યું, 'આપણી અહિંસા વીરોની નહીં, કાયરની અહિંસા હતી' અને પોતાની સત્યની શોધ ચાલુ રાખી. સાડાચાર મહિનાના ગાળામાં બે બે વાર આમરણ ઉપવાસ કર્યા. તેમનો આદર્શ વ્યવહારદર્શી હતો. જ્યારે જોયું કે વિભાજન અનિવાર્ય છે અને પોતાને જાણ કર્યા વિના બંને પક્ષના સાત સાત નેતાઓએ અંગ્રેજ હાકેમોની સાક્ષીમાં સહીસિક્કા કરી દીધા છે ત્યારે તેમણે કહ્યું, 'ભૌગોલિક ભાગલાને હૃદયના ભાગલા નહીં બનવા દઇએ.' આની પાછળની દીર્ઘદૃષ્ટિ સામા પક્ષને પંચાવન કરોડ ચૂકવવામાં વ્યાવહારિક દૃષ્ટિએ સંકોચ કરતા સરદારને સમજાઇ હતી અને તેમણે તેમની સચોટ ભાષામાં કહ્યું હતું કે આપણે ટૂંકું ભવિષ્ય જોઇએ છીએ, બાપુ લાંબું જુએ છે. ભાગલા અને ત્યારબાદની ગાંધીહત્યાએ દેશને અને દુનિયાને કેવું નુકસાન કર્યું છે એ પંડિત નહેરુએ ગાંધીહત્યાના દિને આપેલા રાષ્ટ્રજોગ પ્રવચનમાં જાણવા મળે છે.

ભારતની પ્રજા પ્રત્યેનો ગાંધીજીનો પ્રેમ વિભાજનના લીધે

વિભાજિત થયો ન હતો. નોઆખલીની પગદંડી પર એકલવાયા ચાલતા ગાંધીજીના ચિત્રથી શરૂ થતું અને બિરલા હાઉસની અંતિમ પ્રાર્થનાસભાથી સમાપ્ત થતું આ પુસ્તક ગાંધીજીના મુખ્યત્વે બે ભાવ – એકાકીપણું અને શ્રદ્ધા – ને વ્યક્ત કરે છે. વિભાજન અંગેની જવાબદારી કોની – બંને પક્ષના વિવેચકો સામાન્ય રીતે સામસામા પક્ષ પર દોષારોપણ કરે છે જ્યારે ગાંધીજી એક બાજુ ભાગલા પાડી શકાય તેવાં દેશની અંદર રહેલાં તત્ત્વો તરફ અને બીજી બાજુ એ ખેલમાં ત્રીજા પક્ષની કુટિલતા તરફ આંગળી ચીંધે છે. આ આંગળી જેની તરફ ચીંધાઇ છે તેવાં તત્ત્વો દેશની અંદરબહાર આજે પણ મોજૂદ છે જ. એટલે ગાંધીજીનું ચિંતન આપણને પરિસ્થિતિની નક્કરતા સમજાવે છે અને વાસ્તવિકતાને ઓળંગીને શાંતિમય ભવિષ્ય તરફ પણ લઇ જાય છે. જો આ ભાવનાને યથાર્થપણે સમજવી હોય તો 'જિગરના ચીરા'માંથી પસાર થવું જોઇએ, કારણ કે 'જિગરના ચીરા' કોંગ્રેસ સામે મુખ્ય બળ તરીકે અંગ્રેજોના ટેકાથી મુસ્લિમ લીગના થયેલા વિકાસથી લઇને ઝીણાની ભૂમિકા, વિશ્વયુદ્ધ, રુઢિચુસ્ત વાઇસરૉય લિનલિથગો, ભારત યુદ્ધમાં ભાગ લેશે તેવી બ્રિટનની જાહેરાત, કૉંગ્રેસી મંત્રીઓનાં રાજીનામાં, મુસ્લિમ રાષ્ટ્રના વિચારને લિનલિથગોનો ટેકો, ક્રિપ્સ મિશન અને તેની નિષ્ફળતા, 'ડિવાઇડ એન્ડ રૂલ'ની નીતિને અનુકૂળ બનેલું ભારતનું વાતાવરણ, 'હિંદ છોડો' આંદોલન અને એ વખતના વાઇસરૉય વેવેલ, ધીરે ધીરે આકાર લેતી ગયેલી દ્વિરાષ્ટ્રની ભૂમિકા, 'સીધાં પગલાં', ઊતાવળે દેશ છોડવાનો અંગ્રેજોનો નિર્ણય, કોમી હિંસાથી સળગી ઊઠેલાં બંગાળ-બિહાર, વસ્તીની ફેરબદલી, લોહિયાળ ભાગલાં, ચર્ચિલ અને એટલી, છેલ્લા વાઇસરૉય લૉર્ડ માઉન્ટબેટન અને કૉંગ્રેસના નેતાઓની સ્વરાજ્યની વાતોમાંથી ગાંધીજીને દૂર રાખવાની નીતિ, ગાંધીજીની સ્વતંત્રતાની કલ્પનાનું ભૂંસાયેલું ચિત્ર, અંગત દુ:ખો અને સાથીઓ તરફથી મળેલી હતાશાને પી જઇ લોકોને શાંત રાખવા દોડ્યા કરતા વૃદ્ધ ગાંધીજી, વાયવ્ય સરહદની કરુણાંતિકા, અંતિમ ઉપવાસ અને ગાંધીજીની હત્યા સુધીના પંદરેક વર્ષના ગાળાને આવરે છે.

આ પુસ્તકના લેખક નારાયણ દેસાઇ મહાત્મા ગાંધીના આશ્રમમાં જ જન્મેલા, ઉછરેલા. પોતાની રીતે ઘડાયા. નઇ તાલીમ અને સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. સ્વતંત્રતા પછી વિનોબાના ભૂદાનયજ્ઞ અને જયપ્રકાશનાં આંદોલનોમાં સક્રિય રહ્યા. ઉપરાંત ગાંધીજીના બૃહદ્ ચરિત્ર માટે મૂર્તિદેવી પુરસ્કાર તેમ જ પિતા મહાદેવ દેસાઇના ચરિત્ર માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવ્યો. આ બંને કારણોને લીધે તેમનાં પુસ્તકોમાં અધિકૃતતા અને રસપૂર્ણતા બંનેનો સુંદર સમન્વય થયેલો હોય છે. 'જિગરના ચીરા' પણ એવું જ પુસ્તક છે. ભાગલાને આવરી લેતી તમામ અધિકૃત માહિતી મેળવવા સાથે વાચક અહીં દેશના ચીરાતા હૃદયનો ચિત્કાર પણ સાંભળે છે અને વયોવૃદ્ધ રાષ્ટ્રપિતાના જીવનના અંતિમ પર્વની કરુણતાની ઝાંખી પણ કરે છે.

એ કાળના ઇતિહાસના સાક્ષી અને સંનિષ્ઠ ગાંધીવાદી છતાં નારાયણભાઇ ક્યાંય પોતાની વિચારધારાને ઘુસાડવા પ્રયત્ન નથી કરતા. ગાંધીજીના નવા ભાષ્યકાર કહેવડાવવામાં પણ તેમને રસ નથી. ૧૯૩૦ પછી એક વર્ગ ઊભો થતો હતો જેને ગાંધીજીના અહિંસક સમાજ અને ગ્રામકેન્દ્રિત અર્થવ્યવસ્થાની વાતો સાંભળવાની ધીરજ ન હતી. આ વર્ગ એમને ગુલામ બનાવનારાઓના જ નમૂના પ્રમાણે રાષ્ટ્રશાસન કરવામાં માનતો હતો. નહેરુ અને સરદાર સહિત ગાંધીજીના નિકટના સાથીઓએ ગાંધીજીને યુક્તિપૂર્વક એકલા પાડી, નિર્ણયોમાંથી જાણીજોઇને બાકાત રાખી ભગ્નહૃદયી ગાંધીજીને દુ:સ્વપ્નોના ઓથારમાં ભટકતા એકલા અટૂલા મરવા દીધા હતા એ હકીકતનું આલેખન કરતી વખતે નારાયણભાઇ અવાજ ઊંચો નથી કરતા, તો પણ ગાંધીજીના લીરાલીરા થઇ રહેલા વ્યક્તિત્વની અસહાયતા ખૂબ અસરકારક રીતે બહાર આવી છે.

આ બધું છતાં ગાંધીજી ફિનિક્સ પક્ષીની જેમ પોતાની રાખમાંથી ફરી બેઠા થયા અને આજે દુનિયાભરમાં પૂજાઇ રહ્યા છે. આ તેમ જ આવનારી પેઢી એનું પણ રહસ્ય સમજે તેવો છૂપો પડઘો પણ આ પુસ્તકમાં પડતો જણાય છે. ગુલામ મહમ્મદ શેખના આવરણથી વિભૂષિત યજ્ઞ પ્રકાશનનું આ સુઘડ પુસ્તક ભારતના દરેક ઘરમાં વસવું જોઇએ, વંચાવું જોઇએ. આપણા ભાઇબહેનોની અને આપણા રાષ્ટ્રપિતાની આ વ્યથા આપણું મહામૂલું ગુપ્ત ધન છે એ ન ભૂલીએ.

'જિગરના ચીરા'ની હિન્દી અને મરાઠી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે.

'જિગરના ચીરા' (હિંદના ભાગલા અને ગાંધીજી) લેખક – નારાયણ દેસાઇ, પ્રકાશક – પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા ૩૯૦૦૦૧. ફોન: ૦૨૬૫-૨૪૩૭૯૫૭. ✷ ✷ ✷

મોબાઈલ : ૯૧-૯૮૩૩૭૦૮૪૯૪.

દાતાઓને વિનંતિ

નવા ઈન્કમ ટૅક્સના નિયમ મુજબ હવે પછી એક વ્યક્તિ વર્ષમાં એક જ વાર રૂા. ૨૦૦૦/- સુધીની રકમ રોકડ રૂપે દાનમાં આપી શકશે માટે દાતાઓને વિનંતિ કે આપનું દાન ચેકમાં જ આપવા આગ્રહ રાખવો. રૂા. ૨૦૦૦/- ઉપર કેશ સ્વીકારવાથી જેટલી રકમ સ્વીકારીએ એટલી જ પેનલ્ટી લાગશે માટે રૂા. ૨૦૦૦/- ઉપર રોકડા નહિ આપવા વિનંતી છે.

ચેકની પાછળ આપનો પેન નંબર અથવા ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર અને ટેલિફોન નંબર અચૂક લખવા વિનંતિ.

–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પાંચમો બાહ્યતપ કાય-ક્લેશ

❑ સુબોધીબેન સતીશ મસાલીઆ

કાય એટલે શરીર અને ક્લેશ એટલે કષ્ટ. શરીરને કષ્ટ આપવું એ તો એનો ફક્ત શબ્દાર્થ છે. ગૂઢાર્થ અલગ છે. ફક્ત શબ્દાર્થથી તપની સાધના થઈ જતી નથી. **શું પોતાના શરીર પર કોરડા ફટકારનારનો 'કાયક્લેશ' નામનો તપ થઈ જશે? મહાવીરનાં સાધના સૂત્રોમાં સૌથી ખોટી રીતે સમજાયું હોય તો તે કાયક્લેશ છે.** મહાવીર જેવી વ્યક્તિ કાયાને ક્લેશ આપવાનું કહે નહિ; કેમકે આપણી કાયા પણ આપણા માટે પરપદાર્થ જ છે. કાયા આપણી છે પણ આપણે કાયા નથી. પોતાની કાયાને પણ કષ્ટ આપવું તે હિંસા છે.

કાયા તો ક્લેશ છે જ. શરીરે ક્યારેય સુખ આપ્યું નથી. આપણે માત્ર એવું માન્યું છે કે એ સુખ આપે છે. શરીર પોતાને જ એટલું કષ્ટ આપી રહ્યું છે કે એને આપણે વધારે શું કષ્ટ આપવાના હતા?

આપણે હંમેશાં બહિર્મુખી જ જીવીએ છીએ. એટલે કાયાના દુઃખની આપણને ખબર ન પડે. ધ્યાનમાં ઊંડા ઊતરવાથી આ ભ્રમ તૂટે છે. **ધ્યાનમાં જાગરણ સધાતા બધા દુઃખ પ્રગાઢ થઈને ભોંકાશે. ત્યારે સંપૂર્ણ સમતાભાવે એને સ્વીકારવાથી કાયક્લેશની સાધના થાય છે.**

ભગવાન કહે છે તમે દુઃખ નથી વધારી શકતા, કે નથી ઘટાડી શકતા. જે છે એનો તમે ઇચ્છો તો સ્વીકાર કરો, ન ઇચ્છો તો અસ્વીકાર કરો. ત્રીજો કોઈ વિકલ્પ તમારા હાથમાં નથી. સ્વીકારથી દુઃખ શૂન્ય થશે. અસ્વીકારથી દુઃખ વધશે. કાયક્લેશનો અર્થ છે પૂર્ણ સ્વીકૃતિ. જે છે તેની, જેવું છે તેવી સ્વીકૃતિ. કાયક્લેશ એટલે કાયાને કષ્ટ આપવું એમ નહિ, કાયામાં જે કાંઈ પણ કષ્ટનો તમને અનુભવ થાય તેનો શાંતપણે સ્વીકાર કરવો. સમતાપૂર્વક સહન કરવું.

હવે કાયક્લેશ જરા ઊંડાણથી સમજીએ...

મોટેભાગે એવું બની રહ્યું છે કે જેમ જેમ મહાવીરથી સમયનું અંતર વધતું જાય છે તેમ તેમ તેમના અનુયાયીમાં બાહ્ય અનુકરણ વધારે જોવા મળે છે. જે બધી ઉપરછલ્લી અને બહારની વાતો છે. જે વાતોમાં ઊંડાણ સુધી જવું જોઈએ તેમાં બહુ ઊંડાણ જણાતું નથી.

કાયક્લેશની સાધનાની શરૂઆત દુઃખના સ્વીકારથી થાય છે. અને દુઃખના વિસર્જનથી એ સાધના પૂર્ણ થાય છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી દુઃખ તો રહેશે. પરંતુ એના સ્વીકારથી આપણા માટે એ દુઃખ રહેતું નથી.

આપણા શરીરમાં ક્ષણેક્ષણે કેટલું બધું પરિવર્તન થઈ રહ્યું છે. પૂરા શરીરના cells દરેક ક્ષણે નાશ પામી રહ્યા છે ને નવા ઉત્પન્ન થઈ રહ્યા છે. (ઉપનેઈવા વિગમેઈવા). પરંતુ આપણને એનો કંઈજ અનુભવ નથી થતો કારણકે આપણું મન બાહ્ય છે. જન્મ્યા ત્યારથી આજ સુધી બહિર્મુખી બનીને જ જીવ્યા. બાહ્ય ભટકતું મન સ્થૂળ (બાહ્ય) હોય છે, તે અંદરનો અનુભવ કરી શકતું નથી. પરંતુ એ જ મનને શ્વાસોચ્છ્વાસ પર ટકવી જો અંતરમનમાં ઉતરવામાં આવે તો એ મન સૂક્ષ્મ બને છે. સૂક્ષ્મ મન આંતરિક અનુભવ કરી શકે છે. અને જે વ્યક્તિઓએ પ્રેક્ટીકલી આ અનુભવ કર્યો છે તેઓ જાણે છે કે શરીરમાં કેવા કેવા દુઃખદ સંવેદનો અથવા તો સુખદ સંવેદનોનો અનુભવ થાય છે. તે સંવેદનોનો સ્વીકાર કરવાથી ને તેના પ્રત્યે લક્ષ્ય નહીં આપીને સમતામાં સ્થિર થવાથી...આ દુઃખદ સંવેદનોનું વિસર્જન થશે... તેવી જ રીતે સુખદ સંવેદનોનું પણ વિસર્જન કરવાનું છે. કેમકે સુખદ સંવેદનો પર રાગના કર્મોની ઉદીરણા જ છે. એનો પણ શાંત સ્વીકાર કરીને એનું પણ વિસર્જન જ કરવાનું છે. નહીં તો રાગના કર્મોનો ગુણાકાર થઈ અંતે એ પણ દુઃખમાં, કષ્ટમાં જ પરિણમશે. માટે **કાયામાં ઉત્પન્ન થતાં સુખદ અને દુઃખદ સંવેદનોને સમતાભાવે, શાંત સ્વીકાર કરી વેદવા તે કાયક્લેશ છે.**

આપણા રોજિંદા જીવનમાં પણ જોઈએ છીએ કે કોઈને કાંઈ તો કોઈને કાંઈ સ્વરૂપે શરીર પર રોગ પ્રગટ થઈને આવે છે. કોઈ દાઝી જાય છે. કોઈ પડી જાય છે. હજારો પ્રકારની તકલીફ શરીર પર થાય છે. આ બધી તકલીફો આવે ત્યારે એનો શાંતપણે સ્વીકાર કરી મહત્તમ સમતામાં સ્થિર થવું તો કાયક્લેશ નામનો તપ સધાય છે. પરંતુ મોટાભાગે આપણે કોઈ, નાના કષ્ટોમાં પણ સમતામાં રહી શકતા નથી, પછી મોટા દુઃખ-દરદની તો વાત જ ક્યાં કરવી?

> ***મહાવીર લોચ કરે છે, ભૂખ્યા અને ઉપવાસી રહે છે. ટાઢ, તડકો ને વરસાદમાં નગ્ન ઊભા રહે છે ને આપણે માની લીધું કે મહાવીર કાયાને કષ્ટ આપી રહ્યા છે. આપણે મહાવીરને આપણી કક્ષા સુધી નીચે ઉતારીને મુલવીએ છીએ એટલે એવું સમજાય છે. પરંતુ વાળ ખેંચીને કાઢવામાં મહાવીરને પીડા ન હતી. સંપૂર્ણ સ્વીકૃતિ સાથે એ પીડાનું વિસર્જન હતું...આ વાત સમજીએ.***

સવાલ એ થાય છે 'આપણે તો આટલું બધું ધરમ જાણીએ. છ કર્મગ્રંથ અર્થ સાથે ભણી ગયા...તો પછી રોગ-આતંક-કષ્ટ આવે

સમતા કેમ રહેતી નથી?' તો એ ખાસ-ખાસ સમજી લો કે ગમે તેટલું ભણો કે ગમે તેટલું ભાષણ આપો...**પણ જે વ્યક્તિ જીવનમાં પ્રેક્ટીકલી પોતાના અંતરમાં ઉતરી...ઉદ્‌ભવતા સુખ-દુઃખના સંવેદનોને રાગ-દ્વેષનો ટેકો આપ્યા વગર અનિત્યભાવનામાં સ્થિર થઈ સમતાભાવે વેદવાની પ્રેક્ટિસ કરતો નથી, તે મોટા રોગ આવે, તકલીફ આવે કે મરણ આવે સમતા ધારણ કરી શકતો નથી કે સમતાભાવે કર્મને કદી વેદી શકતો નથી...અંતે જીવનની બાજી હારી જાય છે.**

જેણે જિંદગીભર પાણી જ વલોવ્યું છે...તે માખણની આશા કેવી રીતે રાખી શકે? પછી ભલે ને હું મોટે મોટેથી ગીત ગાઉં – 'અંત સમયે પ્રભુ આવજે...ને હું સમતાભાવે દર્દ સહું...' અરે! અંત સમયે પ્રભુ આવશે તોય કાંઈ નહીં કરી શકે, કેમકે મેં આખી જિંદગી કાયક્લેશની એટલે કે કાયામાં ઉત્પન્ન થતા કષ્ટને સમતાભાવે વેઠવાની કોઈ પ્રેક્ટિસ જ કરી નથી. કાયક્લેશ તપની સાધના હરઘડી, હરપળ થવી જોઈએ, પ્રેક્ટીકલી થવી જોઈએ ત્યારે એ તપ સધાશે.

આપણે જોયું કે મહાવીર લોચ કરે છે, ભૂખ્યા અને ઉપવાસી રહે છે. ટાઢ, તડકો ને વરસાદમાં નગ્ન ઊભા રહે છે ને આપણે માની લીધું કે મહાવીર કાયાને કષ્ટ આપી રહ્યા છે. આપણે મહાવીરને આપણી કક્ષા સુધી નીચે ઉતારીને મુલવીએ છીએ એટલે એવું સમજાય છે. પરંતુ વાળ ખેંચીને કાઢવામાં મહાવીરને પીડા ન હતી. સંપૂર્ણ સ્વીકૃતિ સાથે એ પીડાનું વિસર્જન હતું...આ વાત સમજીએ.

મહાવીરના કાનમાં જે દિવસે કોઈએ ખીલા ઠોક્યા તે દિવસે ઇન્દ્રે આવીને કહ્યું કે, 'તમને ઘણી પીડા થતી હશે. તમારા જેવી નિસ્પૃહ વ્યક્તિના કાનમાં કોઈ આવીને ખીલા ઠોકી જાય તેનાથી અમને ખૂબ પીડા થાય છે.'

મહાવીરે કહ્યું, 'જો મારા કાનમાં ખીલા ઠોકાવાથી તમને પીડા થાય છે તો તમારા શરીરમાં ખીલા ઠોકાય તો તમને કેટલી બધી પીડા થશે?'

ઇન્દ્ર કાંઈ ન સમજ્યા. ઇન્દ્રે કહ્યું, 'હા, પીડા તો થાય જ ને? તમે આજ્ઞા આપો તો તમારું રક્ષણ કરું...'

મહાવીરે કહ્યું, 'તમે મને ખાતરી આપો છો કે તમારી રક્ષાથી મારું દુઃખ ઓછું થઈ જશે?'

ઇન્દ્રે કહ્યું, 'કોશિશ કરી શકું છું. તમારું દુઃખ ઓછું થશે કે નહીં તે કહી શકતો નથી.'

મહાવીરે કહ્યું, 'મેં જન્મોજન્મ સુધી એ દુઃખ ઓછા કરવાની કોશિશ કરી પરંતુ ઓછા ન થયા. હવે બધી કોશિશ છોડી દીધી છે. હવે મારી રક્ષા કરવા માટે તમને રાખવાની કોશિશ નહિ કરું. તમારી ભૂલ એવી જ છે જેવી મારા કાનમાં ખીલા ઠોકનારની હતી. એ એમ સમજતો હશે કે, મારા કાનમાં ખીલા ઠોકીને એ મારા દુઃખ વધારી દેશે. તમે એમ સમજો છો કે મારી રક્ષા કરીને તમે મારું દુઃખ ઓછું કરશો. તમારા બંન્નેનું ગણિત એક જ છે. **મને મારા પર છોડી દો. જે છે તેનો મને સ્વીકાર છે. પેલા માણસે મારા કાનમાં ખીલા જરૂર ઠોક્યા, પરંતુ એ ખીલા હજી મારા સુધી પહોંચ્યા નથી. હું બહુ દૂર ઊભો છું. સ્વીકારથી જ દુઃખનું અતિક્રમણ છે. દુઃખનો સ્વીકાર કરતાં જ એની ઉપર તાત્કાલીક ઊઠી જવાય છે. કાયક્લેશનો આવો અર્થ છે. દુઃખના સ્વીકાર સાથે એક મોટું રૂપાંતરણ થાય છે.'**

માનવી કાયાને દુઃખ આપવા લાગે છે, એટલા માટે કે પાછળથી સુખ મળશે એવી આકાંક્ષા છે તો એ પણ સુખ પરનો રાગ થઈ ગયો. જ્યારે ક્લેશનો અનુભવ થાય ત્યારે તેને નિયતિ સમજીને સહન કરવાનો છે. કોઈ સુખ દ્વારા મુક્ત થયું નથી. કારણ સુખ છે જ નહિ. સુખનો ભ્રમ છે. મુક્ત તો દુઃખ દ્વારા થવાશે. અને દુઃખમાંથી મુક્તિ એના સ્વીકારમાં છૂપાઈ છે. એ સ્વીકાર એટલો પ્રતીતિપૂર્ણ હોવો જોઈએ કે મનમાં એવો સવાલ પણ ન ઊઠે કે કાયા દુઃખ છે. આપણે દુઃખ સહન કરીએ એનો અર્થ એવો નથી કે આપણે કાયાને દુઃખ આપી રહ્યા છીએ. કાયાની બીમારીઓ દેખાશે, એનો તનાવ, એનો બૂઢાપો, એનું મૃત્યુ બધું દેખાવાનું શરૂ થશે. આ કાયા પર થતા ક્લેશને સમતાથી સહન કરવાનો છે, એને જોવાનો છે, એનાથી રાજી રહેવાનું છે, એને સ્વીકારવાનો છે. એનાથી ભાગવાનું નથી. એ કાયક્લેશ નામનો ઉત્કૃષ્ટ તપ છે. ✷ ✷ ✷

મોબાઈલ: ૯૮૯૨૧ ૬૩૬૦૯.

જૈનીઝમ – માં મુંબઈ યુનિવર્સિટી અધિકૃત અભ્યાસક્રમો

તમામ ઉંમરના માટે

- સર્ટિફિકેટ કોર્સ – એક વર્ષ પાર્ટ ટાઈમ
- ડિપ્લોમા કોર્સ – એક વર્ષ પાર્ટ ટાઈમ
- એમ. એ. બાય રિસર્ચ – બે વર્ષ
- પીએચ. ડી. – ઓછામાં ઓછા બે વર્ષ

એ સિવાય બીજા કોર્સીસ શીખવાડવામાં આવશે.

- પ્રાકૃત ભાષા શિક્ષણ – એક વર્ષ માટે
- ત્રણ મહિના માટે શોર્ટ કોર્સીસ જેવા કે તત્ત્વાર્થ, ભક્તામર, પ્રેક્ષા ધ્યાન અને એના વૈજ્ઞાનિક તથ્યો

કે. જે. સોમૈયા જૈનીઝમ સેન્ટરની વિશેષતા:

વિદ્વાનો દ્વારા અધ્યાપન, વ્યવસ્થિત કોર્સ કાર્યક્રમ, અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં અભ્યાસક્રમો, અનુકૂળ સમય, જૈનોલોજીના વિભિન્ન પાસાઓ સંશોધન માટે પ્રોત્સાહન.

વધારે માહિતી માટે સંપર્ક કરો: સ્થળ: મેનેજમેન્ટ બિલ્ડિંગ, બીજે માળે, સોમૈયા કૉલેજ, વિદ્યાવિહાર, મુંબઈ-૪૦૦ ૦૭૭.
ઑફિસ નંબર: ૦૨૨ ૨૧૦૨૩૨૦૯, ૬૭૨૮૩૦૭૪.
મોબાઈલ: ૦૯૪૧૪૪૪૮૨૯૦, ૯૭૫૭૧૨૪૨૮૨.
સમય: સવારે ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦.

જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૪

વિશ્વવિખ્યાત જૈન વિદ્વાન પંડિત દલસુખભાઈ માલવણિયા

☐ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

વિશ્વવિખ્યાત જૈન વિદ્વાન અને પ્રકાંડ પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા (૧૯૧૦-૨૦૦૦) એટલે ભારતીય વિદ્યાશાસ્ત્ર અને જૈન પરંપરાના નભોમણિ!

સતત સંઘર્ષ અને ભારે પુરુષાર્થ વચ્ચે આગળ વધેલા દલસુખભાઈ અનાથાશ્રમમાં રહીને અંગ્રેજી પાંચમા ધોરણ સુધી ભણ્યા હતા. તે સમયના જયપુરના શ્રી દુર્લભજીભાઈ ઝવેરીની પ્રેરણા અને આર્થિક મદદથી અખિલ ભારતીય સ્થાનકવાસી કૉન્ફરન્સે બિકાનેરમાં એક ટ્રેનિંગ કૉલેજ ચાલુ કરી. વર્ષો પૂર્વે દલસુખભાઈ કહેતા હતા કે એ સંસ્થાનું નામ ખાલી કૉલેજ હતું, પરંતુ એ હતી તો પાઠશાળા જ. એ કૉલેજે એવું નક્કી કર્યું કે ગરીબ જૈન વિદ્યાર્થીઓને ભણાવવા અને ત્રણ વર્ષની નોકરીની ગૅરન્ટી આપવી. દલસુખભાઈ ભાવસાર જ્ઞાતિના હતા. તેમની જ્ઞાતિએ તેમને ભાડું આપીને બિકાનેર મોકલ્યા. ત્યાંથી તેઓ ભણવા માટે કચ્છમાં શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજ પાસે ગયા. એ મહાપંડિત સાધુ પાસે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું ઊંડાણથી જ્ઞાન મેળવ્યું. તેની પરીક્ષા આપીને તેમણે ન્યાયતીર્થ અને જૈન વિશારદની ડિગ્રી મેળવી. બિકાનેરની ટ્રેનિંગ કૉલેજે તેજસ્વી વિદ્યાર્થીઓ તરીકે દલસુખભાઈ અને શાંતિલાલ વનમાળીદાસને અમદાવાદ પંડિત બેચરદાસજી દોશી પાસે ભણવા મોકલ્યા. અહીં તેમણે પ્રાકૃત ભાષા અને આગમોનું ઊંડાણથી અધ્યયન કર્યું. ત્યાંથી દલસુખભાઈ કલકત્તાના શાંતિનિકેતનમાં શ્રી જિનવિજયજી પાસે વિશેષ અભ્યાસ માટે ગયા.

શ્રી દલસુખભાઈ માલવણિયા ભાગ્ય દોડાવે તેમ દોડતા હતા. બનારસથી પંડિત સુખલાલજીએ તેમને પોતાના વાચક તરીકે બોલાવ્યા. પંડિત સુખલાલજી ત્યાંથી યુનિવર્સિટી છોડીને અમદાવાદ ગયા એટલે બનારસ યુનિવર્સિટીએ દલસુખભાઈને જૈન દર્શનના અધ્યક્ષ તરીકે નીમી દીધા. તેમના જીવનની આ એક વિશિષ્ટ સિદ્ધિ હતી. જે વ્યક્તિએ મેટ્રિક પણ પાસ કર્યું નથી તેમની સીધી જ યુનિવર્સિટીમાં એક વિભાગના અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ જાય તે જેવી તેવી વાત નહોતી.

દલસુખભાઈ કહેતા કે, 'હું હિંદી અને અંગ્રેજી શિક્ષકો પાસે ભણી શક્યો નહીં, પણ મહાવરાથી તે ભાષાઓ આવડી ગઈ.' દલસુખભાઈ પછી તો હિંદી અને અંગ્રેજીમાં લેખો લખતા થઈ ગયેલા.

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી દલસુખભાઈમાં રહેલી તેજસ્વીતા જાણતા હતા. તેઓની પ્રેરણાથી અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના થઈ ત્યારે તેના ડાયરેક્ટર તરીકે પં. દલસુખભાઈને અમદાવાદ બોલાવી લેવામાં આવ્યા. જીવનભર તેઓ તે સંસ્થાના ડાયરેક્ટર તરીકે રહ્યા.

વર્ષો પૂર્વે અમદાવાદની ઓપેરા સોસાયટીમાં હું ચોમાસુ રોકાયો હતો ત્યારે બપોરે નિયમિત સાડા ત્રણ વાગે આવીને મારી પાસે રોજ એક કલાક બેસતા. તેમની વિનમ્રતા જોઈને કોઈ કહી પણ શકે નહીં કે જૈન દર્શન અને ભારતીય દર્શનોના આ વિશ્વવિખ્યાત વિદ્વાન છે.

તેઓ પીએચ.ડીના માર્ગદર્શક હતા અને અનેક યુનિવર્સિટીઓમાં પીએચ.ડીના પરીક્ષક હતા. વિદેશની યુનિવર્સિટીઓમાં આમંત્રિત પ્રોફેસર તરીકે શિક્ષણકાર્ય કરનાર તેઓ સર્વપ્રથમ જૈન વિદ્વાન હતા. ટોરેન્ટો, બર્લિન અને પેરિસની યુનિવર્સિટીમાં તેમણે વિઝિટિંગ પ્રોફેસર તરીકે જૈન દર્શનની શિક્ષા આપી હતી. કેનેડાના સવા વર્ષ દરમિયાન નિવાસ સમયે તેમને વિશ્વના અનેક વિદ્વાનો મળ્યા અને તેમણે જૈન દર્શનની મૌલિકતા અને સ્વતંત્રતા સૌને સમજાવી. તે વિદ્વાનોને જૈન ધર્મ સમજવા માટે ગ્રંથોની સૂચિ પણ તૈયાર કરી આપી. કેનેડાના એક પ્રોફેસરે કહ્યું, 'મને સંસ્કૃત નથી આવડતું.' પં. દલસુખભાઈ કહે, 'એ શીખવા અમદાવાદ આવવું પડે.' એ પ્રોફેસર ખરેખર અમદાવાદ આવ્યા!

ભારત સરકારે તેમનું પહેલાં પદ્મશ્રી અને પછી પદ્મવિભૂષણ તરીકે સન્માન કર્યું. પં. દલસુખભાઈ માલવણિયા સંશોધક, સંપાદક, અધ્યાપક અને વિવેચક તરીકે પોતાની સમર્થતા પુરવાર કર્યા પછી પણ કહેતા કે સંસ્થાના વહીવટને કારણે મારા જીવનનો એટલો બધો સમય ગયો કે જે કામો કરવાનું મારા મનમાં અનેકવાર સૂઝી આવતું તે પણ થયું નહીં. 'આત્મમિમાંસા', 'જૈન ધર્મચિંતન', 'પ્રમાણમિમાંસા', 'જ્ઞાનબિંદુ', 'તર્કભાષા', 'ન્યાયવતાર કાર્તિકવૃત્તિ', 'ભગવાન મહાવીર સ્વામીનો જીવનસંદેશ', 'પં. સુખલાલજી', 'આગમ યુગ કા જૈન દર્શન' વગેરે પુસ્તકોએ તેમને વિશ્વવિખ્યાત બનાવી દીધા. ગુજરાતી સાહિત્ય પરિષદે તેમની ઇતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે નિમણૂક કરી હતી. તે સમયનું તેમનું પ્રવચન પણ યાદગાર નીવડ્યું. પં. દલસુખભાઈ માલવણિયા વાતવાતમાં કહેતા હતા કે મારું 'ગણધરવાદ' નામનું પુસ્તક લખવાનો મને વિશેષ આનંદ થયો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમણે અનેક પ્રવચનો કર્યા હતા. તેમની વિદ્વત્તા, શાસ્ત્રોની જાણકારી, નિખાલસતા અને તટસ્થતા ઊડીને આંખે વળગે તેવી હતી. તેમનું લેખન અને ચિંતન એવું પુરવાર કરતું હતું કે પં. દલસુખભાઈ સુધારક વ્યક્તિ છે, પણ ખરેખર તેમ નહોતું. સાચી વાત તો એ હતી કે ધર્મની મૂળભૂત પરંપરાના તેઓ આગ્રહી હતા અને આધુનિકતા સાથે તેનું જોડાણ કરવું જોઈએ, જેમાં ધર્મની મૌલિકતા અને મહાનતા પ્રગટ થાય તેવું તેઓ ઇચ્છતા હતા. અમદાવાદની હઠીભાઈની વાડીમાં ભગવાન મહાવીર નિર્વાણ શતાબ્દી સમયે કેટલાક યુવકોએ આવીને તોફાન મચાવેલું. પોલીસ તે યુવકોને પકડીને લઈ જતા હતી ત્યારે તેમને છોડાવવા માટે પં. દલસુખભાઈ અને રતિલાલ દીપચંદ દેસાઈ દોડ્યા હતા. આશ્ચર્યની વાત એ હતી કે એ રૂઢિચુસ્ત યુવકોએ આ બન્ને વિદ્વાનોને મારવાની ધમકી આપેલી. આ બન્ને વિદ્વાનોના મનમાં એ યુવકો પ્રત્યે સહેજ પણ રોષ નહોતો. એમના મનમાં તો પ્રભુએ કહેલી કરુણા ઝગમગતી હતી. જીવનમાં માત્ર જ્ઞાન મેળવવાથી મહાન થવાતું નથી, પણ જીવનમાં ચરિતાર્થ કરવાથી મહાન થવાય છે, તે આ ઘટનાનો મર્મ હતો.

જૈન દર્શનના મહાપંડિત દલસુખભાઈ માલવણિયા ભારતીય દર્શન અને સાહિત્યના શ્રેષ્ઠ વિદ્વાન તો હતા જ, પણ દેશ અને વિદેશની ધરતી પર જૈન તત્ત્વની સૌરભ ફેલાવનાર જ્ઞાનોપાસક હતાઃ એવા જ્ઞાનોપાસક, જેમનું પ્રત્યેક પગલું સૌને માટે પ્રેરક બની રહે. ✷ ✷ ✷

જ્ઞાન-સંવાદ

પ્રશ્ન : બરફની જેમ સચિત્ત કાચા પાણીમાં પણ અસંખ્ય જીવો છે, તો પાણી નહીં ને બરફ સ્વતંત્ર રીતે અભક્ષ્ય કેમ ગણાય? શું હેતુ છે? બરફમાં પાણી કરતાં જીવ વધારે છે? ક્યા ગ્રંથમાં આ વાત આવે છે?

ઉત્તર : શ્રી યોગશાસ્ત્રમાં હિમ, કરા વગેરેને અભક્ષ્ય ગણ્યા છે. તેથી બરફ અભક્ષ્ય છે. પાણી વિના જીવવું શક્ય નથી, તેથી પાણીમાં અશક્ય પરિહાર છે. બરફ માટે એવું કહી શકાતું નથી. વળી બરફ ઘન હોવાથી એમાં દ્રવ પાણી કરતાં વધુ જીવો સંભવે છે. વળી દ્રવ પાણીને તેટલા પ્રમાણમાં ઉપઘાત લાગે છે, તેટલા ઘન બરફને લાગતા નથી. તેથી પણ જીવો વધુ ગણી શકાય. બરફ આરોગ્ય માટે પણ હાનિકારક છે. વળી બરફમાં અંદર પાણી થીજી જવાથી સ્થિર થઈ ગયું છે. તેથી તેમાં તદ્ વર્ણની નિગોદ પણ ઉત્પન્ન થઈ શકે. તળાવાદિના સ્થિર પાણીમાં નિગોદ થતી દેખાય છે. (જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણાએ અભક્ષ્ય-અનંતકાય વિચાર પુસ્તક બહાર પાડ્યું છે, તે જોઈ લેવું.)

પ્રશ્ન : કયા કાઉસગ્ગો 'ચંદેસુ...' સુધીના, કયા કાઉસગ્ગો 'સાગરવર...' સુધીના અને કયા કાઉસગ્ગો પૂરા લોગસ્સના કરવાના?

ઉત્તર : નિયત કાઉસગ્ગો 'ચંદેસુ નિમ્મલયરા' સુધી, જ્ઞાનાદિ આરાધના અને યોગના કાઉસગ્ગો 'સાગરવર' સુધી અને દુઃખક્ષયનો કાઉસગ્ગ પૂરો કરવો અથવા જ્યાં જેવી સમાચારી. જે ગચ્છ કે સમુદાયમાં જે રીતે સમાચારી હોય તે રીતે ત્યાં કરવાનું હોય છે.

પ્રશ્ન : ચાતુર્માસમાં લીલાશાક સુકોતરી કરી સૂકવીને વપરાય?

ઉત્તર : ચોમાસા દરમિયાન લીલા શાક સૂકવણી કરીને વાપરવા જેવા નથી. કેમકે એમાં ઘણાં ત્રસજીવોની ઉત્પત્તિની શક્યતાઓ રહે છે.

પ્રશ્ન : સામાયિક બે ઘડી થાય પછી પારવું જ પડે?

ઉત્તર : સામાયિક બે ઘડી થાય પછી પારવું જ પડે એવો નિયમ નથી. પક્ખી વગેરે પ્રતિક્રમણમાં કે પ્રવચનશ્રવણ આદિ વખતે બે ઘડી થવા છતાં સામાયિક પારવાનું હોતું નથી. એવી જ રીતે વિશેષ સ્વાધ્યાય-જાપ વગેરેમાં અધવચ્ચે પારવાના બદલે પૂર્ણ કર્યા પછી પારવું ઉચિત ગણાય.

પ્રશ્ન : અભક્ષ્ય-કંદમૂળ ખાનારો ભગવાનની પૂજા કરવા માટે લાયક ગણાય ખરો?

ઉત્તર : પૂજા કરતી વખતે મોઢામાંથી દુર્ગંધ આવવી જોઈએ નહીં. અભક્ષ્યાદિ ખાનારો પણ પ્રભુપૂજા કરી શકે છે. તેથી પૂજા માટે નિષેધ કરી શકાય નહીં. એના બદલે એમ થવું જોઈએ કે પ્રભૂપૂજા કરનાર અભક્ષ્યાદિ ખાઈ શકે ખરો? એને અભક્ષ્યાદિ ખાતા વિવેકપૂર્વક અટકાવી શકાય અને એણે પણ અભક્ષ્યભક્ષણથી અટકવા પ્રયત્નશીલ થવું જ જોઈએ.

પ્રશ્ન : પણ આ નિયમ બહુ કડક લાગે છે. આપણી વસ્તુ દવા વગેરેરૂપ હોય, ને ભૂલમાં લઈ જઈએ, તેટલા માત્રથી વપરાય નહીં?

ઉત્તર : આ કડક નિયમ નહીં રાખવામાં આવે તો ધીમે ધીમે ઘાલમેલ શરૂ થશે. નાના છોકરાઓ જેમ સાધુઓ સમક્ષ ખાતા થઈ ગયા છે. તેમ દેરાસરમાં પણ ખાવાનું ચાલુ થઈ જશે. પછી મોટી અનવસ્થા સર્જાશે. એ નિવારણ માટે કડક નિયમ વગર ચાલે નહીં. ઈતરોમાં મંદિરમાં અને મંદિરનું ખાવામાં દોષ-બાધ રહ્યો નથી. એના કારણે જે ઘાલમેલ ચાલે છે, એ આપણે ત્યાં હજી નથી આવી એનું કારણ જ આ કડકાઈ છે.

પ્રશ્ન : પ્રતિક્રમણમાં સકારણ ઊભા ઊભા કાઉસગ્ગ ન કરે, તો સાપેક્ષભાવે વજ્રાસનાદિ અન્ય મુદ્રાઓમાં કાઉસગ્ગ કરી શકાય કે પલાંઠી લગાવી બેઠા બેઠા જ કાઉસગ્ગ કરવો?

ઉત્તર : પ્રતિક્રમણમાં સકારણ ઊભા ઊભા કાઉસગ્ગ ન થાય, તો બેઠા બેઠા કાઉસગ્ગ કરવો, પણ અન્ય મુદ્રાઓમાં કાઉસગ્ગ કરવો નહીં. કેમ કે પ્રતિક્રમણ માટેની તેવી સમાચારી છે અને સમાચારી બળવાન છે. બીજા કાઉસગ્ગો અન્ય મુદ્રામાં કરી શકાય. જો કે પછી ત્યાં કાઉસગ્ગ મુદ્રા રહેતી નથી.

પ્રશ્ન : આર્દ્રા નક્ષત્રથી કેરી બંધ થાય. તો ક્યું નક્ષત્ર બેસે ત્યારે કેરી ખુલ્લી થાય ?

ઉત્તર : હાલ કારતક સુદ પૂનમ સુધી બંધનો વ્યવહાર ગણાય છે.

પ્રશ્ન : એક સામાયિક પર બીજું સામાયિક લેતી વખતે 'સજ્ઝાયમાં છું' એમ બોલવું કે 'સજ્ઝાય કરું ?' એમ બોલવાનું ?

ઉત્તર : બીજું સામાયિક લેતી વખતે 'સજ્ઝાય કરું' એવો આદેશ લેવો ઉચિત છે. કેમકે 'સજ્ઝાયમાં છું'. આ આદેશ માંગવારૂપ નથી, પણ માત્ર નિર્દેશરૂપ છે, જ્યારે ખરેખર તો ગુરુભગવંત પાસે આદેશ માંગવાના છે. પહેલા સામાયિક વખતે જે આદેશ માંગેલો, એ એ સામાયિક પૂરતો જ હતો, તેથી બીજા સામાયિક માટે સામાયિક દંડક વગેરેના આદેશ ફરીથી માંગવાના છે, એમ સામાયિકમાં સજ્ઝાય માટેના આદેશ પણ ફરીથી જ માંગવાના છે.

પ્રશ્ન : કેટલા શ્રાવકો સામાયિક લેતા પહેલાં સ્થાપનાજી સ્થાપતી વખતે પહેલાં ખમાસમણું દઈ 'શ્રી સુધર્માસ્વામીની સ્થાપના સ્થાપું ?' એવો આદેશ માંગી પછી નવકાર–પંચિદિયથી સ્થાપના સ્થાપે છે. આ બરાબર છે ? આવો આદેશ માંગ્યા વગર સ્થાપના સ્થાપી શકાય ?

ઉત્તર : સ્થાપનામાં દેવ-ગુરુ ઉભયની સ્થાપના કરવાની હોય છે. શ્રી સુધર્માસ્વામીની સ્થાપનાનો આદેશ માંગવામાં દેવની સ્થાપના થતી નથી. ખરેખર તો આવો આદેશ માંગવાની જરૂર જ નથી. સીધી સ્થાપના નવકાર–પંચિદિયથી કરવાની છે. છતાં બોલવું હોય, તો 'શ્રી પંચપરમેષ્ઠીની સ્થાપના કરું ?' એમ બોલી શકાય. પણ ખરેખર તો આ પણ બોલવાની જરૂર નથી.

પ્રશ્ન : કેરી સિવાયનો માત્ર કાચી કેરીનો રસ કેટલા દિવસ ચાલે ?

ઉત્તર : લીંબુના રસની જેમ ત્રણ દિવસ ચાલે એમ લાગે છે.

પ્રશ્ન : જેને ખબર જ હોય કે મહાવિદેહમાં જવા માટે મિથ્યાત્વે જવું પડે એવી વ્યક્તિની મહાવિદેહમાં જવાની ભાવના કેવી કહેવાય ? આવી ભાવના કેવી કહેવાય ? આવી ભાવના ભાવી શકાય ?

ઉત્તર : સિદ્ધાંતમતે સમકિત લઈને પણ મહાવિદેહમાં જવાય છે. તેથી અને બીજું અનિદાન સ્વરૂપ પ્રભુભક્તિધર્મની ઉત્તમ આરાધનાની ભાવના મુખ્ય છે. તેથી તેવી ચતુર્થભાષાત્મક વ્યવહાર ભાષા 'આરુગ્ગ બોહિલાભં...' વગેરેની જેમ ભાવના કરવામાં હરકત જણાતી નથી.

પ્રશ્ન : શ્રાદ્ધવિધિમાં લોટ દળ્યા પછીનો કાળ બતાવ્યો છે તે શું છે ?

ઉત્તર : શ્રાદ્ધવિધિમાં લોટ દળ્યા પછી કેટલા કાળ પછી અચિત્ત થાય–ખપે એ કાળ બતાવ્યો છે. કેટલા વખત પછી એ ન કલ્પે એ કાળ બતાવ્યો નથી. **લઘુપ્રવચન સારોદ્ધાર**માં પણ એ પ્રમાણે બતાવ્યું છે. ખોરો થાય–સ્વાદ બદલાય પછી ન કલ્પે, પણ હાલના વ્યવહારમાં સુખડી વગેરેના કાળ જેટલો કાળ કલ્પે એમ વ્યવહાર ચાલે છે.

પ્રશ્ન : ચાલુ ટ્રેને પ્રતિક્રમણ કરી શકાય ? અને તે વખતે સામાયિક લેવાનું ?

ઉત્તર : ચાલુ ટ્રેને સામાયિક કે પ્રતિક્રમણ થઈ શકે નહીં. તેથી રોજ સામાયિક–પ્રતિક્રમણ કરનારે તે રીતે જ મુસાફરી ગોઠવવી જોઈએ. સંયોગવશ તે જ સમયે મુસાફરી કરવી પડે તો પ્રતિક્રમણ કરનાર સામાયિકના કપડામાં સામાયિક ઉચર્યા વગર પ્રતિક્રમણ ક્રિયા વ્યવહારરૂપે કરે તો ભાવ સામાયિક કે પ્રતિક્રમણ ન થવા છતાં ભાવરક્ષક પ્રતિક્રમણ–સામાયિકનો લાભ લઈ શકે. સમજુ વ્યક્તિ આ રીતે પ્રતિક્રમણ કર્યા પછી બીજાને 'મેં સામાયિક-પ્રતિક્રમણ કર્યું' એમ કહે નહીં.

પ્રશ્ન : દેરાસરના કેસર વગેરેથી ભગવાનની પૂજા કરે, એને શું પ્રાયશ્ચિત્ત આવે ?

ઉત્તર : શક્તિ-સંયોગાદિ હોવા છતાં દેરાસરના કેસરાદિથી પૂજા કરે, એને પુણ્યબંધ તો થાય, પણ સ્વ-દ્રવ્ય ન વાપર્યું હોવાથી વિશિષ્ટ પુણ્યબંધ કે અનુબંધ પ્રાયઃ ન થાય. ગુણોના વિશિષ્ટ ક્ષયોપશમ માટે કારણભૂત જે ભાવોલ્લાસ જોઈએ, તે પણ કદાચ ઓછા જાગે. તેથી કમાણીની મોસમમાં આવડત હોવા છતાં વેપાર ન કરતાં નોકરી કરે તેને શું નુકસાન થાય ? એના જેવો આ પ્રશ્ન છે.

પ્રશ્ન : સુકૃત કરતી વખતે તેનું જે પુણ્ય બંધાય, તે પુણ્ય સુકૃત થઈ ગયા પછી પરંપરારૂપે બંધાવાનું ચાલુ રહે ? પરલોકમાં ભૂતકાળમાં કરેલા સુકૃતોને ઓઘથી 'મેં ભૂતકાળમાં જે કાંઈ સુકૃતો કર્યા હોય, એની હું અનુમોદના કરું છું' એમ સામાન્યથી અનુમોદના કરીએ, તો તે સુકૃતોનું પુણ્ય બંધાય ?

ઉત્તર : સુકૃતના દરેક સ્થાને પુણ્ય બંધાય. સુકૃત કરવાનું પ્રણિધાન કરો, ત્યારે પણ તેનું પુણ્ય બંધાય, સુકૃત કરો ત્યારે ય પુણ્ય બંધાય, એ માટેના અભિગ્રહો કરો ત્યારે ય પુણ્ય બંધાય, અનુમોદનાથીય પુણ્ય બંધાય. જિંદગીભર રાત્રિ ભોજન ત્યાગનો અભિગ્રહ કર્યો હોય, તો રોજ દિવસે ભોજન કરતા હોય, ત્યારે ય ત્યાગના નિયમની અપેક્ષા રહે ત્યાં સુધી રાત્રિ ભોજન ત્યાગનું પુણ્ય બંધાયા કરે. ભૂતકાળના સુકૃતો ઓઘથી યાદ કરો તો ઓઘ જેવું પુણ્ય બંધાય અને વિશેષથી યાદ કરો તો વિશેષથી પુણ્ય બંધાય. આ વાત પાપ માટે ય સમજવી. પાપનો વિચાર, પાપ કરવાનો નિર્ણય, પાપની પ્રવૃત્તિ અને પછી એની અનુમોદના; દરેક વખતે એ-એ પાપ સંબંધી પાપકર્મ બંધાયા કરે. ✶ ✶ ✶

● જ્ઞાન-સંવાદમાં આવતાં સવાલો અનેકને ઉપયોગી થાય છે. અહીં વાચકો નામ સાથે અથવા નામ વગર પોતાના સવાલો પૂછી શકે છે. વિદ્વાનો તર્કયુક્ત જવાબો દ્વારા સમાધાન આપશે. સહુ વાચકોને સવાલો મોકલવા વિનંતી.

ભાવ-પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન'માં આવતા લેખો પ્રેરણાદાયક અને જીવનને ઉત્થાનને માર્ગે વાળે છે તે બદલ તંત્રીગણને અભિનંદન.

આ સાથે એક અનોખી અનુકંપા અંગેની વાત.

શ્વાનપ્રેમી નલિનીબેન શાહ સવારે પાંચ વાગ્યે ઊઠી ૧૦૦ જેટલી ઘીવાળી રોટલીઓ શ્વાનો માટે બનાવે છે. રોજનું ૧૦ લિટર દૂધ પણ લેવાનું. પ્લાસ્ટિકના મોટા ટબમાં મૂંગા જીવ શ્વાનો વગેરેને રોટલી અને દૂધ ખવડાવવાનાં. ફૂટપાથ પર કે રસ્તા પર ગાય હોય તો તેને પણ રોટલી, ગોળ ખડાવવાનો. જે શ્વાનને બચ્ચાં આવ્યાં હોય તેને પ્રથમ આઠ દિવસ શીરો ખવડાવવાનો.

આપણે જેમ ત્રણ વખત ખાઈએ છીએ તેમ શ્વાન વગેરે મૂંગા જીવોને પણ ભૂખ લાગે છે. રાત્રે દૂધ અને બિસ્કિક પણ ખવડાવવાનાં. શ્વાનોમાં ગૅન્ગવૉર ન થાય તે માટે માથે ઊભા રહેવાનું અને શ્વાનો પણ ડાહ્યાડમરા થઈ ઊભા રહી પોતાનો વારો આવે ત્યારે જ ખાય એવાં શિસ્તબદ્ધ થઈ ગયાં છે. બોરીવલી (પ.)માં શિમ્પોલી રોડ પર રહેતાં નલિનીબહેન છેલ્લાં પંદર વર્ષોથી મૂંગા જીવોને અનુકંપાના ભાવે ખવડાવે છે. તેમનું કહેવું છે કે બોલતા જીવ માણસ વગેરે હાથ લાંબો કરી અથવા મંદિર બહાર માગીને પોતાનું પેટ ભરશે, પણ આ અબોલ જીવો કોની આગળ માગશે? જે શ્વાનોને ઘા પડ્યા હોય તેને હળદર પણ લગાડે. તેમનો શ્વાનપ્રેમ એટલો બધો છે કે બહારગામ જવું હોય તોપણ વહેલી સવારે ૪ વાગે શ્વાનોને ખવડાવે અને રાત્રે પાછાં આવી જાય. મોડી રાત્રે પણ તેમને ખવડાવવાનું. સ્ટેશને શાકભાજી કે ખરીદી કરવા જાય તોપણ શ્વાન કે બચ્ચાં જુએ તેને બિસ્કીટ ખવડાવવાનાં. ઘરે એકદમ સાદાઈથી રહેતા નલિની-બહેનનો શ્વાનપ્રેમ એટલો બધો છે કે તેઓએ હમણાં બહારગામ પર્યુષણમાં વ્યાખ્યાન આપવાનાં આમંત્રણોનો અસ્વીકાર કર્યો.

☐ **પ્રવીણભાઈ શાહ**
મોબાઈલ : ૯૮૭૦૦૭૯૬૦૮

* * * * * * *

'શુધ્ધ બુધ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ!'
(આત્મસિદ્ધિ :૧૧૭)

'પ્રબુદ્ધ જીવન'નો જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્રજી વિશેષાંક પ્રકાશિત કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને અનેક અનુમોદના ઘટે છે. આ ૧૫૦મી શ્રીમદ્ જન્મ શતાબ્દીના અવસરે એ સમુચિત અને આવકાર્ય છે. બહેનશ્રી સેજલબેનની 'જ્ઞાનયોગી અધ્યાત્મ ગુરુ'ના વિચાર-સાગરના ઊંડાણમાં ઉતરવાની તેમની ઝંખના, તેમની અભિપ્સા, તેમનું આકર્ષણ દાદ માગી લે છે. તેમની આ અંતર-ભાવનાને પુનઃ પુનઃ અભિવંદના. ઉપરની 'આત્મસિદ્ધિ' ગાથા, એ પરાવાણીના શબ્દોના આધારે ચિંતનના સાગરતળે જઈ આત્માનુભવ, આત્માની અનુભૂતિ પામવાનો સ્પષ્ટ સંકેત કરે છે. સેજલબેન આ સમજ્યા છે અને પોતાના તંત્રીસ્થાનેથી લખેલા લેખમાં શ્રીમદ્‌ના શબ્દે શબ્દે, એ શબ્દોની આંગળી પકડીને આત્માને ઉગારવા પ્રાર્થે છે, ઝંખે છે. પરિણામે તેઓ એ યોગ્ય તારણ પર આવે છે કે 'શ્રીમદ્‌ના શબ્દોની મહત્તા એ છે કે આ શબ્દો અનુભૂતિમાંથી પ્રગટ્યાં છે. પ્રજ્ઞાચક્ષુ પંડિતશ્રી સુખલાલજી અને અનેક શ્રીમદ્-સાહિત્યના ગહન અભ્યાસીઓ આ જ નિષ્કર્ષ પર આવે છે કે તેમના શબ્દ-સર્જનનો આધાર છે – આત્માનુભૂતિ, આત્માનુભવ, આત્મસાક્ષાત્કાર.

આ આત્માનુભવ ક્યાંથી પ્રગટે છે?

'દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન' આપનાર પ્રયોગપૂર્ણ ધ્યાનમાંથી! એટલે 'પળના ય પ્રમાદ વગરના' તેમના સતત અપ્રમાદયોગનું મૂળ છે–સતત આત્મભાન-આત્મધ્યાન.

શ્રીમદ્‌જી સર્વની ઉપરે અપ્રમત્ત ધ્યાનયોગી હતા, સમગ્ર હતા, કેવળ 'આપણે સમજેલા એવા માત્ર જ્ઞાનયોગી નહીં'–આટલું સમજીએ-સ્વીકારીએ તો ઘણું. તેમને અભ્યાસવા, મૂલવવા, સમજવા માટે આપણે હજુ ધ્યાનના ઊંડા પાણીએ ઉતરવું પડશે, માત્ર કાંઠે બેસી રહીને નહીં ચાલે.

'માંહી પડ્યા તે મહાસુખ માણે, તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નહીં પામે રે.'

'पाना हो तो चल गहराई में...जिन खोजा विन पाइया,गहरे पानी देते।'

આનંદઘનજી આ ઊંડાણ આત્માનુભવ ભણી આંગળી ચીંધે છે- 'અનુભવ નાથ કો ક્યું ન જગાવે?' કબીર ટકોર કરે છે - तू कहता कागज का लेखी, मैं कहता आँखन की देखी....!' અને શ્રીમદ્‌જી પણ એ જ અકથ-આત્માનુભવનો સંકેત કરે છે-

'એહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું ને જ્ઞાન જો!'

'અનુભવ...અનુભવ...આત્માનો અનુભવ...શુદ્ધાત્માનો અનુભવ...શુદ્ધાત્માનું ધ્યાન...સ્વરૂપનું ધ્યાન...!'

સ્વરૂપધ્યાની–શુદ્ધાત્મધ્યાની અંતે ધ્યાનથી અધિક શું ઝંખે? શું પ્રબોધે?

☐ **પ્રતાપભાઈ ટોલિયા,** બેંગલોર

* * * * * * *

૬૫ વર્ષથી સતત મુંબઈથી પ્રકાશિત થતું 'પ્રબુદ્ધ જીવન' નિયમિતતા, અનેક વિભાગ, તન, મન ધનને માટે વધુ જ્ઞાન પ્રદાન કરી રહ્યું છે. તંત્રી લેખ, વાચક વર્ગના પ્રતિભાવો મોકલનાર માટે વિશાળ હૃદયથી પ્રકાશિત કરી રહ્યા છે જ. ગમે જ. પીઢ સાહિત્યકારો, નવોદિત કે અન્ય સહુની કલમને અચૂક સ્થાન મળે જ છે. પ્રકાશક, સંપાદકને પોતાના આદર્શ નીતિનિયમો હોય જ છે જે સ્પષ્ટ થાય છે.

વિશેષતઃ 'જ્ઞાન-સંવાદ'નો વિભાગ પણ શરુ કર્યો જ છે તેથી જિજ્ઞાસુઓ પણ તૃપ્ત બને છે જ. ખૂબ જ સહજ સરળ શૈલીમાં મુદ્દાસર પ્રત્યુત્તરો પણ ખરા જ.

૨૮ જેટલા વિવિધ લેખો, 'જો હોય મારો આ અંતિમ પત્ર તો?'

વાહ, મોરપીચ્છ-સમો જ કહેવાય. આવકારદાયક છે. વર્ષમાં ૨ કે ૩ અંકોમાં પણ પ્રચુર માત્રામાં સાહિત્ય પીરસાતું રહ્યું છે તે હું ચાહક, ગ્રાહક તરીકે જ્ઞાત છું. મોબાઈલ નંબર વગેરે પણ પ્રકાશિત કરો જ છો તેથી સર્જક તથા ઈચ્છુકજનનો સંપર્ક સાધવાથી પણ વધુ સહયોગ ભળે જ છે. **આદર્શ માનવતાવાદી માટેનું પ્રકાશન થઈ જ રહ્યું છે** ને ભવિષ્યમાં પણ તેવો આશાવાદ, હૃદયનો ભાવ વ્યક્તિગત રીતે જણાવું છું. ધન્યવાદ જ હોય. શત શત જય મહાવીર.

☐ દામોદર ફૂ. નાગર 'જૂગનુ', ઉમરેઠ
મોબાઈલ: ૯૭૨૩૪૪૯૦૯૨.

* * * * * * *

પરમપૂજ્ય અરુણવિજયજીના લેખ 'દરિસણ દીઠે જિન તણું રે...જૈનદર્શન' શરૂ કરતા પહેલાં આપશ્રીએ છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલા આનંદઘનજીનાં પદો ઉપરના ખૂબ જ જ્ઞાનવર્ધક અને મૂલ્યવાન પરિસંવાદમાં રજૂ થયેલા સંશોધન પત્રોનો ઉલ્લેખ કર્યો છે. શક્ય હોય અને આપશ્રી આમાંના, ભલે થોડાંક, ચૂંટેલા સંશોધન પત્રો 'પ્રબુદ્ધ જીવન'માં ક્રમશઃ છાપી શકો તો ખૂબ જ આનંદ થશે.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચંદ્રજીસૂરીશ્વરજી મહારાજ સાહેબનો લેખ 'જ્ઞાન-પ્રાપ્તિનો જાદુઈ પ્રભાવ' ખૂબ જ સરસ છે; પરંતુ લેખના નીચે જે 'કલ્યાણ પ્રકાશન, કૈલાસ ચેમ્બર્સ, સુરેન્દ્રનગર' છપાયેલ છે, તેનો એક અર્થ એવો થાય કે આ લેખ કોઈ પુસ્તક પ્રકાશનનો એક ભાગ છે. જો એ વાત સાચી હોય તો એ પુસ્તકનું નામ વગેરે મળી શકે તો સારું પડે કે જેથી ઇચ્છા ધરાવતા લોકો તે પુસ્તક મગાવી શકે.

☐ અશોક ન. શાહ

ભાઈશ્રી અશોકભાઈ,

કલ્યાણ પ્રકાશન, કૈલાસ ચેમ્બર્સ, સુરેન્દ્રનગર, એ સંપર્ક માટેનું સરનામુ છે. શક્ય છે ત્યાંથી આ પ્રકાશનો થતાં હશે, અને એ પ્રકાશન ગૃહ દ્વારા મહારાજ સાહેબનો સંપર્ક કરી શકાતો હશે. આપના સૂચન અને પ્રતિભાવ અમને બળ આપે છે. લખતાં રહેશો. પ્રણામ.

☐ તંત્રી

* * * * * * *

સુબોધીબહેનના ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ લેખ 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં અવારનવાર વાંચી જૈન તત્ત્વજ્ઞાનની ગહેરાઈ અને આપના જ્ઞાન માટે અહોભાવ ઉપજે છે.

જાન્યુઆરી ૨૦૧૭ના અંકમાંનો લેખ 'પ્રથમ બાહ્યતપ અનસન' પણ ખૂબ જ સરસ છે; પરંતુ એમાંના ખૂબ જ નાના અંશ જેવી એક વાત, મારા નમ્ર મત મુજબ, સરુચિના ભંગ જેવી લાગે છે તે તરફ આપનું ધ્યાન દોરવાની રજા લઉં છું.

આ લેખમાંના ફકરા ૨ માંના બીજા વાક્ય 'હવે જ્યારે તમે ઉપવાસ આદિ તપ...' થી શરૂ કરીને તપ અંગેની અનેક વાતો આપે ખૂબ જ વિશદ્ રીતે સમજાવી છે; પરંતુ ના જાણે કેમ, આ '**તમે**' શબ્દ, જે ફરી ફરી ઘણીવાર વપરાયો છે, તે થોડો ખૂંચે છે. હું એમ સમજું છું કે આ પંચમઆરામાં કોઈ સર્વજ્ઞ હાજર ના હોવાથી આપણે બધા છદ્મસ્થો નિવૃત્તિ પૂરી તરફ લઈ જતી નાવ, અથવા તો અનેક નાવનું રૂપક લઈએ તો, નાવોમાં આગળ-પાછળ જ ક્યાંક છીએ અને કોણ કાંઠે પ્રથમ પહોંચશે તે તો સર્વજ્ઞ જ કહી શકે!

પરિણામે, મારી અલ્પ સમજણ મુજબ, જો આ પ્રકારની બધી જગ્યાઓએ, 'તમે' ને બદલે 'આપણે' શબ્દ વાપરી શકાયો હોત તો વધુ સારું થાત.

ભવિષ્યમાં પણ, આપના તરફથી આવા અનેક લેખો મળતા રહેશે તેવી અપેક્ષા રાખું છું અને મારાથી કાંઈ પણ અજુગતું લખાઈ ગયું હોય તો માફી માગું છું.

☐ અશોક ન. શાહ
C/o. અક્ષય એન્ટરપ્રાઈસ, ૪ મેટ્રો કોમર્શિયલ સેન્ટર,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

માનનીય અશોકભાઈ,

મને આપના જેવા જાગૃત વાચક પ્રત્યે ખૂબ જ માન છે. આપે જે લખ્યું છે તે યોગ્ય જ છે. હું મનમાં તો જાણું જ છું કે આ ખોટું છે પણ આદત પ્રમાણે લખાઈ જાય છે, પ્રવચનમાં પણ આ રીતે બોલાઈ જાય છે...પરંતુ પ્રવચનમાં તો હું પહેલેથી જણાવી દઉં છું કે જ્યાં હું તમે કે તમારું બોલું ત્યાં આપણું સમજજો. કારણ કે આપણે બધા એક જ પંથ પર ચાલી રહેલા રાહી છીએ. ફરીથી એકવાર મારું ધ્યાન દોરવા બદલ ખૂબ ખૂબ આભાર. ભવિષ્યમાં આ રીતે આંગળી ચીંધતા રહેશોજી.

☐ સુબોધીના પ્રણામ

* * * * * * *

'પ્રબુદ્ધ જીવન'નો એપ્રિલ અંક નવી ભાત પાડી ગયો, સંપાદન સુંદર અને આકર્ષક રહ્યું, જે દ્વારા જૈનત્વ સાથે જીવતત્ત્વ પણ સચવાયું, તે બદલ મારા હાર્દિક અભિનંદન સ્વીકારશો.

ચાર પાનાના તંત્રીલેખમાં ધર્મકર્મનો ઉલ્લેખ માટે 'જીવવું પ્રેમના અભિવેશે' દ્વારા ઉત્તમ ભાવના વ્યક્ત થઈ. ચિનુ મોદીનાં કાવ્યની પંક્તિઓ,

'કાંધ પરથી એ કીડી! ગાયબ થયો છે થાંભલો,
આભમાં ખોડી શકાશે, ચાલ, થોડો યત્ન કર.'

પ્રેરક રહી, ડૉ. અરુણ વિજય મ.ના સંશય નિવારક વિચારો, જિન-દર્શન અને જૈન દર્શન સંદર્ભે વિચાર્યાં. સાત પાનામાં પથરાયેલો પ્રસ્તુત લેખ વધુ પડતો લાંબો પણ લાગ્યો! છતાં હિંદી ભાષાની ગુજરાતી લિપી ગમી.

ડૉ. કોકિલા એચ. શાહનું, સમય વિષયક તુલનાત્મક અધ્યયન વિચાર્યું. ત્રણ અક્ષરનો, કાના માત્રા વગરને 'સમય' શબ્દ જ કેટલો સાદો સીધો છે, તેને સ્વ કે પર જેવા વિશેષણો ના શોભે! આપણે સૌ જન્મથી મૃત્યુ સુધીનો જે સમય લઈને અવતર્યાં છીએ તેનો કેટલો અને કેવો ઉપયોગ કરીએ છીએ, તેનું જ મૂલ્ય છે. જે આપણાં સૌનો સાથે વિતી રહ્યો છે. આ દુનિયામાં વિવિધ સ્થળે, સમયે અવનવું બનતું રહે છે. જન્મ, પરણ, મરણ, વાચન, લેખન, સાથે અકસ્માતો અને કુદરતી આફતો પણ ખરી. ટૂંકમાં આપણું જીવન દોરાનાં રીલ જેવું ભાસે છે, જેનો એક છેડો નાભી સાથે બંધાયેલો રહે છે, જ્યારે બીજો છેડો સતત ખેંચાતો-તણાતો રહે છે. એક જ માણસના

જીવનમાં કેટલું બધું બનતું રહે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય ધરાવતાં શરીરમાં જે આત્મા છે, તે તો શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને યુક્ત જ રહે છે. જન્મ બાદ બાળકનું શરીર એક માસનું થાય, ત્યાં તેના સમગ્ર આયુમાંથી એક માસ ઓછો થઈ ગયો હોય! મોક્ષ એટલે જ પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરીને પોતાના નિજી ગુણનું અનાવરણ કરવું, એ તેમની વાત સાચી છે–સાધના એજ મોક્ષનો માર્ગ છે.

ડૉ. મહેબૂબ દેસાઈએ પ્રસ્તુત કરેલા મોરારજીભાઈ દેસાઈના આધ્યાત્મિક વિચારો ગમ્યા. મહોબૂબભાઈ નખશિખ પાક્ ઈન્સાન છે. મારે તેમની સાથે પણ પત્રવ્યવહાર છે. તેઓ હિંદુ-મુસલમાનને નજીક લાવવાનો ભગીરથ પ્રયત્ન કરતા રહ્યા છે. તેઓ ઈસ્લામનાં ઊંડા અભ્યાસી અને વિચારક પણ છે જ.

ડૉ. ગુલાબ દેઢિયાનો લેખ 'સુખ ઉપજે તેમ કરો' વિચારણીય રહ્યો. સુખદુઃખ મનની અવસ્થાથી વિશેષ કશું જ નથી, છતાં સુખ સૌને ગમે અને દુઃખથી સૌ ભાગે! એમ કેમ? સારું કે ખરાબ વાતાવરણનું નિર્માણ કરવું એ આપણાં હાથની વાત છે.

પુરુષ+અર્થ=પુરુષાર્થ કરવો એટલે આત્માનો હેતુ જાણવો તે. પોતાને યોગ્ય લાગે તે અને ત્યારે કરવું, એનું નામ પુરુષાર્થ, નટવર-ભાઈ દેસાઈને મારા અધિનંદન. પુરુષાર્થ વડે પ્રારબ્ધને બદલી શકાય છે.

☐ **હરજીવન થાનકી,** પોરબંદર

* * * * * * *

સરસ્વતી દેવીનાં મંત્રોચ્ચાર સાથે સુંદર તસ્વીરવાળો અંક મળ્યો. આભાર અને અભિનંદન. તંત્રીલેખ ખૂબ ગમ્યો. સંપાદન સુંદર રહ્યું. 'પ્રબુદ્ધ જીવન' પ્રગટી ગયું. ગુણવંત શાહના લખાણો-પત્રો, ડૉ. કોકિલા શાહનો લેખ પણ મનનીય રહ્યો. જ્ઞાન પ્રાપ્તિનો જાદુઈ પ્રભાવ દિલ-દિમાગને તરબતર કરી ગયો. ડૉ. કુમારપાળ દેસાઈ પણ શ્રેષ્ઠ રહ્યા. ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીની 'અહિંસા' વાચક મિત્રો પર છવાઈ ગઈ. સૂક્ષ્મ-હિંસાથી પણ મુક્ત રહેવું રહ્યું. ડૉ. ગુણવંતભાઈ કહે છે તેમ 'કતલખાના' જો વિશ્વમાંથી દૂર થાય, તો માનવમનમાં ચાલતાં યુદ્ધો દૂર થાય. નબળાં વિચારો જ હિંસાના જનક છે.

આ અંકનું સંપાદન ખૂબ જ સુંદર, મનનીય ચીવટવાળું અને માનવમાત્રને ઊંચે ચડાવતું શ્રેષ્ઠ રહ્યું. જેમાં તમારાં ધ્યેય અને ધગશ સ્પષ્ટ રીતે વર્તાયાં. એકમેકથી ચડિયાતા લેખો વાંચીને ખૂબ ખૂબ પ્રસન્નતા થઈ. ડૉ. ભોગીલાલ સાંડેસરા વિષેનો લેખ પણ ખૂબ ગમ્યો. આવા સુંદર ઉત્કૃષ્ટ સંપાદન બદલ ફરી તમારો ખૂબ ખૂબ આભાર.

મારા બન્ને પત્રો છાપવા બદલ ખૂબ ખૂબ આભાર. આપણું ધ્યેય જે માનવ જીવનને ઊંચે ચડાવવાનું છે તે સિદ્ધ થતું રહ્યું. આખો અંક વિચાર્યા પછી કોઈપણ સારી-સાચી વ્યક્તિને તેના સાચા અર્થમાં જૈન થવાનું મન થઈ જાય, એટલું સુંદર અને માતબર સંપાદન રહ્યું. જૈન ધર્મની કૂપમંડૂકતાથી દૂર રહીને સમગ્ર માનવજાતની સેવા તમે આ અંક દ્વારા કરી. કોઈપણ ધર્મના સ્થાપિત હિતો જ તેની ઘોર ખોદતાં હોય છે. તેનાથી બચવું રહ્યું.

☐ **હરજીવન થાનકી,** પોરબંદર

* * * * *

સાધુ ભગવંતો, વિહાર અને અકસ્માતો

કેટલાક સમય પહેલાં હાય-વે ઉપર વિહાર કરતા સાધુ ભગવંતોના અકસ્માતો અંગે ચર્ચાઓ ચાલેલ. પછી ભુલાઈ ગયું. હાલમાં થયેલા અકસ્માતોને કારણે ફરી વખત આ અંગે મંતવ્યો, અભિપ્રાયો અપાવા લાગ્યા છે–જેમાનાં મોટા ભાગના જૈન ધર્મ, શાસ્ત્રો, જૈન સિદ્ધાંતોનો અભ્યાસ ન હોય તેવી વ્યક્તિઓના છે. ખરેખર તો વિહાર અંગે જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતો તથા જૈન શાસ્ત્રોના અભ્યાસુ, વિદ્વાન પંડિતો આ બાબતમાં પ્રકાશ પાડે તે અતિ જરૂરી છે, જેથી ખોટી ચર્ચા બંધ થાય.

જૈન ધર્મ અનાદિ છે તથા તેના સિદ્ધાંતો, શાસ્ત્રો વિગેરે પણ પરમ ઉપકારી તીર્થંકર ભગવંતોએ પ્રબોધેલા છે, શાશ્વત છે. ભગવાન મહાવીરે શાસન વ્યવસ્થા અંગે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાના શ્રી સંઘની સ્થાપના કરી તથા તે દરેકના આચાર, ક્રિયાઓ અંગે વિસ્તૃત રીતે ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર તથા અન્ય શાસ્ત્રોમાં જાણકારી આપેલ છે. સામાન્ય ભાષામાં કહીએ તો જૈન ધર્મ એ આચારણનો ધર્મ છે, જીવન ધર્મ છે–Jainism is a way of life. તીર્થંકર ભગવંતોએ પ્રબોધેલ આચરણ (આચાર)માં રતિભાર પણ શિથિલતા કે ક્ષણનો પણ પ્રમાદ સદ્ગતિના ઉચ્ચ માર્ગ– મોક્ષમાર્ગથી ચલિત કરે છે.

શાશ્વતા, ચમત્કારી મહામંત્ર–'નવકારનું પાંચમું પદ-'નમો લોએ સવ્વ સાહુણમ' સાધુ ભગવંતોના ઉચ્ચ પદને સ્થાપિત કરે છે-જેમાં આત્માની ઉર્ધ્વ ગતિ-સાધુ-ઉપાધ્યાય-આચાર્ય-સિદ્ધો અને છેલ્લે અરિહંત પદ-મોક્ષ માર્ગની પ્રાપ્તિ સર્વ ભૌતિક સુખો-સંપત્તિનો ત્યાગ કરીને આ વિતરાગના માર્ગે વિચરનાર સાધુ ભગવંતોના આચારમાં ઉઘાડા પગે ચાલીને વિહાર–વિહાર દરમિયાન જૈન ધર્મ–જૈન શાસન રહેલા છે. આ અંગે વાદ-વિવાદ કે સલાહ-સૂચન કહેવાતા આધુનિક વિચારોને સ્થાન હોઈ જ ન શકે. આપણા માટે તો તેઓ પૂજનીય ગુરુ છે.

પૂ. સાધુ-ભગવંતોની વૈયાવચ્ચ એ શ્રાવકોનો ધર્મ છે. એટલે હાય-વે ઉપર વિહાર દરમિયાન થતાં અકસ્માતો એ એક ગંભીર બાબત હોઈને તેના નિરાકરણના ઉપાયો વિચારવા તથા તે અંગે યોજના કરવી એ સંઘોની ફરજ છે.

હાય-વે ઉપરના વિહાર એ અકસ્માતોનું મુખ્ય કારણ છે–બેફામ, બેદરકાર ડ્રાઈવીંગ, નશામાં ડ્રાઈવીંગ, લાંબી મુસાફરીના કલાકો સુધીના ડ્રાઈવીંગથી લાગેલ થાક તથા અધૂરી ઉંઘ સાથે વહેલી સવારનું ડ્રાઈવિંગ એ પણ અકસ્માતના કારણો છે. આમાં આપણે કરી શકીએ તેવું એક જ કારણ છે–હાય-વે ઉપરના વિહાર બંધ કરવા. અન્ય બાબતોમાં આપણે કશું જ કરી શકીએ તેમ નથી. હાય-વે ઉપરના વિહાર બંધ કરવા જરૂરી છે, અને શક્ય પણ છે. પરંતુ તે માટે જ્ઞાની ગિતાર્થ ગુરુ ભગવંતોએ જ નિર્ણય લેવો પડે.

પહલાં જેમ નાના ગામો, અંદરનાં રસ્તાઓ ઉપર વિહાર કરવામાં આવતો તે ફરી શરૂ કરવો જોઈએ અને તેમ થાય તો તેનાં ઘણાં ફાયદા છે. (૧) સૌથી મહત્ત્વનું સાધુ-ભગવંતોના શાસન માટે કિંમતી જીવનને અકસ્માતમાંથી બચાવી શકાય. (૨) એ વિહારનાં ગામોનાં

ચૈત્યો-દેરાસરોનો લાભ લઈ શકાય. (૩) એ ગામોમાં વસતાં જૈન, અજૈન ભાઈ-બહેનોને ધર્મ પમાડી શકાય. (૪) અગાઉ જેમ સાધુ-ભગવંતો એ ગામોમાં વસતા સાધર્મિકોની મુશ્કેલીઓ, પ્રશ્નોનું નિરાકરણ શહેરોના શ્રેષ્ઠિઓ પાસે કરાવતાં તે થઈ શકે. (૫) વિહાર બંધ થવાના કારણે એ જૈન પરિવારો ધર્માંતર કરવા પ્રેરાયા હોય તેમને પાછા ધર્મમય કરાવી શકાય. (૬) શહેરોમાં વસતા બેરોજગાર-અસમર્થ પરિવારોને એવા ગામોમાં-તેમને વ્યવસાયની સુવિધા આપીને વસાવી શકાય. (૭) જે વિહારનાં નાના ગામોમાં દેરાસર-ઉપાશ્રય ન હોય ત્યાં નિર્માણ થઈ શકે. (૮) જરૂર હોય ત્યાં જિર્ણોદ્ધાર થઈ શકે.

શું આ શક્ય છે ? ચોક્કસ શકય છે. સૌ પ્રથમ હાય-વે ઉપર જે વિહાર ધામો–કે તીર્થોના નામે કરોડો રૂપિયાના ખર્ચે ફાઈવ સ્ટાર પર્યટન ધામો બને છે–તે બંધ કરવા. નવા એક પણ ન કરવા. તેને બદલે અંદરના વિહારના નાના ગામોમાં–દેરાસર, ઉપાશ્રય, વૈયાવચ્ચની સુવિધા ઉભી કરવી. એ ગામોનાં જૈન પરિવારોને તથા નવા જૈન પરિવારોના રહેઠાણ-વ્યવસાય વિગેરે માટે મોટા મોટા જૈન ઉદ્યોગ ગૃહો, કોર્પોરેટ હાઉસો–તેમના (જૈન પરિવારોના) Rehabilitation માટે તેમણે CSR નીચે નફાના ૨% વાપરવાના ફરજીયાત છે, તેનો ઉપયોગ કરે તો કાર્ય સરળ થઈ જાય. તેમજ જૈનોની વસતી ઘટી રહી છે તે અટકે અને સાધર્મિક ભક્તિનું પણ ઉમદા કાર્ય થઈ શકે.

મારા થોડા સામાજિક સંસ્થાઓના અનુભવને કારણે આવેલા વિચારો રજૂ કર્યાં છે. જેમાં શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ કશું કહેવાયું હોય તો મિચ્છામિ-દુક્કડમ્–ક્ષમા ચાહું છું.

લિ. શાસન સેવક

હિંમતલાલ શાંતિલાલ ગાંધી

પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂ.
	ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૭	જ્ઞાનસાર	૧૦૦
૮	જિન વચન	૨૫૦
૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૯	૫૪૦
૧૦	વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩	૫૦
૧૧	વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૨	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૧૩	સાંપ્રત સહચિંતન ભાગ-૧૬	૧૮૦
	પ્રો. તારાબહેન ર. શાહ લિખિત	
૧૪.	આપણા તીર્થંકરો	૧૦૦
૧૫.	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧.	૧૦૦
	ડૉ. કલાબહેન શાહ લિખિત	
૧૬.	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂ.
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૧૭.	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
૧૮.	ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્ગ્દર્શન	૨૦૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૧૯.	જૈન પૂજા સાહિત્ય	૧૬૦
	ડૉ. રેખા વોરા લિખિત	
૨૦.	આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ	૨૮૦
	ડૉ. રમેશભાઈ લાલન લિખિત	
૨૧.	જૈન દંડ નીતિ	૨૮૦
	સુરેશ ગાલા લિખિત	
૨૨.	મરમનો મલક	૨૫૦
૨૩.	નવપદની ઓળી	૫૦
૨૪.	ભગવદ ગીતા અને જૈન ધર્મ૧૫૦	
	ઈલા દીપક મહેતા સંપાદિત	
૨૫.	**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ	૩૫૦
	ડૉ. કે. બી. શાહ લિખિત	
૨૬.	જૈન કથા વિશ્વ	૨૦૦

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂ.
	ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત	
૨૭.	વિચાર મંથન	૧૮૦
૨૮.	વિચાર નવનીત	૧૯૦
	આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત	
૨૯.	જૈન ધર્મ	૭૦
૩૦.	ભગવાન મહાવીરની આગમવાણી	૪૦
૩૧.	જૈન સજ્ઝાય અને મર્મ	૭૦
૩૨.	પ્રભાવના	૧૨
૩૩.	સુખ તમારી પ્રતિક્ષા કરે છે	૩૦
૩૪.	મેરુથી યે મોટા	૧૦૦
૩૫.	JAIN DHARMA [English]	૧૦૦
	ડૉ. કુમારપાળ દેસાઈ કૃત	
૩૬.	અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન	૩૦૦
૩૭.	શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન	૩૫૦
	ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત	
૩૮.	રવમાં નીરવતા	૧૨૫
	પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત	
૩૯.	પંથે પંથે પાથેય	૧૨૫

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

પુસ્તકનું નામ : **સૂત્ર સંવેદના ભાગ ૧ થી ૭**
સંકલન : પ. પૂ. સાધ્વીજી પ્રશમિતાશ્રીજી
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. ૦૭૮ ૨૫૩૯૨૭૮૯.
મૂલ્ય : રૂા. ૭૦/-, આવૃત્તિ છઠ્ઠી. વિ. સં. ૨૦૧૨.
પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન કાર્યાલય.
મુંબઈ : સાકરચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી, સી. વ્યુ. એપાર્ટમેન્ટ, ૭ મે માળે, ડુંગરશી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.
ફોન (ઘર) ૨૩૬૭ ૬૩૭૯. મો. : ૯૮૨૦૦૮૧૧૨૪.

જૈન ધર્મના આચરણમાં થતી ક્રિયાઓ ભાવથી ભીંજાતી નથી તે એક મોટો દોષ છે. એ દોષના નિવારણ માટે વિદુષી સાધ્વી પ્રશમિતાશ્રીજીએ ભગીરથ કામ હાથ ધર્યું છે જેના ફળ સ્વરૂપે આપણને સૂત્ર સંવેદના – ૭ ભાગ પ્રાપ્ત થયા.

સૂત્ર સંવેદનાની શરૂઆત નમસ્કાર મહામંત્રથી થાય છે. લેખિકા આવશ્યક ક્રિયાના સૂત્રો એક પછી એક લઈને આગળ વધતા જાય છે. તેમાં પ્રથમ તેઓ સૂત્રનો પરિચય કરાવે છે. ત્યાર પછી સંસ્કૃત છાયા આપે છે. પછી મૂળ સૂત્ર રજૂ થાય છે. પછી શબ્દાર્થ અને વિશેષાર્થ આપી ભાવની ચર્ચા કરે છે.

આ ભગીરથ કાર્ય પાછળ વિદુષી સાધ્વીજીએ બાર-તેર વર્ષ સુધી અવિરત સાધના કરી છે.

સૂત્ર સંવેદના સાત ભાગ સુધી વિસ્તરેલ છે. પ્રથમ ભાગમાં સામાયિકના એકથી અગિયાર સૂત્રોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. બીજાભાગમાં ચૈત્યવંદનના સૂત્રો બારથી પચ્ચીસ છે, તેનું વિવરણ છે. ત્રીજા ભાગમાં પ્રતિક્રમણના સૂત્રો છવ્વીસથી બત્રીસનું વિવરણ છે. ચોથા ભાગમાં તેત્રીસમા સૂત્ર વંદિત્તુનું વિવરણ છે. પાંચમા ભાગમાં આયરિય ઉવજ્ઝાયેથી સકલ તીર્થ સુધીના ચોત્રીસથી સુડતાલીસ સૂત્રોનું વિવરણ છે. જે પ્રતિક્રમણના મોટા ભાગના સૂત્રો છે.

છઠ્ઠા ભાગમાં અડતાલીસથી બાવન સૂત્રો છે તેમાં પ્રતિક્રમણની વિધિ, તેના હેતુઓ, પૌષધના સૂત્રો, વિધિ અને તેના હેતુઓ, પચ્ચખાણના સૂત્રો અને તેની સંવેદનાઓ આપવામાં આવેલ છે.

સર્જન-સ્વાગત

□ ડૉ. કલા શાહ

સાતમા ભાગમાં પાંચ પ્રતિક્રમણના સૂત્રો છે.

ભાવ એ ક્રિયાનો પ્રાણ છે. ભાવ વિનાની ક્રિયા પ્રાણ વિનાના કલેવર જેવી છે. ભાવ માટે સંવેદના આવશ્યક છે. સંવેદના માટે જ્ઞાન જરૂરી છે. જ્યારે સૂત્રનો વિશેષ અર્થ સમજાય ત્યારે સંવેદના જાગે. સંવેદના એ ભાવ નથી પણ ભાવનું ઉદ્દીપન છે.

આપણે ત્યાં આવશ્યક ક્રિયાઓનું છ ક્રિયાઓમાં વિભાજન થાય છે. તેમાં પ્રતિક્રમણ સિરમોર સમું છે. તેમાં સત્તર ક્રિયાઓનો સમાવેશ થાય છે. આ સત્તર ક્રિયાઓને માળા સ્વરૂપે છઠ્ઠા ભાગમાં દર્શાવી લેખિકાએ પ્રતિક્રમણ સૂત્રની વિશેષતા બતાવી છે. એક પ્રતિક્રમણ સૂત્રમાં છએ આવશ્યક આવી જાય છે. એ રીતે પ્રતિક્રમણ સૂત્ર એ અણમોલ આવશ્યક છે. વાસ્તવમાં પ્રતિક્રમણની યાત્રા આત્માને બહિરાત્મ દશામાંથી અંતરાત્મ દશામાં લઈ જઈને છેવટે આત્મામાં અવસ્થિત કરવા માટે છે. પ્રતિક્રમણ અને સામાયિક સાધના સૂત્રના બે અંતિમ છે.

સૂત્ર સંવેદનાના સાત ભાગ આત્માની આ યાત્રા કરવા માટે સાતમા આવશ્યક સમા બની રહ્યાં છે.

પૂ. વિદુષી સાધ્વી પ્રશમિતાશ્રીજીએ લગભગ બારથી પંદર વર્ષ સુધી અવિરત શ્રમ કરી સૂત્ર સંવેદનાના સાત ભાગ આપ્યા છે. આ ભગીરથ કાર્યને પાર પાડવા માટે તેમણે પૂર્વાચાર્યોના ગ્રંથોનો આધાર લીધો છે.

વિદુષી લેખિકાને અભિનંદન સાથે વંદન.

x x x

પુસ્તકનું નામ : **ગુજરાતના દસ નિબંધકારો**
લેખિકા : ડૉ. ધર્મિષ્ઠા રાજપૂત
પ્રકાશક : ફ્લેમિંગો પબ્લિકેશન, ૧૪, વંદેમાતરમ્ આર્કેડ, ચોથા માળે, વંદેમાતરમ્ રોડ, ગોતા, અમદાવાદ-૩૮૨૪૮૧. મો. : ૦૯૮૭૯૦૨૮૪૭૭
મૂલ્ય : રૂ. ૧૭૫/-. પાના ૧૭૨.
આવૃત્તિ : ઈ. સ. ૨૦૧૪ પ્રથમ.



ડૉ. ધર્મિષ્ઠાબહેન રાજપૂતે ડૉ. શિરીષ પંચાલના માર્ગદર્શનમાં 'ગુજરાતી નિબંધકારોની આલોચનાત્મક શૈલીનો અભ્યાસ' શીર્ષક હેઠળ પીએચ. ડી. માટે અભ્યાસ શરૂ કર્યો, જે ગ્રંથરૂપે પ્રગટ થયો. જેમાં તેઓશ્રીએ નિબંધનું સ્વરૂપ, ગદ્ય અને નિબંધની ગદ્ય તરાહો, ગુજરાતી લલિત નિબંધની વિવેચના તથા દસ ગુજરાતી લલિત નિબંધકારોના નિબંધની ચર્ચા વિવેચના કરી છે. જે નિબંધકારો પસંદ કર્યા છે તે ગુજરાતી ભાષાના ખ્યાતનામ નિબંધકારો છે. કાકાસાહેબ કાલેલકર, જયંતિ દલાલ, ઉમાશંકર જોશી, કિશનસિંહ ચાવડા, સુરેશ જોષી, દિગીશ મહેતા, સ્વામી આનંદ, ભોળાભાઈ પટેલ, રતિલાલ 'અનિલ' અને ગુલામ મહમ્મદ શેખના નિબંધો અને નિબંધકારોની આલોચનાત્મક શૈલીનો અભ્યાસ કર્યો છે.

ગુજરાતી સાહિત્ય વિવેચનમાં અને સંશોધનમાં અત્યાર સુધી નિબંધ વિશે સારી એવી ચર્ચા-વિચારણા થઈ છે. આ પુસ્તકમાં નિબંધના સ્વરૂપ, નિબંધની તરાહો, લલિત નિબંધો ઉપરાંત દસ ચૂંટેલા નિબંધકારો વિશે એક અભ્યાસ રજૂ કર્યો છે.

નિબંધ ક્ષેત્રના અભ્યાસીઓને આ પુસ્તક જરૂર ઉપયોગી નીવડશે.

x x x

પુસ્તકનું નામ : **તુલના સંદર્ભ**
(મુંબઈ યુનિવર્સિટીના વ્યાખ્યાનો અને બીજા લેખો)
લેખક : વિજય શાસ્ત્રી
પ્રકાશક : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી, રાનડે ભવન, પ્રથમ માળે, વિદ્યાનગરી, કાલિના, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૮.
વિક્રેતા : આદર્શ પ્રકાશન, સારસ્વત સદન, ૧૭૬૦, ગાંધી માર્ગ, બાલા હનુમાન રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂ. ૯૦/-. પાના ૮૪. આવૃત્તિ : પ્રથમ-૨૦૧૬.



કુમારી કૈલાસબહેન રામનારાયણ મહેતા તુલનાત્મક સાહિત્યની સ્મૃતિ વ્યાખ્યાનમાળા મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગની મહત્વપૂર્ણ પ્રવૃત્તિ છે. ભારતીય સાહિત્ય અને વિશ્વ સાહિત્યની સર્જનાત્મક કૃતિઓના તુલનાત્મક

અભ્યાસની એક પ્રસ્તુત પ્રવૃત્તિ. આ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત સાહિત્યિક કૃતિઓના તુલનાત્મક અભ્યાસની ચોથી વ્યાખ્યાન શ્રેણી અને પ્રથમ પુસ્તક છે.

આ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. વિજય શાસ્ત્રીએ પોતાના ત્રણ વ્યાખ્યાનો રજૂ કર્યા.

આ વ્યાખ્યાનોમાં તારક મહેતા કૃત ત્રિઅંકી પ્રહસન 'એક મૂરખને એવી ટેવ' તથા ફ્રેંચ નાટ્યકાર મોલિયેરના પ્રહસન 'તારત્યુફ' તેમ જ ઉમાશંકર જોશીના એકાંકી 'બારણે ટકોરા' અને ડબ્લ્યુ જેકોન્સના એકાંકી 'ધ મંકીઝ પૉ' જેવી નાટ્યકૃતિએ ભાવ સામગ્રી તથા સંરચના પરિપેક્ષ્યમાં તુલનાત્મક અભિગમ સાથે તપાસી પોતાનો અભ્યાસ રજૂ કર્યો છે.

તે ઉપરાંત અન્ય અભ્યાસ લેખો પણ આપવામાં આવ્યા છે. 'કાન્તના ખંડકાવ્યો – તુલનાત્મક દૃષ્ટિએ', દ્વિરેફની ચાર વાર્તાઓ તુલનાત્મક દૃષ્ટિએ તથા અન્ય ગ્રંથ પુસ્તકોનું અવલોકન સમાવિષ્ટ છે. અભ્યાસીઓને માટે અતિમહત્વનું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **જૈન આચાર મીમાંસા**
લેખક : **ચંદ્રહાસ ત્રિવેદી**
પ્રકાશક : ચંદ્રહાસ ત્રિવેદી, 'સુહાસ',
૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં. ૦૭૮ ૨૬૬૨૦૬૧૦. મૂલ્ય : રૂ. ૧૦૦/-.
પાના ૧૨૮. આવૃત્તિ : ચતુર્થ ઈ. સ. ૨૦૧૬.
વિક્રેતા : (૧) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા, ગાંધી ચોક, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. ૦૭૮-૨૨૧૪૪૬૬૩. (૨) નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન નં. ૦૨૨ ૨૧૦૧૭૨૧૩.



જૈન ધર્મ કહે છે જ્ઞાન સહિત આચારોનું પાલન મોક્ષની પ્રાપ્તિ માટે અનિવાર્ય છે. લેખક કહે છે આચાર વિનાનો ધર્મ પૂર્ણ થાય નહીં એટલે 'જૈન આચાર મીમાંસા' પુસ્તકમાં જૈન ધર્મના આચારો વિશે વિગતે વાતકરી. ઘણા બધા પુસ્તકોમાં જૈન આચારોમાં છ આવશ્યકની વાત આવે છે. પણ લેખકશ્રીએ પંચાસારની વાતથી જૈન આચારોની શરૂઆત કરી. અને સાધનાના અંતિમ ચાર શરણ ઉપર જૈન આચારોને લઈ જઈ વિરમવાનું પસંદ કર્યું.

જૈન આચારોમાં મહાવ્રતો, ગુણવ્રતો, શિક્ષાવ્રતોને તો સમાવી જ લીધાં છે પણ કાયોત્સર્ગ વિશે એક આખું પ્રકરણ લખ્યું છે, જે સાધના માર્ગના યાત્રી માટે ઘણું ઉપકારક છે. કાયોત્સર્ગ માટે કહેવાય છે કે કાઉસગ્ગો સવ્વદુઃક્ખવિમોક્ખહો। કાયોત્સર્ગ સર્વ દુઃખોથી મુક્ત કરનાર છે. જૈન આચારોના પ્રાણ સમા છ આવશ્યકનું અહીં વિશેષ નિરૂપણ કરવામાં આવ્યું છે જે સાધકને માટે ઉપયોગી થાય તેવું છે.

મોક્ષ માર્ગના પ્રવાસી માટે આ પુસ્તક સ્વયં એક આવશ્યક સમું છે. તેમાં લખેલ પ્રત્યેક આચારનું એ સમજીને પાલન કરવામાં આવે તો પ્રત્યેક જીવને મોક્ષાભિમુખ કરી લક્ષ સુધી પહોંચાડવાની તાકાત છે.

x x x

પુસ્તકનું નામ : **आत्मारामजी महाराजा विरचित जैन मत का स्वरुप**
ગ્રંથકર્તા : પૂ. આ. ભ. વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજા
સંપાદક : પૂ. મુનિ શ્રી સંયમકીર્તિવિજયજી
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ
શ્રી પાર્શ્વભ્યુદય પ્રકાશન.
મૂલ્ય : રૂ. ૨૫/-. પાના ૧૮+૭૦=૮૮.
આવૃત્તિ : વિ. સં. ૨૦૭૨.
વિક્રેતા : (૧) શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, બીજલ ગાંધી, ૪૦૧ ઓપસ્નજ, નેસ્ટ હોસ્ટેલની સામે, સરદાર પટેલ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. (૨) સેવંતીલાલ જૈન, ડી-પર, સર્વોદય નગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૨૪૦૪૭૧૭.



'જૈન મત કા સ્વરુપ' પુસ્તકમાં પૂજયશ્રીએ સંસારની નિત્યાનિત્યાનું વર્ણન કરીને કાલના વિભાગ, તીર્થંકર ક્યારે થાય છે, તેમની પૂર્વભવની સાધનાના વીસ કૃત્યો ક્યા હોય છે તેનું વર્ણન કર્યું છે. તે પછી શ્રુત ધર્મના વર્ણનમાં નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, ચાર ગતિ, કર્મ અને જગત્ કર્તાના વિષયમાં જૈન મતનું મંતવ્ય આદિ પદાર્થોનો પરિચય કરાવ્યો છે. ત્યારબાદ ચારિત્ર ધર્મમાં સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ એમ બે ભેદ પાડીને પ્રથમ સાધુ ધર્મ અને પછી ગૃહસ્થ ધર્મનું સ્વરુપ સમજાવ્યું છે.

ગૃહસ્થ ધર્મની સમજૂતીમાં દૈનિક ષટ્કર્મ, છ આવશ્યક, બાર વ્રત, દિન કૃત્ય અને રાત્રિ કૃત્ય બતાવીને ગ્રંથ સમાપ્ત કર્યો છે. આ રીતે સંક્ષિપ્તમાં જૈન ધર્મના તત્ત્વોનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

અહીં ઉલ્લેખનીય છે કે આ ગ્રંથમાં વર્ણવેલા તત્ત્વોનું વિશદ વર્ણન પૂ. આત્મારામજી મહારાજાએ 'જૈન તત્ત્વાદર્શન' અને 'તત્ત્વનિર્ણય પ્રાસાદ' એ બે ગ્રંથોમાં કર્યું છે.

આ બે ગ્રંથો ટૂંક સમયમાં ગુજરાતી અનુવાદો સાથે પ્રકાશિત કરવાની ભાવના રાખી છે.

પ્રસ્તુત ગ્રંથના અધ્યયન–અધ્યાપન દ્વારા સૌ કોઈ સુવિહિત પરંપરાનો બોધ પામે એ અભ્યર્થના.

x x x

પુસ્તકનું નામ : **સુખદુ:ખની ઘટમાળ**
લેખક : **પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્રવિજય સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન
૧૦-૩૨૬૯, એ. કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૦૫૦૦૧.
પાના ૧૫+૧૦૫ . આવૃત્તિ : પ્રથમ, મે-૨૦૧૬.



વીર નિર્વાણ પછી લગભગ ૬૬૫ વર્ષ બાદ થઈ ગયેલ જિનશાસનના મહા-પ્રભાવક શ્રી પાદલિપ્તાચાર્યે પ્રાકૃત ભાષામાં '**તરંગવતી**' કથા ખૂબ જ સવિસ્તર શૈલીથી આલેખી હતી. અત્યારે આ રચના અનુપલબ્ધ છે, પણ આ રચનાના આધારે શ્રી નેમિચંદ્રગણિ રચિત કથા-સંક્ષેપ અત્યારે ઉપલબ્ધ છે. આ કથા-સંક્ષેપને નજર સમક્ષ રાખીને 'સુખદુ:ખની ઘટમાળ'નું આલેખન થયું છે.

શ્રી નેમિચંદ્રગણિવરે તરંગવતીની જે કથા રચી છે, તેની ભૂમિકામાં તેઓશ્રી જણાવે છે કે 'શ્રી પાદલિપ્તાચાર્યે તરંગવતી નામની કથા લોકભાષા પ્રાકૃતમાં રચી છે, જે ઘણી વિસ્તૃત અને વિશદ છે. અને મુક્તકો, યુગલકો અને ષટકોથી ભરપૂર હોવાના કારણે એ કથા પ્રકાંડ વિદ્વાનો માટે જ

ઉપયોગી રહી છે. સામાન્ય લોકો એનો રસાસ્વાદ માણી શકતા નથી. તેથી સામાન્ય જનોના હિતાર્થે અતિ સંક્ષેપમાં આ કથા હું સંસ્કૃત ભાષામાં ગૂંથું છું. આ કાર્ય માટે હું મૂળ કથાકારની ક્ષમા ચાહું છું.'

આમ એક યુગમાં તરંગવતીની પ્રાકૃત કથા ખૂબ જ આદરણીય કથા તરીકે સ્થાન પામી ચૂકી હતી, પણ આજે ઉપલબ્ધ નથી.

આના સંસ્કૃત-સંક્ષેપ ઉપરથી થોડા વર્ષો પૂર્વે આ કથા ગુજરાતીમાં ભાવાનુવાદિત થઈને પ્રકાશિત થઈ ચૂકી હોવા છતાં સળંગ કથાના આધુનિક રૂપમાં આનું આલેખન થવા પામ્યું ન હતું.

'સુખદુઃખની ઘટમાળ'ના લેખન-પ્રકાશન દ્વારા આ કમી પૂર્ણ થયાનો અનુભવ થાય છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રત્યેક બુદ્ધ**

લેખક: **પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્રવિજય સૂરીશ્વરજી મહારાજા**

પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન ૧૦-૩૨૬૯, એ. કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૦૫૦૦૧.

પાના ૮+૨૭૨ . આવૃત્તિ : પ્રથમ, મે-૨૦૧૬.



જેને કોઈ એકાદ નિમિત્ત મળી જતાં બોધ થાય, એ પ્રત્યેક-બુદ્ધ ગણાય. આવા પ્રત્યેક બુદ્ધની સંખ્યા ચારની છે. ચારે પ્રત્યેક બુદ્ધોનું 'પુષ્પોત્તર' વિમાનમાંથી એક જ સમયે ચ્યવન થતું હોય છે. આ ચારેનો જન્મ અલગ-અલગ દેશોમાં એકીસાથે થતો હોય છે અને ચારેને બોધ પામવાનો યોગ અલગ-અલગ દેશોમાં એકીસાથે થતો હોય છે. ચારેને બોધ પામવાના અલગ-અલગ નિમિત્તો પણ એકી સાથે જ મળતા હોય છે અને ચારે એકસાથે સંયમ જીવનને સ્વીકારતા હોય છે. ચારે પ્રત્યેક બુદ્ધો કેવળી અને નિર્વાણી પણ એક જ સમયે બનતા હોય છે. આવા વિરલ અને વિશિષ્ટ વ્યક્તિત્વને જૈન શાસન 'પ્રત્યેક બુદ્ધ' તરીકે ઓળખાવે છે. ચારેય પ્રત્યેક બુદ્ધના જીવન એવાં તો શુદ્ધ અને પ્રબુદ્ધ હોય છે કે મન બંધ કરીએ તોય એમના જીવનમાંથી નીકળતો 'યુદ્ધવિરામ'નો પ્રેરણા પડઘો આપણને સંભળાઈ જાય છે.

જેને જાણવા માટે તીર્થંકર દેવના ઉપદેશની કે તારકના શાસનની ધુરા વહેનારા આચાર્ય-દેવાધિ સાધુ સંઘના બોધની અપેક્ષા રહે છે, એ 'બુદ્ધ બોધિત' ગણાય છે. તીર્થંકર દેવો અને પ્રત્યેક બુદ્ધ સિવાયનું વ્યક્તિત્વ આ કથામાં સમાવેશ પામે છે.

અનેક પ્રકારના યુદ્ધોથી માનવની શક્તિઓ આજે શોષાઈ રહી છે, ત્યારે આ કથા કોઈ એક પ્રકારનો યુદ્ધવિરામ હાંસલ કરી આપવામાં સહાયક સિદ્ધ થશે.

પુસ્તક પરિચય

(૧) **ધર્મને મલિન બનાવનારા દોષોને ઓળખો**
લેખક-સંપાદક : પૂ.મુ. શ્રી સંયમકીર્તિ મ. સા.
પ્રકાશક : સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ
અમદાવાદ. મૂલ્ય સદુપયોગ

(૨) **યુગપ્રધાન દાદાસાહેબ પાર્શ્વચંદ્ર સૂરિ જીવન-દર્શન**
લેખક : પ.પૂ.મહોપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મ. સા.
અનુવાદક-સંપાદક : રાજા બોઠિયા
પ્રકાશક : શ્રી પાર્શ્વચંદ્ર જૈન ગચ્છ, મહાવીર સ્વામી જિનાલય. આસાનિયા ચોક, બિકાનેર.

(૩) **સમય આયોજન એટલે સ્વ આયોજન**
લેખક : પ્રવીણચંદ્ર ઠાકર
પ્રકાશક : વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, C/o. બાળ કેળવણી મંદિર, બગસરા, જિ. અમરેલી. ફોન (૦૨૭૯૬) ૨૨૨૪૭૯.
મો. : ૯૪૨૬૯૬૫૨૩૪. મૂલ્ય: રૂા. ૨૫/-

(૪) **ચક્ષુદાન અને ચક્ષુબેંકની કાર્યવાહી**
લેખક : જશવંત બી. મહેતા.મૂલ્ય : રૂા. ૪૦/-
પ્રાપ્તિસ્થાન : ભાઈચંદ એમ. મહેતા, ચેરિટેબલ ટ્રસ્ટ, બી-૧૪૫/૧૪૬, મિત્તલ ટાવર, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
ફોન નં. ૦૨૨ ૬૬૧૫૦૫૦૫.

(૫) **Vegetarianism.**
Jaswant B. Mehta
Published by Bhaichand M. Mehta Charitable Trust, Mittal Tower, Nariman Point, Mumbai-400021.

(૬) **Peace & Harmony**
Dr. Utpala Kantilal Mody
Arham Spiritual Centre's Saurashtra Kesari Pranguru Jain Phelosophical Centre.
Price : Rs. 150/-

✱✱✱

મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩

'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'

મૃત્યુ નો અવસર

(અનુસંધાન પાના છેલ્લાનું ચાલુ)

તે ક્ષણે આવે તો એને ઉત્સાહથી વધાવીશ. કદાચ એવું પણ બને કે આ લેખ લખતાં લખતાં જ મારું માથું ઢળી જાય તો...એ પણ મને ગમતી વાત છે. 'જંગલ કિંગ' નામની એક ફિલ્મમાં માસ્તર મધુલાલ કરીને ખૂબ ઓછા જાણીતા, પણ, સુંદર ગીતોના લેખક, તેમણે એક સરસ વાત કહી છે.

'પરેશાં હૈ ક્યૂં, ફિક્ર કી બાત ક્યા હૈ
મુસાફિર, તું મંઝીલ કે પાસ આ ગયા હૈ
તુઝે અબ મિલેગા તેરે સબ્ર કા ફલ
નહીં દૂર વો, જિસ કો તું ઢૂંઢતા હૈ...'

અબ્રાહમ મેસલો-૮૦ વર્ષ વટાવ્યા પછીનો એમનો સ્થાયીભાવ કંઈક આવો હતો.

અત્યારનો આ કલાક અંતિમ કલાક હોઈ શકે છે.

અત્યારે લખાઈ રહેલો આ લેખ છેલ્લો લેખ હોઈ શકે છે.

ધરાઈને પ્રેમ કરી લે અને વિચારપૂર્વક છોડવા જેવું છોડી દે.

એક ભલો દેવદૂત સ્મિતપૂર્વક તમારી રાહ જોઈ રહ્યો છે.

એ દેવદૂત તારો દુશ્મન નથી, તારો પરમ મિત્ર છે.

લોભ, મોહ, વેર અને ઈર્ષ્યામાં આખું જીવન વીતી ગયું.

હવે તારે `delete' બટન દબાવવું છે કે નહિ ?

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

પરિણામે બેન સેજલ આ લેખકનું નામ મોહન પટેલની જગ્યાએ સ્વમોહન પટેલ લખે તો તેનો મને સહેજ પણ ખચકાટ નથી.

એચ. જી. વેલ્સ બ્રિટનના મહાન સમાજવાદી નવલકથાકાર અને ચિંતક હતા. તેને યાદ કરું છું.

હે મારા નાના બાળ
તારાં રમકડાં ભેગાં કરી દે
અને
પથારી પાસેના ટેબલ પર બરાબર
ગોઠવી દે.
હવે તારો
સુવાનો સમય થઈ ગયો છે ! ✱ ✱ ✱

The red carpet unfolds again...an amicable solution to Jain congregation !

☐ Prachi Dhanwant Shah

Knowledge and doctrine open the door, and there comes an opportunity to compass it, a persona of amalgamation leading to wisdom and insight. The parasol unfolds, and again an auspice explicitly "JAINA Convention" marks down its dates leading to history in North America.

Certainly, it could be sporadic that the antiquity of JAINA Convention is anonymous. JAINA is a Federation of Jain Associations in North America. Instigated through the inspirational proceeds by Acharya Shri Sushil Kumarji and Gurudev Shri Chitrabhanuji, the focal objectives and spurs of this coalition are to keep Jain religious ethics thriving on this foreign land. The historical date when foremost JAINA CONVENTION was organized, was in the year 1981. Periodically then after, every two years JAINA federation orchestrates this ostentatious event in various states of North America. This federation brings together all the Jain Associations of North America and Canada under one roof. The intents being, dissemination of Jain way of life, Jain philosophy, Jain culture and keeping the Jain bequest vibrant in current epoch of the world. Spreading the stream of Jain religious facade when being miles away from its roots, the scenario of the detour is certainly very much plausible. This year, I have been fortunate, as JCNJ (Jain Center of New Jersey) brings JAINA convention to unfurl its wings on the foregrounds of the state and town where I reside – Edison, N.J. And so are opportune, all the Jain's residing in New Jersey.

JAINA is the body which brings all the Jains of North America together irrespective of its rituals, tradition, language, regions and customs. Substantially, it is also a forum to foster friendship and acquaintance with a fellow Jain community of North America. In appendage, this organization enables Jain Youth to endorse its roots and intermingle within the Jain grid. Although there could be a conflict in the vision of stern Jain cliques, with respects to the frivolous amendment of Jain rituals, while rejoicing this occasion. But keeping in mind the contemporary fact, that progress is arduous without a change, some trivial acceptance could be vindicated.

It is a discerned fact that Jain religion over the diaspora is just not an accustomed ethos of rituals and penance, but is incredibly opulent in its philosophy and culture. The right way of Jain life would certainly lead to the congruence of this mankind. And the pictorial outlay of this earthly life would emphatically be numinous. This is what unerringly is the prophetic prophecy of JAINA federation. It profoundly thrives to work on these grounds. Aspiring for amalgamating Jain vision, in the conviction of the existent generation, incarnate on this foreign land of North America.

Taking its milestones ahead, JAINA convention has come distant on its way with innovative Jain themes as a way of teachings and salutation. Since 1981, during every Biennial JAINA Convention conveys foci which are unique in its own illustrations. For instance, the convention offered a theme of "The Art of Living" in 2003; in 2005, it sightsaw the theme "Extending Jain Heritage in western environment"; in 2007 explicating the theme "Peace through dialogue"; in 2009 "Ecology the Jain way"; 2011 - "Live and help live"; 2013 JAINA convention presented the theme - "The Global Impact"; 2015 "Jainism: world of non-violence" and finally this year 2017 offers the much foretelling and pragmatic theme "Jainism and science" . This much-anticipated five-day event enables us to mark our calendar from 30th June 2017 to 4th July 2017. What a unique manner of celebrating American Independence Day with the ethos and legacy of such pious religion "Jainism". Merriment by means of Indulgent, disseminating Jain virtues and aura with an admissible aspect of science to it! These vision to Jain religion optimistically makes it appealable to the cohort thriving on this distant land and who are conscientious for the overlay of better tomorrow. Revealing Jainism as a religion of facts with the help of science will undoubtedly help pursue the legacy of Jain religion in near future. This acuity of Jain religion would not just be alluring to Jain community of North America, but all the communal bloke who would discover this diaspora of Jain knowledge. And when

this aura of right belief, right conduct, and right knowledge is inhaled with a personified panorama to it, one can very well envisage what a splendid ecosphere it would be to live on…

Wrapping up, I would just like to give a big round of applaud to JAINA organization for all the hard work, dedication and selfless efforts to keep the legacy alive on this foreign land, far-flung from its heritage. Although, I did not intend to pen down any kind of propaganda of an organization on this podium of Prabhudh Jeevan. I probe clemency if so! Despite it took me through a carousel of a dilemma, I also could not hold my thoughts aback when the motives of such establishment are consequently enticing.

My solitary objective following my words is my strong belief in the fact….

"Appreciation of work well done is the opportunity to do more…"

✷✷✷

49,wood Ave, Edison, N.J-08820,U.S.A.
prachishah0809@gmail.com (+1-917-582-5643)

JAIN ART AND ARCHITECTURE

ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

LESSON – SEVENTEEN

❑ Dr. Kamini Gogri

Jain art refers to religious works of art associated with Jainism. Even though Jainism spread only in some parts of India, it has made a significant contribution to Indian art and architecture. In general Jain art broadly follows the contemporary style of Indian Buddhist and Hindu art, though the iconography, and the functional layout of temple buildings, reflects specific Jain needs. The artists and craftsmen producing most Jain art were probably not themselves Jain, but from local workshops patronized by all religions. This may not have been the case for illustrated manuscripts, where many of the oldest Indian survivals are Jain.

Jain iconography mostly has a sage in sitting or standing meditative posture without any clothes. Modern and medievial Jains built many temples, especially in western India. In particular the complex of five Dilwara Temples of the 11th to 13th centuries at Mount Abu in Rajasthan is a much-visited attraction. The Jain pilgrimage in Shatrunjay hills near Patilana, Gujarat is called "The city of Temples".

Jains mainly depict *tirthankara* or other important people in a seated or standing meditative posture, sometimes on a very large scale. *Yaksa* and *yaksini*, attendant spirits who guard the *tirthankara*, are usually shown with the Figures on various seals from the Indus Valley Civilisation bear similarity to *jaina* images, nude and in a meditative posture. The earliest known *jaina* image is in the Patna museum. It is approximately dated to the 3rd century BCE. Bronze images of the 23rd *tirthankara*, Parshva, can be seen in the Prince of Wales Museum, Mumbai, and in the Patna museum; these are dated to the 2nd century BCE. A sandalwood sculpture of Mahavira was carved during his lifetime, according to tradition. Later the practice of making images of wood was abandoned, other materials being substituted. The Chausa hoard and Akota Bronzes are excavated groups of bronze Jain figures.

Remnants of ancient *jaina* temples and cave temples can be found all around India. Notable among these are the Jain caves at Udaigiri Hills near Bhilsa in Madhya Pradesh and Ellora in Maharashtra, and the Jain temples at Dilwara near Mount Abu, Rajasthan. The Jain tower in Chittor, Rajasthan is a good example of Jain architecture. Decorated manuscripts are preserved in *jaina* libraries, containing diagrams from *jaina* cosmology. Most of the paintings and illustrations depict historical events, known as PanchKalyanaka, from the life of the *tirthankara*. Rishabha, the first *tirthankara*, is usually depicted in either the lotus position or *kayotsarga*, the standing position. He is distinguished from other *tirthankara* by the long locks of hair falling to his shoulders. Bull images also appear in his sculptures.[6] In paintings, incidents of his life, like his marriage and Indra's marking his forehead, are depicted. Other paintings show him presenting a pottery bowl to his followers; he is also seen painting a house, weaving, and being visited by his mother Marudevi. Each of the twenty-four *tirthankara* is associated with distinctive emblems, which are listed in such texts as *Tiloyapannati*, *Kahavaali* and *Pravacanasaarodhara*. Monolithic, 18 m statue of Bahubali referred to as "Gommateshvara",

built by the Ganga minister and commander Chavundaraya, is situated on a hilltop in Shravanabelagola in the Hassan district of Karnataka state.

Ayagapata

Ayagapata is a type of votive slab associated with worship in Jainism. Numerous such stone tablets discovered during excavations at ancient Jain sites like Kankali Tila near Mathura in India. Some of them date back to 1st century C.E. These slabs are decorated with objects and designs central to Jain worship such as the *stupa*, *dharmacakra* and *triratna*.

A large number of *ayagapata* (tablet of homage), votive tablets for offerings and the worship of *tirthankara*, were found at Mathura.

These stone tablets bear a resemblance to the earlier *Shilapatas* – stone tablets that were placed under trees to worship *Yakshas*. However, this was done by indigenous folk communities before Jainism originated suggesting that both have commonalities in rituals. A scholar on Jain art wrote about an *Ayagapata* discovered around Kankali Tila,"The technical name of such a tablet was *Ayagapata* meaning homage panel."

The contribution of Jain art to the mainstream art in India has been considerable. Every phase of Indian art is represented by a Jain version and each one of them is worthy of meticulous study and understanding. The great Jain temples and sculptured monuments of Karnataka, Maharashtra and Rajasthan are world-renowned. The most spectacular of all Jain temples are found at Ranakpur and Mount Abu in Rajasthan. Deogarh (Lalitpur, U.P.), Ellora, Badami and Aihole also have some of the important specimens of Jain Art.

Jain architecture cannot be accredited with a style of its own, for in the first place it was almost an offshoot of Hindu and Buddhist styles. In the initial years, many Jain temples were made adjoining the Buddhist temples following the Buddhist rock-cut style. Initially these temples were mainly carved out of rock faces and the use of bricks was almost negligible. However, in later years Jains started building temple-cities on hills based on the concept of mountains of immortality.

Compared to the number of Hindu temples in India, Jain temples are few and spaced out. The latter used to tear down their older, decaying temples and build new ones at the same site. On the other hand Jain temples had a certain militant aura around them, probably because of plunderers who may have carried away riches. Surrounded by embattled walls, the Jain temples are divided into wards in a manner similar to fortified cities with parapets and niches to repel armed aggression. Each ward in turn was guarded by massive bastions at its ends, with a fortified gateway as the main entrance. The reason being that Jain temples are the richest temples in the world, surpassing even Mughal buildings in terms of grandeur and material wealth.

The temple-cities were not built on a specific plan; instead they were the results of sporadic construction. Natural levels of the hill on which the 'city' was being built accommodated various levels so that as one goes higher so does the architecture and grandeur increases. Each temple, though, followed a set pattern, styles, designed on principles of architecture in use during the period. The only variation was in the form of frequent Chamukhs or four-faced temples. In these the image of a Tirthankar (fordmaker) would face four sides, or four Tirthankars would be placed back to back to face four cardinal points. Entry into this temple would be from four doors. The Chamukh temple of Lord Adinath is a characteristic example of the four-door temple. Built in 1618 AD on the site of an older structure, it houses a 23 sq. feet cell chamber. One doorway leads out to the assembly hall in front while the other three have porches leading into the main courtyard.

Interior Layout of Jain Temples

Usually the exits lead into a series of columned chambers into the central halls of the temple. These columns, standing around for no apparent purpose, might make the place seem like a mindless labyrinth, but on closer scrutiny it becomes evident that there is a style and method in it.

Simply put, these are temples within a temple, divided into sanctums and surrounded by a range of chapels and shrines, and the maze of columns act as a defense against plunderers. The principle impression gathered from these temples is the variety of their sections but in harmony with each other. The pointed spires above each dome is different, yet it signifies the position of a chapel, hall or any other chamber inside.

The contribution of Jains towards art and architecture was specially important in view of the magnificent artistic creations, particularly in the forms of images, temples and paintings, spread all over the country and covering a time span in continuity from the earliest through the modern times.The Jain art with

profuse variety changes innovations and embellishments (barring Jina images) has never been monotonous also. The Indus Valley civilization (c. 2300-1750 BC) is the earliest civilization of India. The figures on some of the seals from Mohen-Jo-Daro and also a male torso from Harappa remind of the Jina images on account of their nudity and posture, similar to kayotsarga-mudra, which is exhibited more emphatically in Lohanipur torso. But nothing can be said with certainty until the Indus Valley script is deciphered finally. The earliest-known Jina image, preserved in the Patna Museum, comes from Lohanipur (Patna, Bihar) and is datable to c. third century BC. The nudity and the kayotsarga-mudra, suggesting rigorous austerity of the image were confined only to the Jinas. The two early bronze images of Parsvanatha, differently dated by scholars from 2nd century BC to 1st century AD are in the collections of the Prince of Wales Museum, Mumbai and Patna Museum. These figures provided respectively with the five- and seven-hooded snake canopy are rendered as sky-clad and standing in the kayotsarga-mudra. 1st century BC, bearing the figure of Parsvanatha, seated in dhyana-mudra in the centre, is in the collection of the State Museum, Lucknow (J. 253).The rendering of the Jinas in dhyana-mudra (seated cross-legged) and the representation of srivatsa in the centre of their chest appear for the first time in the Sunga-Kusana sculptures of Mathura. **[To Be Continued]**

76-C, Mangal Flat No. 15, 3rd Floor, Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019. Mo : 96193 / 79589 / 98191 79589. Email : kaminigogri@gmail.com

THE STORY OF *Bahubali – The son of Rishabhadeva* By Dr. Renuka Porwal

Bahubali and Bharat were the sons of first Tirthankar Rishabhdeva. Bahubali was tall, well built with very strong arms hence he was called Bahubali. Among the hundred brothers, Bharat was the eldest.

Before renouncing the world, Rishabhdeva distributed his vast kingdom between his sons. Bharat received the state of Vinita (Ayodhya) and Bahubali received the Takshashila kingdom (Podanpur). The divine Chakra-ratna developed in Bharat's Ayudh-shala, inspiring him to become a Chakravarti King. This Chakraratna, when used, never missed its target. His 98 brothers and other kings recognised him as their king except for Bahubali.

King Bahubali was strong enough to proclaim war against his elder brother Bharat. He had a special army for the protection of Takshashila so he rejected Bharat's sovereignty. Both brothers brought their huge army face to face on the battlefield. Ministers requested them to avoid violence and death of innocent animals and men during the war. So the two brothers wrestled without any weapons.

All attempts to defeat Bahubali failed. At last to win, Bharat ignored all the rules of war and used the mighty wheel against Bahubali. The characteristic of Chakra was that it wouldn't harm any of the blood relatives, so it returned without harming him. Bahubali was very furious with Bharat as he had violated the rules, so he raised his hand to smash him with his fist.

All of a sudden, he thought; what I will get by killing my brother for just a piece of land which too was given by our father? He shivered thinking of his blow could have turned fatal. Finally he changed his mind and instead pulled out his hair with the raised hand, as a sign of renouncing the world. Immediately he left the place and went on a hill for meditation.

Bahubali chose the path of Rishabhadeva but his pride became an obstacle in getting enlightenment. Many years passed, creepers grew on his feet and arms but he couldn't get Kevaljnan. His two sisters requested him, "You need to come down from the elephant as you will not get the ultimate knowledge with so much pride in your soul. Bahubali realised the significance of his sisters' words and decided to bow down to Bharat. As soon as he stepped forward, he received the Kevaljnan.

In memory of the mighty king Bahubali, a colossal 57 feet, monolithic image was established by Gommat - Vir Martand Chamundrai, 1000 years ago at Sravan-bel-gola in Karnataka. It was carved from a hill and is now considered world's heritage. Many wall paintings and murals in Jaina shrines and caves also have the depiction of Bahubali performing meditation.

Bahubali – The Son of Rishabhadeva - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

Bahubali and Bharat were the sons of Tirthankar Rishabhdeva. Bahubali was tall, well built with very strong arms, hence was called Bahubali.



Bahubali rejected Bharat's sovereignty resulting in a wrestling duel between the brothers. Angered at the use of the Chakra-ratna, Bahubali raised his hand to smash him & instead pulled out his hair, renouncing the world.

Bahubali meditated for many years but couldn't attain Kevaljnan. His sisters requested, "You need to come down from the elephant as you will not get the ultimate knowledge with pride in your soul." As soon as he stepped forward to go to bow down to Bharat, he received Kevaljnan.



In the memory of king Bahubali, a colossal 57 ft image was established by Gommat- Vir Martand Chamundrai, 1000 years ago at Sravan-bel-gola in Karnataka.



Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2017, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18

'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'

મૃત્યુનો ઉત્સવ

શ્રીમદ્ રાજચંદ્રે ગાયું -
એક રૂડો અવસર આવશે...
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરીશું કવ મહત્પુરુષને પંથ જો?
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
ગજા વગરનો હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

મને ૮૮ વર્ષ થયાં. લાંબી જિંદગી જોઈ નાખી, ઘણું બધું જોયું, જાણ્યું-માણ્યું અને અનુભવ્યું. જિંદગીમાં મીઠા-કડવા ઘૂંટ પણ પીધા. કોઈ લાલસાઓ, વાંછનાઓ કે તમન્નાઓ હવે બાકી રહી નથી. કામ કરતો રહું છું. પણ, કંઈક મેળવી લેવા કે તેવા ઉદ્દેશ કે ભાવથી નહિ. કુદરતે સારું અને તંદુરસ્ત શરીર આપ્યું છે લાંબા જીવનની દડમજલ કાપી છે. ખાસ્સો એવો અનુભવ છે અને તે અનુભવોનું ભાથું સાથે લઈને ફરું છું. તેનો ઉપયોગ રચનાત્મક કાર્યોમાં થાય, સમાજ-સેવાની સંસ્થાઓ કે કોઈ લખાણ-પ્રવચન જેવી સાહિત્યિક પ્રવૃત્તિઓમાં. જન્મે ખેડૂત છું અને અનુભવે ઉદ્યોજક એટલે તે દિશામાં જે બધું કામમાં આવે એ જ માત્ર ઉદ્દેશ. તેમાંથી કંઈ વધારે પૈસા મળી જાય કે વધારે ધનવાન થવાની તેવી કોઈ લાલચ, લાલસા રહી નથી.

આગળનું શેષ જીવન પ્રવૃત્તિમય જાય. નવરાશ હોય, શરીર તંદુરસ્ત હોય તો તે પ્રમાણે પ્રવૃત્તિઓ વધારે કે ઓછી. પણ, એકેએક મિનિટનો સદુપયોગ થાય તેવી ઈચ્છા. મને એવું ગમે જો, કોઈએ મને મળવું હોય તો સામે કહે; 'ભાઈ, મોહનભાઈને મળવું છે ને? ટાઈમ લઈને જજો. એ હજાર પ્રવૃત્તિઓ લઈને બેઠેલો માણસ છે.' અને મને એવું તો ન જ ગમે કે જ્યારે એમ કહેવાય; મોહનભાઈને મળવું છે ને? અરે! જાવને ભાઈ એ તો રીટાયર્ડ માણસ છે. ઘેરે જ મળી જશે.' અને આમ કરતાં કરતાં આ શેષ જીવન ભલે ૧૦૦ દિવસનું હોય કે પછી ૧,૨,૩, કે ૫ વર્ષનું હોય. મને મારી તંદુરસ્તી જોઈને ઘણા લોકો અભિપ્રાય આપે, સંતપુરુષો આશીર્વાદ આપે, તમે ૧૦૦ વર્ષના થવાના. પણ, મને પોતાને કોઈ વસવસો કે અભરખો નથી. મને ૧૦૦ વર્ષ શું, ૧૦૦ દિવસ પણ પૂરતા છે. સિવાય કે, હું પ્રવૃત્તિમય રહું, માંદો પડીને, ખાટલે પડીને નાહકના કુટુંબીઓ કે સ્નેહીજનોને માથે ન પડું. એક સડેલા શરીરને સાચવી રાખવાનો શું અર્થ? તેમાંથી આપણું પ્રાણપંખેરું જેટલું બને એટલું જલ્દી ઊડી જાય અને એ ખાલી ખોખું રહી જાય તેનો સાચા વ્યવહારે નિકાલ થાય.

સડેલા શરીરને સાચવવું શું કામ?

અને ખાસ તો પેલું આદિ શંકરાચાર્યે કહ્યું છે ને,

अंगम् गलितं पलितं मूंडम्
दर्शनविहीनं जातं तुंडम् ।
वृध्धो याति गृहीत्वादंडम्
तदपि न मुंचति आशापिंडम् ।।

તેવું મારે ન જોઈએ. ખાટલે પડેલાને ઘણી વખત ભાન ન હોય અને સગાંવહાલાંઓ એનાં વરસો ગણે. આખું જીવન પ્રભુ પ્રાર્થના કરીએ એના દર્શન માટે તલપાપડ હોઈએ અને આપણા જીવનનો સૌથી મંગલ અવસર આવીને ઊભો રહે ત્યારે તેનો આનંદ હોય કે પછી દુ:ખ હોય! આથી જ જૈન મુનિઓમાં સંથારો લેવાની પ્રથા છે તેમાં કશું જ ખોટું નથી સિવાય કે તે સ્વેચ્છાથી હોય, લાચારીથી કે બળજબરીથી ન હોય.

ઈશ્વર ક્યાં છે? તેને શોધવા આખી જિંદગી વલખાં મારીએ અને ખરેખર જ્યારે એની પાસે પહોંચવાનું હોય તો એનું દુ:ખ શાનું?

जातस्य हि ध्रुवो मृत्यु - તે તો આપણે માનવજાત સારી રીતે સમજીએ છીએ, નજરો-નજર જોઈએ છીએ અને અનુભવીએ છીએ.

હું આ મૃત્યુ વિશેનો કકળાટ બિલકુલ અનુભવતો નથી. મેં તો એ આત્માવિહીન શરીર પણ લોકાર્થે સમર્પણ કરી દીધું છે એટલે, જો, મારા જીવનનાં અંતિમ સમય વિશે કંઈક લખવાનું હોય તો આ જ કે મૃત્યુ આવે તેને હું હસતા મોઢે સ્વીકારું છું તેનો કોઈ ક્ષોભ કે ડર નથી. હકીકતમાં, મૃત્યુ ગમે

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૮)

■ મોહનભાઈ પટેલ

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor:Sejal M. Shah.